ISSN : 2321-4880

સળંગ અંક-૨૯, વર્ષ-૮, એપ્રિલથી જૂન ૨૦૨૧

ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતું સામયિક

અતુલ્ય વારસો®

Know Your Identity



VISIT…

LANZAROTE

Caliente.com

અતુલ્ય વારસો

UPI Payments accepted here

HISTORICAL AND CULTURAL RESEARCH CENTRE

Scan QR Code below with your PSP App



Or Pay to VPA

HCRCINDIA.09@CMSIDFC

"DONATION APPEAL"

ગુજરાત રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવા માટે હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર નામની સંસ્થા ખુબજ કાર્યરત છે. અતુલ્ય વારસો ગુજરાતના યુવાનો સાથે રહીને વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, જેવી કે ગુજરાતના ઓછા જાણીતા સ્થાપત્યો વિષે શોધ સંશોધન કરીને તેનું દસ્તાવેજીકરણ કરે છે, અને પછી તેને અતુલ્ય વારસો ત્રિમાસિક મેગેઝીન દ્વારા લોકો સમક્ષ ઉજાગર કરે છે. હેરિટેજ વોક, હેરિટેજ ને ઉજાગર કરતા શેરી નાટકો, અતુલ્ય વારસો ટી પાર્ટી જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરીને ગુજરાતની જનતા ને માહિતગાર બનાવે છે. વર્તમાન કોરોના મહામારી વચ્ચે પણ અતુલ્ય વારસો આપ સમક્ષ ડિજિટલ સ્વરૂપે વિના મુલ્યે મેગેઝિન પ્રકાશિત કરી રહ્યા છીએ, અને આગામી સમયમાં અતુલ્ય વારસો સામયિક આપ સૌ સમક્ષ આપણા ગુજરાતના વારસાને ઉજાગર કરે તે માટે આપ સૌને એક વિનંતી છે.

વર્તમાન સમયમાં અતુલ્ય વારસો મેગેઝીન અને તેના દ્વારા થતી પ્રવૃત્તિને વેગ આપવા આપના આર્થિક સહાયની જરૂર હોઈ ઈચ્છિત ઓનલાઇન ફંડ જમા કરાવી શકો છો જે બદલ આપના આભારી છીએ.

Bank Details: IDFC Bank

Account Name: Historical and Cultural Research Centre

Branch - IDFC Bank, Gandhinagar

Account Number - 10051219020

IFSC Code: IDFB0042343

તંત્રી લેખ

અતુલ્ય વારસો



નમસ્કાર મિત્રો,

અતુલ્ય વારસો સામયિક કોરોનાની મહામારી વચ્ચે અને આર્થિક કટોકટી વચ્ચે પણ લોકો સમક્ષ પહોચતું રહે એ માટે અમારી ટીમ સક્રીય છે. આપ સૌનો પણ હંમેશા સહયોગ મળતો રહ્યો છે અને મળતો રહેશે તેવી આશા સાથે અમે અમારા પ્રયાસોમાં અવિરત કાર્યરત છીએ.

અમોએ વડનગર વિશેષાંક તૈયાર કરવા માટે સંપુર્ણ સંશોધન અને લેખોનું એકત્રિકિરણ પુર્ણ કર્યું છે પણ અમારી લાગણી વડનગર વિશેષાંકને પ્રિન્ટ સ્વરૂપે આપ સૌ સમક્ષ મુકવું છે માટે હજુ થોડા સમય બાદ અને અપેક્ષિત જગ્યાએથી જાહેરાતની મદદ આવી જાય ત્યારપછી જ આ અંક આપ સૌ માટે પ્રકાશિત કરીશું જેની નોંધ લેશો.

વધુમાં અતુલ્ય વારસોનાં બે પ્રકાશન વચ્ચેનું અંતર વધે નહી અને આપ સૌ નિરંતર રીતે અમારા પ્રકાશનને માણી શકો એ હેતુસર અમોએ અમારો એવા લેખ સંગ્રહો ધરાવતો અંક જે અમોએ અત્યારસુધી ડીઝીટલ સ્વરૂપે પ્રસારીત નથી કર્યો પણ આપ સૌ અને ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી નિવડી શકે તેમ છે તેને જરૂરી સુધારા-વધારા સાથે આપ સમક્ષ રજુ કરી રહ્યા છીએ, જે આપ સૌને માટે ઉપયોગી નિવડશે એવી અમને આશા છે.

વધુમાં અમો આપ સૌને એક અપિલ કરી રહ્યા છીએ કે આ સમયમાં અતુલ્ય વારસોની કામગીરી ટકાવી રાખવી ખુબ જ કઠીન થઈ રહી છે અને અતુલ્ય વારસો ખુબ જ નાણાકીય ભીડ ભોગવી રહ્યું છે. સામયિકનો એક અંક તૈયાર કરવા પાછળ મહેનત અને આર્થિક ખર્ચ જે થાય છે તે પ્રકાશક સિવાય અન્ય કોઈને સમજાવવું અઘરું છે. આપ સમક્ષ આવતી ૪૦ કે ૫૦ પાનાની અતુલ્ય વારસોની એક કોપી પાછળ એક માસની સતત મહેનત, વિવિધ લેખકો સાથે સંકલન, મળેલા લેખોને સુવ્યવસ્થિત ફોરમેટમાં તૈયાર કરી એડીટીગ અને પ્રુફ કરવું, ફોટોગ્રાફરો સાથે સંકલન કરી લેખને અનુરૂપ ફોટોગ્રાફ્સ મેળવવા અને નવીન જગ્યા હોય તો સ્થળ પર જઈને ફોટોગ્રાફી કરવી, લેઆઉટ-ડીઝાઈન માટે ટીમ સાથે મિટિંગ કરી એક સપ્તાહથી વધારે સમય સતત ડીઝાઈન કરવું, સોશિયલ મિડિયાની ટીમ સાથે સંકલન કરી આપ સૌ કોઈને સમયસર મળી જાય તેવી વ્યવસ્થા કરવી અને પ્રિન્ટ એડીશન પોસ્ટ અથવા કુરીયર દ્વારા ઘર કે ઓફીસ સુધી પહોચે તે માટે સંકલન કરવું, આ તમામ કામગીરી પાછળ આવતી મેનેજમેન્ટ કોસ્ટ અમે અમારા શોખનાં કારણે ક્યારેય ગણતરીમાં જ નથી લેતા. અમે અમારી ઈચ્છાથી અને એક શુભ હેતુસર કે ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર ઉજાગર કરવા અતુલ્ય વારસો સામયિકનો આરંભ કરેલો અને આપ સૌને તેમાં જોડવાનો પ્રયાસ કરેલો. આપ પણ અમારી લાગણી સમજી અમારી સાથે જોડાયેલ રહેશો અને આવા કપરા સમયમાં અમોને સહયોગી બની રહેશો તેવી આશા સહ...

- કપિલ ઠાકર

Published By:
Historical and Cultural Research Centre

સ્પર્ધાત્મક પરીક્ષાઓની



તૈયારી કરનાર તેમજ હેરિટેજ રસિકો માટે અતુલ્ય વારસો લાવી રહ્યું છે

જ્ઞાનનો ભંડાર...

ગુજરાતનાં ઈતિહાસ, પુરાતત્વ, સંસ્કૃતિ, કલા, મેળા-ઉત્સવો, વન્યજીવન જેવા અગત્યના વિષયોને સંકલિત કરી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરનારા સૌને ઉપયોગી નિવડે એવું પુસ્તક પ્રકાશન

નકલ મેળવવા એડવાન્સ બુકીંગ કરાવવા વિનંતી

Mr. Ronak Rana : +91 96019 71281

ISSN: 2321-4880
નોંધણી નંબર :
સોસાયટી નોંધણી નં.: ગુજ/૧૪૩૩૬/અ'વાદ.
જાહેર ટ્રસ્ટ નોંધણી નં.: એફ/૧૪૧૧૪૯/અ'વાદ.

પ્રકાશક :
હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર.

તંત્રી : કપિલ ઠાકર

સહતંત્રી : કિન્નરી શાહ

કો-ઓર્ડીનેટર: રોનક રાણા

ફોટોગ્રાફર : નરેન્દ્ર ઓતિયા

લેઆઉટ-ડિઝાઈન :
ગેમર ગ્રાફિક્સ : ઘાટલોડિયા, અમદાવાદ.
મો.: 7016808728

મુખપૃષ્ઠ : ગુજરાત કલા પ્રતિષ્ઠાન, સુરત

Keep in touch with us to Subscribe
Atulya Varso "Digital Edition" by:

9825129703, 9328312363
atulyavarso
@AtulyaVarso001
atulyavarso.magazine
atulyavarso@gmail.com
www.atulyavarso.com

અનુક્રમણિકા


07 PAGE
અતુલ્ય ગુજરાતઃ હેરિટેજ મંદિરો
લેખકઃ
કપિલ ઠાકર
નિકુંજ ઉમરેટીયા




11 PAGE
પંચતત્વમાં એક માટી
લેખકઃ
ડો. વિશાલ જોષી



16 PAGE
માટીનાં રમકડા
લેખકઃ
નરેન્દ્રકુમાર ઓતિયા



17 PAGE
માટીની મૂડી
લેખકઃ
કિર્તી ઠાકર



20 PAGE
અશ્વમેળાઓ અને અશ્વોની જુદી-જુદી રમતો
લેખકઃ
ડો. ઝેનેમાબીબી કાદરી



26 PAGE
પ્રજાપતિ તથા તેમનું માટીકામ અને માટીની કલાકૃતિઓ
લેખકઃ
ડો. પ્રભુ ઠક્કર



અનુક્રમણિકા


29 PAGE પુરાતત્વીય સંગ્રહાલય
લેખક: બુલબુલ હિંગ્લાજીઆ



વાગડ 32 PAGE
લેખક: મહાદેવ બારડ



સોનગઢનો કિલ્લો 37 PAGE
લેખક: ધર્મેશ પંડ્યા



39 PAGE પરિચય ગાથા પ્રો. રતન પરીમૂ

41 PAGE ન્યુઝ


49 PAGE ભુતાન

55 PAGE સ્પર્ધાત્મક પરીક્ષા વિશેષ

62 PAGE લોથલ

અમારા વિશે






અમે સમગ્ર ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારમાંથી તૈયાર થયેલી એક ટીમ "હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર (HCRC)" થકી આપણાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાની જાળવણી અને તેના પ્રચાર-પ્રસાર માટે વર્ષ ૨૦૦૮ થી કાર્યરત છીએ.

અમે મુખ્ય પાંચ મુદ્દાઓ પર કામગીરી કરીએ છીએ
(૧) સંશોધન અને સર્વેક્ષણ (૨) પ્રકાશન (૩) લોક જાગૃતિ
(૪) પુરારક્ષણ અને સાઈટ ડેવલોપમેન્ટ (૫) પ્રવાસન





Adalaj Vav, Amedabad



અતુલ્ય ગુજરાતઃ હેરિટેજ મંદિરો

લેખકઃ કપિલ ઠાકર, નિકુંજ ઉમરેટીયા



વૈવિધ્યપૂર્ણ કલા વારસાથી સજ્જ આપણું ગુજરાત રાજ્ય અનેક રીતે વિશેષ છે તેમાં પણ અંદાજીત ૫૦૦૦ વર્ષથી પણ વધારે જૂની માનવ સંસ્કૃતિનો ઈતિહાસ અહીં જોવા મળે છે. અનેકવિધ ધર્મ, જુદા જુદા શાસકો, વિવિધત્તમ વેપાર-વાણિજ્ય ધરાવતો આ પ્રદેશ વિશ્વની પ્રાચિનત્તમ સંસ્કૃતિઓમાં સ્થાન ધરાવે છે. પ્રાચીન કાળથી અનેકવિધ શાસકોએ આ પ્રદેશને કલા અને સ્થાપત્યની બાબતે સમૃધ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. જે તે શાસકો તરફથી પોતાના ઈષ્ટદેવ-દેવીને સ્થાપિત કરવા અતિ ભવ્ય દેવાલય પણ બાંધવામાં આવાતા, જેના બાંધકામમાં જે તે શાસકોએ જીવ રેડી દીધા હોય છે તેની સાબિતી જે-તે સ્મારકને વર્તમાન સ્થિતિ, વિશેષ બાંધણી અને શિલ્પ સ્થાપત્યની સમૃધ્ધિથી જોઈ શકાય છે. વળી, તત્કાલીન સમયે જ્યારે આજના જેવી આધુનિક સવલતો પણ ઉપસ્થિત નહોતી તે સમયે બાંધકામ કરવામાં આવેલા આ ભવ્ય મંદિરો આજે પણ અજાયબીનો ભાવ મનમાં પેદા કરે છે જેના ઉદાહરણરૂપે ગિરનાર પર્વત પરના ભવ્ય દેવાલયો, વિજયનગર પોળોનાં જંગલમાં આવેલા દેવાલયો કે પછી મોઢેરાનાં સૂર્યમંદિરની ભવ્ય કોતરણી લઈ શકાય.

ગુજરાતમાં દરેક જીલ્લાઓનાં નાના મોટા તમામ ગામ અને શહેરમાં પૌરાણિક મંદિરો આજે પણ ક્યાંક સચવાયેલા અથવા તો ક્યાંક ભગ્ન અવસ્થામાં જોવા મળે છે. પ્રાચીન મંદિરો ક્યાંક પુરાતત્વ વિભાગનાં તાબા હેઠળ છે તો ક્યાંક સ્થાનિક ગ્રામ પંચાયતનાં તાબા હેઠળ છે. પુરાતત્વ વિભાગમાં પણ કેન્દ્ર અને રાજ્ય એમ બે વિભાગમાં મંદિરો વહેચાયેલા છે. કેન્દ્રીય પુરાતત્વ વિભાગ હસ્તકનાં મંદિરો ઘણી સારી અવસ્થામાં અને સારી રીતે વ્યવસ્થાપન થતા જોઈએ શકાય છે જ્યારે રાજ્ય પુરાતત્વ વિભાગ રક્ષિત મંદિરોની સ્થિતિ બધે સારી હોય તેમ નથી તે હકીકત છે અને એ જ રીતે સ્થાનિક નગરપાલિકા કે ગ્રામ પંચાયત હસ્તક આવેલ મંદિરોની સ્થિતિ પણ બધે સારી હોય તે

જોવા મળતું નથી. હેરિટેજ મંદિરો કે જ્યાં વર્તમાન સમયમાં પણ પૂજન અર્ચન ચાલુ હોય અને મોટી સંખ્યામાં યાત્રિકો દર્શનાર્થે આવતા હોય તેવા દેવસ્થાનોને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર દ્વારા સ્થાનિક વહીવટીતંત્ર અને સ્થાનિક મંદિર ટ્રસ્ટ સાથે સંકલન કરી યાત્રિકલક્ષી વિકાસ કરવાની કામગીરી થતી હોય છે.

હવે બાકી રહ્યા એવા મંદિરો કે જે વર્તમાન સમયમાં ખંડીયર અવસ્થામાં છે અને જ્યાં કોઈ જ પ્રકારની પ્રાથમિક સવલત નથી જેમાં કેટલાક પુરાતત્વ વિભાગનાં હસ્તક અને કેટલાક સ્થાનિક વહીવટીતંત્રનાં હસ્તકનાં છે. આવા મંદિરોનાં વિકાસ માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે અને આ સમિતિ મારફત તબક્કાવાર હેરિટેજ મંદિરોનાં વિકાસ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ સાથે કેન્દ્ર સરકારની એક નવીન યોજના બહાર પાડવામાં આવી છે કે જેના થકી અતિ પૌરાણિક અને સ્થાપત્યકીય મહત્વ ધરાવતા સ્મારકોને ખાનગી સંસ્થાઓ અને કંપનીઓ દ્વારા દત્તક લઈ વિવિધ યાત્રિકલક્ષી સવલતોનો વિકાસ કરી શકાય.

'એડોપ્ટ અ હેરિટેજ' યોજના

'હેરિટેજ' ચાર અક્ષરનો આ શબ્દ જે કોઈ પણ ઇમારત, ધરોહર કે પછી કલા માટે વાપરવામાં આવે છે તેનું મૂલ્ય અનેકગણું વધી જાય છે અને લોકોમાં તેના ઇતિહાસ અને ઇતિહાસમાં તે સ્થાપત્ય દ્વારા કરાયેલા સાહસના કાર્યો વિશે જાણવાની ઉત્સુકતા વધે છે. આ વાત દરેક લોકો માટે નથી છતાં આજે પણ ઘણાં એવા લોકો છે જેમને હેરિટેજ સ્થાપત્ય પ્રત્યે આકર્ષણ છે તેઓ જરૂરથી આવા હેરિટેજ સ્થાપત્ય વિશે વધારે વિગત જાણવાની તસ્દી લેતા હોય છે.

આ બધા હેરિટેજ સ્થળોની જાળવણી પુરાતત્વ વિભાગ જે ભારતીય સરકારની એક પાંખ ગણાય છે તેમના દ્વારા કરવામાં આવે છે, પરંતુ ઘણી વખત અપૂરતા ફંડ અને ઓછી માનવ શક્તિના કારણે કેટલાક હેરિટેજ સ્થળોની જાળવણી ઉત્તમ રીતે થઈ શકતી નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૭ના સપ્ટેમ્બર મહિનામાં 'એડોપ્ટ એ હેરિટેજ' યોજના અમલમાં લાવી હતી. જે અંતર્ગત કોઈપણ ખાનગી સંસ્થા કે કંપની હેરિટેજ સ્થાપત્યને દત્તક લઇ શકે છે. જે માટે સરકાર અને કંપની વચ્ચે એક કરાર કરવામાં આવે છે, જેમાં દત્તક લેવા માટે કંપની સરકારને કેટલી રકમ ચૂકવશે અને દત્તક લીધેલા સ્થાપત્યની જાળવણી કેવી રીતે કરશે. ઉપરાંત બીજા ઘણા મુદ્દાઓનો પણ સમાવેશ આ કરારમાં કરવામાં આવે છે. આ યોજના જાણીને ઘણા લોકોને નવાઈ પણ લાગી હતી કે હેરિટેજને કેવી રીતે દત્તક આપી શકાય કારણ કે પ્રાઇવેટ કંપની નફો રળવા માટે હેરિટેજ સ્થળની મૂળ પરિસ્થિતિ પણ બદલી શકે છે. ઘણી વખત કંપની હેરિટેજ સ્થળોનો પોતાની માર્કેટિંગ સ્ટ્રેટેજી માટે પણ કરી શકે છે. પરંતુ આ વિશેની વિગતો સરકાર અને કંપની વચ્ચે થયેલા કરારમાં આલેખાયેલી હોય છે કે કંપની હેરિટેજ સ્થળને દત્તક લઈને ત્યાં કેવી અને કેટલી પ્રવુતિ કરી શકશે અને સરકાર પણ હેરિટેજ સ્થાપત્યને નુકશાન ન થાય તેવા કરારને જ યોગ્ય માનશે કારણ કે હેરિટેજનું મહત્ત્વ વૈશ્વિક સ્તરે પણ ઘણું હોય છે. જેથી સરકાર દ્વારા પણ ઘણી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હોય છે.

મોટાભાગના વિચારકોમાં 'એડોપ્ટ એ હેરિટેજ' યોજના વિશે મતભેદ છે, ઘણા એવું માને છે કે સરકાર દ્વારા હેરીટેજની જાળવણી બાબતે લેવામાં આવેલું આ એક ક્રાંતિકારી પગલું ગણી શકાય. કારણ કે, અત્યાર સુધી સરકારી એજન્સી દ્વારા હેરિટેજ સ્થાપત્યની જાળવણી કરવામાં આવતી હતી જેમાં અઢળક ખામીઓ જોવા મળતી હતી. જેના કારણે હેરિટેજ સ્થળની સાથે હેરિટેજની શાખને પણ નુકશાન થતું હતું, પરંતુ પ્રાઇવેટ કંપની પોતાનો લાભ જોઈને પણ હેરિટેજ સ્થાપત્યની જાળવણી યોગ્ય પદ્ધતિથી કરશે જેના કારણે હેરિટેજ સ્થળોની સફાઈ થશે અને જાળવણી પણ સારી રીતે કરી શકશે. ઉપરાંત ઘણા એવા કાર્યક્રમો દ્વારા પણ હેરિટેજ સ્થાપત્ય તરફ લોકોને આકર્ષી શકશે. સાથે જ લોકોને નજીવા દરે ટિકિટ લઈને પણ કંપની

દ્વારા હેરિટેજ સ્થળના ઇતિહાસ અને શા માટે જે તે સ્થળને હેરિટેજનો દરજ્જો મળ્યો તેવી માહિતી પણ આપવી શક્ય બની શકે છે. પ્રવાસન આકર્ષણ પણ વધશે. સૌથી અગત્યની બાબત પ્રાઇવેટ કંપનીના આવવાથી સિક્યોરિટી અને સેફ્ટીની બાબતમાં ચોક્કસ પણે વધારો થશે.

જ્યારે ઘણા લોકોનું એવું પણ માનવું છે કે, કંપની પોતાના લાભ અને નફા માટે હેરિટેજ સ્થાપત્યની મોરલ વેલ્યુને નુકસાન પણ પહોંચાડી શકે છે. ઉપરાંત એવા કાર્યક્રમો યોજીને હેરીટેજના ઈતિહાસને મેન્યુપ્લેટ પણ કરી શકે છે. પરંતુ આ યોજના દ્વારા હેરિટેજ સ્થાપત્યોને ચોક્કસપણે ફાયદો થશે. અત્યાર સુધીમાં મિનિસ્ટ્રી ઓફ કલ્ચર અને ટુરિઝમ વિભાગ દ્વારા ૮૭ જેટલા સ્થળોને 'એડોપ્ટ એ હેરિટેજ' ની કક્ષામાં મૂક્યા છે જે આગામી સમયમાં કોઈ ખાનગી સંસ્થાને દત્તક આપવામાં આવશે. સૌથી પહેલું દત્તક લેવાયેલું હેરિટેજ સ્થળમાં દિલ્હી સ્થિત લાલ કિલ્લાનો સમાવેશ થાય છે, જેને દાલમિયા ગ્રુપ દ્વારા ૫ વર્ષ માટે દત્તક લેવાયો છે જેની સામે દાલમિયા ગૃપ સરકારને ૨૫ કરોડ રૂપિયા પણ આપશે. આ હેરિટેજ સ્થળોને દત્તક લેવાની યોજના સારી છે કે ખરાબ તેને ઉજાગર કરતો ઉત્તમ નમૂનો છે કે પહેલા કરતા લાલ કિલ્લાની જાળવણી વધી છે, સિક્યોરિટી વધી છે, રાત્રે લાલ કિલ્લામાં અજવાળું થવાથી પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થયો છે.

હેરિટેજને દત્તક લેવા બાબતે સરકારની કેટલીક ગાઈડ લાઈન આર્કયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાની ગાઈડલાઈન ફોલો થવી ખૂબ જરૂરી, નહીં તો કરાર રદ્દ પણ થઈ શકે છે. કોઈ પણ સંસ્થા માટે સૌ પહેલા ૨ વર્ષ માટે માન્ય રહેશે અને ત્યાર બાદ તેમાં વધારો કરશે હેરિટેજ સ્થળની જાળવણી યોગ્ય પદ્ધતિથી કરવાની રહેશે અને હેરિટેજ સ્થાપત્યોને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું. એડોપ્ટ હેરિટેજની યાદીમાં ગુજરાતના ઘણા સ્થાપત્યો જેમ કે ચાંપાનેર, રાણ કી વાવ, પુરાતત્વીય સંગ્રહાલય - જામનગર, મહાબત મકબરા, ઘુમલીનું નવલખા મંદિર જેવા અનેક સ્મારકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એડોપ્ટ હેરિટેજની યોજના અંતર્ગત વેબસાઈટમાં દર્શાવેલ લીસ્ટમાં સમાવિષ્ટ ન હોય તેમ છતાં પણ અતિ ઉપયોગી હોય તેવા મંદિરો અને સ્મારકોને પણ જો તમે દત્તક લેવા માંગતા હોવ તો ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડનો અને પૌરાણિક મંદિર દત્તક લેવા માંગતા હોવ તો ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરનો સંપર્ક કરી શકાય.



RANI-KI-VAV, PATAN



ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રાજ્યમાં આવેલ હેરિટેજ મંદિરોનાં વિકાસ માટે એક પહેલ કરવામાં આવી છે જે અંતર્ગત પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત અને અરક્ષિત મંદિરોનાં વિકાસ માટે ઈતિહાસ અને પુરાતત્વ વિષયનાં નિષ્ણાંત સભ્યોની એક સમિતિ રચવામાં આવી છે અને તેના થકી તબક્કાવાર અને પ્રદેશવાર હેરિટેજ મંદિરોનાં વિકાસ માટે કાર્યવાહી હાથ ધરાશે. સૌપ્રથમ હેરિટેજ મંદિરોમાં પ્રાથમિક સવલતો ઊભી કરવાના છીએ. કેન્દ્ર સરકારની "એડોપ્ટ અ હેરિટેજ" યોજનાએ ખરેખર એક આવકારજનક પહેલ છે અને આ યોજના થકી આપણી વૈભવી વિરાસતોનાં વિકાસને વેગ મળશે તેમજ દેશની ઐતિહાસિક ધરોહરની જાળવણી અને વિકાસ ખાનગી સંસ્થાઓની ભાગીદારી થકી ઝડપી બનશે. રાજ્યનાં હેરિટેજ મંદિરોનાં વિકાસનાં પ્રયાસોમાં જો કોઈ સક્ષમ ખાનગી સંસ્થા કે કંપની જોડાવવા માગતી હોય તો અમે તેમને આવકારીયે છીએ.

- કે. એમ. અધ્વર્યુ, સચિવ
ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ



કેન્દ્ર સરકાર દ્વારા આપણી વૈભવી વિરાસતને ઉજાગર કરવા અને તેની કાયમી સાર સંભાળ માટે ખાનગી સંસ્થાઓ/ કંપનીઓ આગળ આવે તેવા હેતુસર "એડોપ્ટ અ હેરિટેજ" યોજના અમલમાં મુકવામાં આવી છે.

સાચા અર્થમાં "આપણી ધરોહર - આપણી પહેચાન" બને તે બાબત આ યોજના અંતર્ગત પાર પાડવાનો મુખ્ય હેતુ છે. આપણું ગુજરાત રાજ્ય આમ પણ તમામ બાબતે અગ્રેસર રહ્યું છે એ જ રીતે ગુજરાતનાં પ્રવાસન ક્ષેત્રે આ યોજના થકી ખાનગી ક્ષેત્રે લોક ભાગીદારી વધશે તેવી મને આશા છે. આ યોજનામાં મહત્તમ લોકો જોડાઈ રાજ્યના હેરીટેજ સ્થળોને દત્તક લેવા આગળ આવે તેવી અમારી અપિલ છે.

- જેનુ દેવન (IAS), પ્રવાસન કમિશ્નર
અને મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ



'એડોપ્ટ એ હેરિટેજ' યોજના સરકાર દ્વારા હેરિટેજ સ્થાપત્યોની જાળવણી માટે લેવાયેલા ઉત્તમ પગલાંઓમાનું એક કહી શકાય. આ પગલાના લીધે સરકારની સીધી જવાબદારી ખાનગી સંસ્થાઓમાં વિભાજીત થઈ જશે, જેના પરિણામરૂપે હેરિટેજ સ્થાપત્યોની જાળવણી વધશે, મુસાફરો માટે સવલતો વધશે અને પ્રવાસીઓને હેરિટેજ સ્થાપત્યોની વિગતવાર માહિતી મળી શકશે'. એડોપ્ટ એ હેરિટેજ યોજના અંતર્ગત અમારા તરફથી દત્તક લીધેલી ચાર હેરિટેજ સાઈટમાં (મોઢેરા સૂર્ય મંદિર, પાટણની રાણ કી વાવ, ચાંપાનેર હેરિટેજ સાઈટ અને જૂનાગઢના ઉપરકોટમાં આવેલી બુદ્ધિસ્ટ ગુફાઓ) અમારી સંસ્થા દ્વારા લાઇટિંગ, ટુરિસ્ટ ફેસિલિટી, ઓનલાઈન બુકિંગ, સાઉન્ડ શો અને ટોયલેટ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ઉપરાંત બહારથી આવતા પ્રવાસીઓને ભાષામાં કોઈ વિઘ્ન આવે નહી તે માટે ૧૪ જેટલી વિવિધ ભાષામાં ઓડિયો સિસ્ટમ પણ વિકસાવવામાં આવશે. આ બધાની સાથે હેરિટેજના ઈતિહાસ અંગેની માહિતી લોકો સુધી પહોંચી શકે તે માટે રિસર્ચ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

- મનિષ શર્મા, અક્ષર ટ્રાવેલ્સ લિમીટેડ , અમદાવાદ

પંચતત્વમાં એક માટી

લેખકઃ ડૉ. વિશાલ જોષી

પ્રાગૈતિહાસિક યુગમાં માનવી જંગલી અવસ્થામાં હતો, તેમ છતાં તેને કળાની દ્રષ્ટિ અને સુઝ મળેલાં હતાં. આશરે ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ વર્ષ પહેલા પુરાતન માનવી પથ્થરનાં હથિયારો બનાવી વાપરતો હતો અને જ્યારે અગ્નિની શોધ તાજેતરની જ હતી ત્યારે તેમણે હથિયારોને કલાત્મક આકાર આપવાનો પ્રયત્ન કર્યો. નવરાશનાં સમયમાં તેમણે પથ્થર, પ્રાણીઓનાં શીંગડા, હાથીદાંત વગેરેમાં કોતરકામ શરુ કર્યું અને ચિત્રકામ તથા માટીકામ પણ શીખ્યો. સમય વહેતા તેમણે રખડું અને શિકારી જીવન ત્યજીને ઠરીઠામ થવાનું પગલું ભર્યું. પરિણામે તેની જરૂરીયાતો વધી.



સ્થાયી જીવન જીવવાના એના પ્રયાસોમાં એણે પ્રાણીઓ પાળવા માંડ્યા અને જરૂરી સાધનો બનાવવામાં પ્રાવિણ્ય મેળવ્યું. માટી પકવીને વાસણો બનાવવાનું શીખ્યો. કપડા વણવાનું શીખ્યો, લીપીની શરૂઆત થઈ અને એણે એવા જીવનની શરૂઆત કરી કે જેની ઉપર ઇતિહાસ, સંસ્કૃતિ અને માનવજીવનના સર્વ-દેશીય વિકાસનો પાયો ચણાયો. જેમ જેમ માનવના પોષાક અને ખોરાકનો વિકાસ થયો તેમ તેમને સંગ્રહવા અને તૈયાર કરવા અથવા પકવવાનાં સાધનોનો પણ સમયાંતરે વિકાસ થતો ગયો. એ સાધનો માટેનો સહેલાઈથી અને સૌથી વધુ ઉપલબ્ધ કાચો માલ તે કુદરતી માટી હતી. તેને કેળવી, ઘાટ ઘડી અગ્નિમાં તપાવી સુંદર વાસણો અને સાધનો તે બનાવતો થયો. એ રીતે માનવજીવનની એક મહત્વની માટીકામની કળાનો ઉદ્ભવ થયો.

મોહેં-જો-દડો અને હડપ્પાનાં અવશેષોનાં સંશોધનોના આધારે ફલીત થાય છે કે પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ઉદ્ભવ સ્થાન સિંધુની ખીણનો પ્રદેશ હતો. તે ભારતીય સંસ્કૃતિના અવશેષોમાંથી મળી આવેલા સીલ,

માટીનાં વાસણો, મુર્તિઓ, વગેરે વસ્તુઓ ઉપરથી જાણી શકાય અને તે અવશેષો સુમેરિયન સંસ્કૃતિની અસર થયેલી.

આ સિંધુ ખીણની સંસ્કૃતિનો વિસ્તાર સતલથી માંડીને બલુચિસ્તાન અને સમરકંદ સુધી પથરાયેલ હતો. તે સમયની પ્રજાએ કલાના ક્ષેત્રમાં પણ ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરી હતી. લોથલમાંથી મેળવાયેલ માટીનાં પાત્ર નંબર ત્રણમાં ભૌમિતિક આકારો વિશેષ છે. ફક્ત બે જ રંગમાં ઉપસાવેલી આ ભાત સાદી અને સુંદર લાગે છે. નવાઈ પામવા જેવી વાત તો એ છે કે સુતર કાંતવા માટેનો રેંટીયો અને ત્રાક પણ માટીનાં બનાવતા હતા. મોહેં-જો-દડો અને હડપ્પામાંથી મળેલા નિત્ય વપરાશનાં માટીનાં વાસણો અને મુંડદા દાટવાની માટીની કોઠીઓ ઉપર ખૂબ સુંદર અને અલંકૃત ભાત છે. આ ઉપરથી ફલીત થાય છે કે એ પ્રજાનો કલાપ્રેમ મરણનાં અતિમ ક્ષેત્ર સુધી વિસ્તરેલો હતો. રૂપર (અંબાલા) નાં ખોદકામમાંથી મળેલું મડદું દાટવાનું વાસણ અને તેની સાથે દટાયેલ ઘડો અને તાવડીઓ એની સાક્ષી પુરે છે. ખંભાતના અખાત નજીક અમદાવાદ જીલ્લામાં આવેલા "લોથલ" નાં ખોદકામ ઉપરથી સંશોધનના પરિણામે પુરાતત્વ ખાતાએ જાહેર કર્યું છે કે "એના અવશેષોમાં મળેલાં કુંભારોની કળા દર્શાવતાં નકશીકામવાળાં માટીનાં વાસણો સિંધુ ખીણમાં આવેલા મોહેં-જો-દડો અને હડપ્પા સંસ્કૃતિના વાસણો સાથે મળતા આવે છે." અમરેલી અને સોમનાથ ખાતે થયેલાં ખોદકામમાં પણ ઈ.સ.પૂ. ત્રણ સૈકાઓ પહેલાનાં માટીકામની કળાનાં સુદર ચટકાવાળાં અને અસ્તરવાળા વાસણો મળી આવ્યા છે. અમરેલીમાંના માટીકામ ઉપરની આકૃતિઓ કલાત્મક છે. ખંભાતની ઉત્તરે બે માઈલ પર આવેલા "નગરા" નામના નાના ગામ પાસે ખોદકામમાંથી ઘણાં આધારભૂત માટીના અવશેષો મેળવ્યા છે તેમાં ઘુંટલા લાલ માટીનાં વાસણો મૂક્યા છે. સૌરાષ્ટ્રમાં રંગપુર, રોઝડી, લાખા બાવળ અને અમરા વગેરે સ્થળોનાં ખોદકામમાંથી મળી આવેલા લાલ પોલિશવાળા માટીના વાસણો, ઘડાઓ, નાની મોટી મૂર્તિઓ તથા તારાંકિત અને માનવ આકૃતિવાળા માટીની મુદ્રાઓ વગેરે માટીકામની કળાના વિકાસનું પ્રમાણ દર્શાવે છે.

માટીકામ કળાનાં આધુનિક વિસ્તૃત ક્ષેત્રને આવરી લેતો પર્યાય શબ્દ સિરામીક્સ છે. વાંકાનેરમાં વિશિષ્ટ પ્રકારની માટી મળતી હોવાથી ઈ.સ. ૧૯૮૧ માં "ઈન્ડિયન પોટરી વર્કસ" ની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં ખાસ પ્રકારનાં વિવિધ માટીનો ઉપયોગ થાય છે જેમ કે પોરસેલીન વાસણો - આ માટીનાં વાસણો ઉંચા ઉષ્ણતામાન સુધી તપાવવા છતાં તેમનામાં તરડ પડતી નથી કે તુટી જતાં નથી એટલે તેમનો ઉપયોગ મુખ્યત્વે વિજ્ઞાનની પ્રયોગશાળાઓ માટેની કુલ્લીઓ, બાષ્પીભવન માટેની રકાબીઓ તરીકે થાય છે. ક્રોકરી નામની માટીમાંથી પ્યાલા, રકાબીઓ, વાટકીઓ, ચલાણીઓ, મોટા કટોરાઓ, કિટલીઓ, લોટા, તાસકો વગેરે ખાનપાનમાં ઉપયોગમાં આવતા વાસણો બનાવવામાં આવે છે. આ ઉપરાંત ચિનાઈ માટીમાંથી આજે તો અનેકવિધ વસ્તુઓ બનાવી અને પોટરી ઉદ્યોગનો વિકાસ થયો છે. જેમાં વાંકાનેર, થાનગઢ અને મોરબી જેવા શહેરોમાં આ ઉદ્યોગ ખૂબ વિકાસ પામ્યો છે.

સેનેટરી સાધનો અને ગૃહઉપયોગી વસ્તુઓ આજે ચિનાઈ માટીમાંથી તૈયાર થાય છે. જેમ કે દર્દીઓ માટેનાં મુત્રપાત્ર, ગળફાથૂંક માટેનાં વાસણો, દુધ કે સુપ પીવાના પ્યાલા, ઓપરેશન ટ્રે, સ્ટરીલાઈઝીંગ બેસીન, દવા ભરવાના બાટલા, મલમો ભરવાનાં દાબડા, પીવાના પાણી નળ, જળદાની, વાસણો સાફ કરવાની કુંડી, ફ્લશ જાજરુ અને તેના મરઘા, સ્નાન ગૃહની કુંડી, આ ઉપરાંત પોરસેલિન અને ચિનાઈ માટી વિદ્યુત અવાહક હોય તેમનો ઉપયોગ વિદ્યુતના સાધનો જેવાં કે સ્વિચીઝ,

ઈન્સ્યુલેટેડ પ્લગ્ઝ, ફ્યુઝ સોકેટ્સ, સરકીટ બ્રેકર્સ, લેપ હોલ્ડર્સ, ઈન્સ્યુલેટિંગ બ્રિક્સ વગેરે બનાવવા થાય છે.

માટીના રમકડાં પણ ચિનાઈ માટી અને સામાન્ય માટીમાંથી બનાવવામાં આવે છે. જેમાં પુજ્ય ગાંધીજી બાપુનું ત્રણ વાંદરાનું રમકડું પણ ચિનાઈ માટીનું હતું. આ રમકડા અને બીજા સુશોભન પાત્રો નાના બાળકને રમવાના રમકડાનાં કદથી પૂર્ણ મનુષ્ય કે પ્રાણીના કદના બનાવી શકાય છે.

ઘર વપરાશનાં સામાન્ય માટીનાં વાસણો કાળી ચીકણી માટીમાંથી બનાવાયા છે. એક અગત્યનાં ગૃહઉદ્યોગમાં માટીકામનો ઉદ્યોગ આજે અર્થવ્યવસ્થામાં યોગદાન આપે છે. માટીનાં ગૃહઉપયોગી વાસણોની બનાવટમાં સ્થાનિક ઉપલબ્ધ કાચોમાલ અને માટીની કુમાશ પ્રમાણે વાસણોની પડની જાડાઈ રચાય છે. સારી ચીકણી માટીનાં વાસણોનું પડ પાતળું પણ મજબુત હોય છે. માટીની ચીકાશ ઓછી હોય તો પડ જાડુ રાખવું પડે છે.

કુંભારોનો આ હસ્તકલા ઉદ્યોગ સંસ્કૃતિની શરૂઆતથી આજદિન સુધી લગભગ સતત ચાલ્યો આવે છે. આજે પણ માટીને એક જ ઢબથી મસળી, કાલવી, ઠારીને યોગ્ય રીતે કેળવી ચાકડા ઉપર ચઢાવીને જુદા જુદા આકારો કુંભારો હસ્તકળાથી તૈયાર કરે છે. જોકે હવે તેમાં યંત્રનો ઉપયોગ થવા લાગ્યો પણ હાથેથી ચાકડો ફેરવી અને જે તૈયાર કરવામાં આવે છે તેનાં જેવી ગુણવત્તા આમાં જોવા મળતી નથી.

મકાન બાંધવાની સામાન્ય ઇંટોની બનાવટ મોટે ભાગે હજુ ગૃહઉદ્યોગ તરીકે જ ચાલુ છે. પણ મોટા શહેરોમાં બાંધકામ વધી જતાં એની માંગ પુષ્કળ વધી ગઈ છે. તેમજ આજુબાજુ નજીકનાં સ્થળોએ ઇંટો પકવવા માટે ગાંડામાંની ચાલુ સામાન્ય ભઠ્ઠી ને બદલે ચીમનીઓ વાળી ચેમ્બર ભઠ્ઠીઓ ઉપયોગમાં લેવાય છે. ઇંટોની બનાવટ મુખ્યત્વે રેતી વિનાની લાલ કે તપકીરીયા સાધારણ ચીંકણી માટીમાંથી થાય છે. તેમાં બહુ કુમાશવાળી માટી વપરાતી નથી. ઇંટોના કેટલાક મોટા ભઠ્ઠાઓમાં ઈટોનો ઢાળ હવે યાંત્રિક ગોઠવણથી થવા લાગ્યો છે. મકાન પરનાં છાપરામાં લોહનાં ભસ્મવાળી લાલ માટીનો ઉપયોગ કરી અને નળિયા બનાવવામાં વપરાય છે. ઇંટોમાં વપરાતી માટી કરતાં તે વધુ ચીકાશવાળી જરૂરી છે. આ પ્રકારના નળિયાને વિલાયતી નળિયાં અથવા મેંગલોરી ટાઈલ્સ કહેવાય છે. છાપરા ઉપર બટન અથવા સીધી વાળીઓ ઉપર ગોઠવીને બધાં જ છાંપરાને પાટીયાંથી છાંઈ તે ઉપર ગોઠવીને છાપરું છવાય છે. દેશી નળિયાની બનાવટ કુંભારના ગૃહઉદ્યોગ તરીકે સામાન્ય ઇંટોની માફક જરૂરીયાતના સ્થળોએ સંક્રાંત થયેલી હોય છે.

ગુજરાતમાં પોરસેલીન માટી સૌરાષ્ટ્રમાં રાજકોટ જીલ્લો, ઉત્તર ગુજરાતમાં મહેસાણાં જીલ્લો અને દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લામાંથી મળી આવે છે અને ચિનાઈ માટી મુખ્યત્વે સાબરમતી નદીની પશ્ચિમબાજુએ મહેસાણા જિલ્લામાંથી મળી આવે છે. આ ઉપરાંત ચીકણી સામાન્ય માટી, ચુનાના પથ્થર, કાચો ચળકતો પથ્થર, ફેલ્ડેસ્પાર, ફ્લીંટ, ડોલોમાઈટ, ખળી, ગુરૂ, રાતા પીળા રંગવાળી માટી, અકીકનો પથ્થર વગેરે માટી ઉદ્યોગમાં જરૂરી માટી ગુજરાતનાં અલગ અલગ શહેરોમાંથી મળી આવે છે.

દરેક સંસ્કૃતિમાં માટીકામનો વિકાસ કરનાર સામાન્ય કુંભકાર (કુંભાર) હતો. વર્ષો વિત્યા છતાં પણ તેની હસ્તકલા અને કારીગરી આજે પણ એક અગત્યનાં ગૃહઉદ્યોગ તરીકે ચાલુ જ છે. ગ્રામ્ય વિસ્તારમાં તો એ માટીકામનો રાજા છે જ પણ શહેરી વિસ્તારમાં પણ માટીનાં વાસણો માટે એની મોનોપોલી ચાલુ જ છે. તેની આપણાં શહેરનાં બજારમાં ગૃહિણીઓને માટલાં, મટકીઓ, કુંજા, તાવડીઓ વગેરે ખરીદતી જોતાં પ્રતિતિ થાય છે. કાચો માલ એટલે માટીની શોધ એક ભુસ્તર શાસ્ત્રીની અદાથી

તે કરી શકે છે. અને તેનો જરૂરી જથ્થો ગ્રામ્ય વિસ્તારમાંથી મેળવી લે છે. પહેલાનાં વખતમાં એને એ માટી ખોદવાનો કંઈ કર ભરવો પડતો ન હતો પણ હાલ તો મોટે ભાગે તેણે ખોદકામની પરવાનગી લઈ અને ચોક્કસ દરે કર ભરવો પડે છે. કુંભાર માટીને ખોદી લાવી તેના બજેટ પ્રમાણેનો જથ્થો અમુક મહિના સુધી સંગ્રહી રાખે છે. જેથી તેની ઉપર આબોહવાની અસર ન પડે. તેમાંથી એક ગાળા માટેનો યોગ્ય જથ્થો કાઢી તેને ભાંગીને ચાળી નાખે છે. ત્યાર પછી પાણીનાં મોટા જથ્થામાં અમુક દિવસ સુધી બોળી રાખવામાં આવે છે પછીથી ઉપરનું વધારાનું પાણી નિતારી નાંખીને તેમાંથી ઝીંણા કાકરા હોય તે દૂર કરવામાં આવે છે. અને માટીને ઠરવા દેવામાં આવે છે. તેમાંનું વધારાનું ભૌતિક જળ બાષ્પીભવન થઈ ઉડી જાય છે અને માટી લોંદાનું રૂપ ધરે છે. પછીથી તેને યોગ્ય જથ્થામાં લઈ કુંભાર પોતાના પગ વડે ગુંદે છે આથી તે ચિકાસ પકડી ઘાટ ઘડવાને લાયક બને છે.

માટીકામની જુદી જુદી વસ્તુઓ તૈયાર કરવા માટેનું યંત્ર ચાકડો છે. તેના ઉપર માટીનો યોગ્ય જથ્થાનો પીંડો તે મુકે છે અને પછીથી ચાકોટા (છાબકણી) વડે ચાકડાને જોરથી ફેરવે છે. પોતાની આગવી હસ્તકલાથી તે પીંડામાંથી તે જરૂરી ઘાટ તૈયાર કરે છે. આ કાર્યમાં તેનો હાથ, આંગળીઓ અને જરૂરી દબાણ અગત્યનો ભાગ ભજવે છે. લોંદાના ઉપલા ભાગમાં બનેલા ઘાટને દોરી કે પટ્ટી વડે કાપી ઉતારી લે છે. અને ફરી નીચેના લોંદામાંથી બીજો ઘાટ ઘડવો શરુ કરે છે. તેની આંગળીઓ વડે તે વસ્તુઓની કિનારીઓ ઘડે છે. આ હસ્તકલા સાધારણ રીતે વંશપરંપરાગત ચાલતી આવે છે. તેના ધંધાકીય જ્ઞાન, અનુભવ, સુઝ વગેરેના ઉપયોગથી જુદા જુદા કલાત્મક ઘાટ ઘડી કાઢે છે. સુકાવા માટે કેટલીક વસ્તુઓ ખુલ્લી હવામાં મુકે છે જ્યારે ગોળાકારવાળી વસ્તુઓને ખાંયણીમાંથી રાખમાં દાબીને મુકે છે. જેથી તેમાનો ભેજ ધીરે ધીરે ચુસાઈ જાય અને વસ્તુઓ ઝડપથી સુકાઈ જતાં તરત પડે નહિં. વળી માટલાં, ઘડા જેવી ગોળાકાર અને ગોળ તળિયાવાળી વસ્તુઓને અંદરથી “પીન્ના” થી ટેકવી “ટાપલા” વડે ટીપે છે તેથી તેની અંદરની દિવાલો મજબૂત બને છે.

યોગ્ય રીતે સુકાઈ ગયા પછીથી વસ્તુઓને નિંભાડામાં તપાવામાં આવે છે. આ નિંભાડાની ગોઠવણી બે પ્રકારે કરવામાં આવે છે. એક ખુલ્લી ભઠ્ઠી અને બીજી બંધ ભઠ્ઠી. જે વસ્તુઓને રાતા રંગની બનાવવાની હોય તેમને ખુલ્લી ભઠ્ઠીમાં એવી રીતે ગોઠવવામાં આવે છે કે હવાનો પ્રવાહ અંદર જઈ શકે. જે વસ્તુઓને કાળો રંગ લાવવાનો હોય તેમને એકબીજાની ઉપર નજીક ગોઠવી બંધ ભઠ્ઠીમાં ખુલ્લા ભાગોને રાખથી બંધ કરી દઈ બાજુઓએ રાખેલા બોકરામાંથી બળતણ વડે તપાસવામાં આવે છે. તેમાંનો ધુમાડો બહાર નીકળી શકતો નથી. પ્રાણવાયુ દુરકરણ થવાથી બીજા વાયુઓ અને કાર્બનનું સંપૂર્ણ દહન થતું નથી એટલે તે વસ્તુઓ રંગે કાળી રહે છે.

સામાન્ય કુંભાર પણ તેને તૈયાર કરેલી માટીની વસ્તુઓને ઓપ ચઢાવવાની કળા પ્રાચીન કાળથી જાણતો આવ્યો છે. કાળા રંગની વસ્તુઓને અકીકના પથ્થરના મણકા વડે અને રાતા રંગની ચીજોને કાકચીયાની માળાથી માર કરવામાં આવે છે. માટીની ચીજોને સોનેરી કે રૂપેરી ઓપ ગેરૂનાં દ્રાવણ વડે ચઢાવાય છે. કાળા રંગના વાસણો ઉપર ચળકાટવાળો ઓપ ચઢાવવામાં માટે તેમને ભઠ્ઠીમાં તપાવતાં પહેલાં તેલ નાખેલી કાળી માટીનો તેમની ઉપર ઢોળ ચઢાવી પછી તાપ અપાય છે તેથી પાકા રૂપમાં તેમની સપાટી ઉપર આછો ચળકાટવાળો ઓપ આવે છે. માટીકામ ઉપર રંગ અને સુશોભન કરવા જુદા જુદા પદાર્થો વપરાય છે. સફેદ રંગનું સુશોભન કરવા તે ખળી વાપરે છે. સામાન્ય સફેદ કે આછો ભૂરો રંગ ચૂના અને ગળીથી કરવામાં આવે છે. એ ઉપરાંત બીજા રંગો તેવા રંગની ધાતુઓની ભસ્મોને તેલમાં

ભેળવી તે વડે કરવામાં આવે છે.

કલાત્મક તરાહ-ફુલપાનની વેલ, પ્રાણીઓનાં ચિત્રો વગેરેનું સુશોભન માટીની વસ્તુઓ ઉપર કરવામાં આવે છે. આ બધા સુશોભન મુખ્યત્વે હાથ વડે જ દોરવામાં આવે છે. કુંભાર અને તેની સ્ત્રીઓએ એમાં નિપુણતા મેળવેલી હોય છે. કુંભાર વસ્તુઓને મોટા જથ્થામાં બનાવે તો તેમને સંગ્રહવાની જગ્યાની ખોટ પડે તે માટે તે ઋતુની જરૂરિયાત પ્રમાણે ગાળે ગાળે માલ તૈયાર કરે છે. દા.ત. દીપોત્સવી આવતા પહેલાં ગરબા અને કોડિયા, તાડી ભેગી કરવાનો વખત આવતા પહેલાં તેનાં ઢોચકા, ઉનાળો આવતાં પહેલાં કુંજા અને માટલા.

સામાન્ય કુંભારો સ્થાનિક મળતા કાચા માલમાંથી રકમડા અને ધાર્મિક પુજા માટેની વસ્તુઓ માટીમાંથી બનાવે છે. તેમાંય ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણ શહેરની આજુબાજુના પ્રદેશમાં સારી માટીનો જથ્થો પ્રાપ્ત થાય છે. તેમાંથી ત્યાંના કુંભારો ઉત્તમ કારીગરીવાળા રમકડાં, ફુલદાનીઓ, ધૂપદાનીઓ, છોડનાં કુંડાઓ અને ટોલ્લા ઉપર મુકવાનાં સુશોભનો વગેરે બનાવે છે. દક્ષિણ ગુજરાતમાં સુરતથી સોનગઢ અને માંડવી સુધીના વિસ્તારમાં “દેવ કરવા જેવું” નો પ્રસંગ ઉજવાય છે. તેમાં ગ્રામજનો દેવને રિઝવવા માટે કુંભારના બનાવેલા માટીના દેવળ થી માંડીને નાનો માણસ, હાથી, ઘોડા, બળદ, ભેંસ, ગાય વગેરે રમકડાં જેની ઉપર સુંદર રંગકામ કરેલું હોય છે. તેવી જુદી જુદી વસ્તુઓ દેવને પ્રસંગ પ્રમાણે ચઢાવે છે. દા.ત. મૃત્યુ કે માંદગીની મોટી બાધાઓમાં મંદિર કે દેવળ મુકાય છે. બાધા ચઢાવી લોકો નાચણું અને ઉજાણી કરીને પાછા ફરે છે. આ એક અગત્યની લોકકલા છે તે દિવસે દિવસે ઝાંખી પડતી જાય છે. ટીમ અતુલ્ય વારસો દ્વારા આ વિસરાતી કલાનું મહત્વ લોકો સુધી પહોંચે એવા હેતુસર આ લેખ અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.





પાટણની જાણીતી કલા

માટીનાં રમકડા


લેખકઃ નરેન્દ્રકુમાર ઓતિયા



ગુજરાતની પ્રાચીન રાજધાની પાટણનું નામ અનેક રીતે જાણીતું છે જેમાં રાણ કી વાવ, પાટણનાં પટોળા તો વિશ્વ પ્રસિધ્ધ છે. પાટણની એવી જ એક જાણીતી કલા છે 'માટીનાં રમકડા'.

પાટણનાં પ્રજાપતિ સમાજ અને ખાસ કરીને ઓતિયા પરીવાર છેલ્લા છ-સાત પેઢીથી આ કલા સાથે સંકળાયેલી છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડે ચીમનલાલ ઓતિયાને માટીકલા ક્ષેત્રે વિશેષ કલાકાર તરીકે સન્માન્યા હતા. આજે પણ આ પરીવારનાં સભ્યોએ આ કલા સાચવી રાખી છે. પિતાશ્રી જયંતિલાલ ઓતિયા આજે પણ માટી કલાને ઉજાગર થાય તે માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં તાલિમ વર્ગો આયોજીત કરે છે. આજે પણ પાટણ ખાતે તેમના પરીવારનાં જ શ્રી ચીમનલાલ ઓતિયાના નામે માટીનાં રમકડાની દુકાન આવેલી છે, જે તેમના સુપુત્ર પેમેન્દ્ર ભોગીલાલ ઓતિયા દ્વારા ચલાવવામાં આવે છે. માટીનાં રમકડામાં આજે ગામઠી જીવનમાં ઉપયોગી દોણી, કુંડા, કડાયા, ધુપિયા, વાડકા અને હોકા જેવા રમકડા બનાવાય છે. ઉપરાંત બાળકોને રમત માટે ગલ્લા અને માટીની સિસોટી પણ બને છે. એથી વિશેષ મોર, પોપટ, ચકલી, કબૂતર, પાણી પીતો હાથી, જાદુઈ લોટો, વાસુદેવનો પ્યાલો, પાણીમાં તરતો કાચબો, નાગદેવતા, કાનુડો, શિવ પાર્વતી, ગણેશજીની મુર્તિઓ પ્રખ્યાત છે.







જયંતિલાલ ઓતિયા



માટીની મૂડી

લેખકઃ કિર્તી ઠાકર



દક્ષિણ ગુજરાતમાં વસતા સ્થાનિકોમાં ચૌધરી, ગામિત, ઢોડિયા, કોટવાળિયા, કુંકણાં વગેરે મુખ્ય છે. કોટવાળિયાં વાસનું કામ ટોપલાં, સુપડા વગેરે બનાવવાનું કામ કરે છે. જ્યારે બીજા બધાય ખેતી કરે છે. વર્ષોથી એ પ્રજા દબાયેલી રહી છે. કારણ કે ખેતી તેમની માલિકીની પહેલા ન હતી. હવે તે શક્ય બની છે. એમની એ સ્થિતિની ચર્ચા નહીં કરું. છતાં એટલું કહી દઉં કે એમનામાં જે ગુણો મેં જોયા છે. એ અમારા જેવા સુધરેલા શાહુકારોમાં જોયા નથી.

કામ, કામ ને કામ એ આ પ્રજાનું મુખ્ય લક્ષણ છે. એટલે જ દારૂની પણ લત ખરી પણ તે સ્ટીમ્યુલન્ટ તરીકે યા થાક ઉતારવાના એક સાધન તરીકે જ વાપરતા. એ લોકોના પોષાક પણ એવા કામને યોગ્ય, ચૌધરી બેનોનું લાલ કપડું કેવું સરસ છે. ગામિતનાં પેલાં પથ્થરનાં ઘરેણાં, ચૌધરીનાં પેલા ચાંદીના ઘરેણા, એમનો બાંધો પણ ગજબનો, બહેનોનું ચાલવું પણ છટાદાર લાગે, મને નાનપણથી આ લોકોની અવરજવર યાદ આવે છે. હોળી ચકલે ચૌધરી ભાઈઓ દોબડુ લઈને

નાચતા, જાણે કોઈ કાંઈ સુંદર પ્રાણીને એ લોકો સાથે લઈ આવ્યા હોય એવું પેલું ડોબરૂ શોભા આપે ! પેલી કોટવાળિયા બેનના પગમાં કડલાં, હાથમાં હીંચકાની દોરી બાજુમાં વાંસની ટોપલી, વાંસનું ઝુંપડું, પાસે ઝરણા વહેતા હોય, પીળા ચમકતી સોનેરી વાંસની ચીપોની અંદર કાળીએ નવયુવતી જાણે બ્રોન્જ સ્કલ્પચર જેવી લાગતી ધીરૂ ધીરૂ એ પેલું હાલરડું ગાતી, એવી જ રીતે એમના બાળકો ને પેલા ઘાસના મોર બનાવતા રમતા જોતો, એ જ છોકરાઓનું પેલું ગીત હજુ હું યાદ કરું છું !

"ડીલ્લી જાત્રા ભોજા ડીલ્લી જાત્રા જહવાના,
પાકલો આંબો ખાહવા
ભોજા પાકલો આંબો ખાહવના"
ડિલ્લી જાત્રાએ જઈને પાકેલી કેરી ખાવાના !

દેવ કરવા જવું :

એ લોકોને મન દેવ કરવા જવું એ એક બહુ જ અગત્યનો પ્રસંગ છે. "ખતરું મૂક" એમ પણ કહે છે. સૂરતથી સોનગઢ નવાપુર સુધીનાં વિસ્તાર અને આ તરફ માંડવી સુધી આ બધું જોવા મળે છે. જુદા જુદા એવા વિસેક સ્થાનો મોટા છે જ્યાં આ જાતની પૂજા થાય છે. એ સ્થાનોનાં નામ પણ કેવા? ગવાળાદેવ, ડુંગરદેવ, દેવલી માડી, કાકા બળિયા વગેરે. એક એક માણસ એમાં માને. કુંભાર લોકો આ બધા દેવલાં બનાવતા હોય છે. માટી જો કે બહુ સારી નહીં છતાં એ લોકો માટીમાં ને માટીમાં ઘણું કામ કરે છે.

માટીના દેવળથી માંડીને નાનો માણસ બધુંય હાથે કરે છે. ઘોડાના પણ બધા ભાગ હાથે જ, ડોક, મોઢું જુદુ, પગ જુદા એમ કરીને પછી જોડે છે. દેવળનો આકાર નાનાં મંદિર જેવો જ પણ નીચેથી ખુલ્લો અને આગળ એક બારણું જેવું મેં ઘણાય આકારો આવા બનતા જોયા છે.

(૧) મોટા દેવળ (૨) નાના દેવળ (૩) ગાય, કોઢ (૪) ઘોડો મોટા માણસ સાથે (૫) ઘોડો નાના માણસ સાથે (૬) ઘોડો માણસ વગર મોટો (૭) ઘોડો માણસ વગર નાનો (૮) બળદ (૯) ભેંસ (૧૦) પુરુષ (૧૧) સ્ત્રી (૧૨) ગોવાળ (૧૩) બાળક (૧૪) ડોબરાવાળો (૧૫) વાઘ (૧૬) હાથી મોટો (૧૭) હાથી નાનો (૧૮) વાછરડા (૧૯) અરીસા સાથે સ્ત્રી.

ઉપરના સ્વરૂપો ખાસ ઉપયોગમાં આવે છે. જુદા જુદા પ્રસંગોએ જુદા જુદા આકાર ચડાવવામાં આવે છે. ઘોડા ઘણે ભાગે મૃત્યુ અથવા મોટી બાધાઓમાં ચડાવવામાં આવે છે, જો કે ક્યાંક મંદિર, દેવળ પણ મુકવામાં આવે છે. આ બધાય સ્વરૂપો વિશે મેં કેટલુંક નોંધ્યું છે.

(૧) કુંભારમાં પણ ખાસ તેમની સ્ત્રીઓ વધારે બનાવે છે.

(૨) આ બધાય નક્કર સ્વરૂપો છે. પોલાણ મોટા નંગમાં ખરૂ

(૩) ખાસ કાચી માટીમાં વધુ કેળવણી નહીં, બળતણ પણ એક સરખું નહીં, જેથી ક્યારેક કાચા લાગે ક્યારેક વધુ બળેલા લાગે.

(૪) ગામે ગામનાં સ્વરૂપો જુદા દેખાય, ઘર ઘરના પણ જુદા.

(૫) એક ઘરમાં ૫૦ થી માંડીને ૫૦૦ નંગ સુધી હોઈ શકે.

(૬) કિંમત એક રૂપિયાથી માંડી ૧૦૦ રૂપિયા સુધી એક નંગનાં જઈ શકે છે. ૫૦ રૂા. વાળા નંગ વધુ ખપે.

(૭) પાક્યા પછી તેને સફેદ રંગ કરવામાં આવે છે.

(૮) ખીંટીઓ ગોખલામાં, ઓટલે અથવા માળ ઉપર રાખવામાં આવે છે.

(૯) આ વિવિધ આકારો લઈ જનાર ટોપલામાં લઈ જાય છે. ઘાસ મુકી વચ્ચે ઉભો રાખે, બાજુએ આડા પાડે વગેરે. માથે ઉંચકીને લઈ જવું વધુ પસંદ કરે છે. ક્યારે ગાદલામાં લઈ જતા નજરે ચઢે છે.

(૧૦) ખાસ કરીને આંગળાનો ઉપયોગ માટી ઉપર ખાસ દેખાય છે. ઘોડાની પીઠ, ડોક, આંખ બધે જ અંગૂઠા અથવા આંગળાની છાપ હશે.

(૧૧) કોઈપણ સાધનોનો ઉપયોગ દેવળમાં નહીં તો છેવટે લાકડાનાં માટલા થાપવાના હાથાનો ઉપયોગ કરે છે.

(૧૨) ત્રણ ઈંચથી માંડીને ત્રણ ફુટ સુધીની

ઉંચાઈના આ માટીનાં દેવલા જોવા મળે છે. આમ, આ ટેરાકોટા તૈયાર થઈને કુંભારને ઘરે બહાર દ્રષ્યમાન થાય છે. જેને જે દાદ માંગી લે તેવા સુંદર હોય છે.

આ બધા દેવલનાં સ્થાનકો જાણવા જેવા હોય છે. મને એમાં ત્રણ વસ્તુ જોવા મળી. એક તો એનું સ્થાન કુદરતના સાનિધ્યમાં હોય, બીજુ થોડું ભેદી લાગે એવું એટલે કે કોઈ પથ્થરની બખોલની અંદરની અંદર જોવા મળે, અને ત્રીજું વિસ્તારવાર એકાદ જોવા મળે એટલે કે એ રીતે સ્થાન શોધી કઢાયેલું લાગે છે.

ચૌધરી, ગામિત વગેરે સમાજના ભાઈઓ ઢોલ નગારા વગાડતા-વગાડતા નાનકડું સરઘસ કાઢી નિકળે અને જ્યાં દેવનું સ્થાન આવે ત્યાં પોતાનાં ગાડા છોડે. આવા પ્રસંગોમાં ક્યારેક સગા-સંબંધીઓ, તો વળી ક્યારેક આખું ગામ પણ જોડાતું હોય છે, જાણે કે મોટો ઉત્સવ હોય. આવા સમયે નૃત્ય મહત્વનું માધ્યમ બની જાય છે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટેનું. પૂજાવિધીમાં તેઓ ધજા ચડાવે, દીવો પ્રગટાવે, માટીમાંથી બનાવેલ ઘોડો, માણસ, ગાય જે લાવ્યા હોય તે મુકે અને ઉપર સિંદુરના છાંટા નાખે, ચાંદલા કરે અને પ્રસાદનું વિતરણ કરે. કેટલાંક પ્રસંગે મરઘા પણ ચડાવાય છે. કુંભારના ઘરે જોવા મળતો ઘોડો અહીં પૂજાવિધી બાદ કંઈક જુદો જ લાગે છે.

આવા સ્થાનો નાના નાના ગામમાં એકાદ હોય જ છે. આ રીતે મુકવમાં આવેલ માટીના દેવમાં દેવની સાથે અથવા એના વગર પણ ક્યાંક લાકડાની મગર પણ મુકવામાં આવે છે. એને મગરદેવ કહેવામાં આવે છે. મગરનો આકાર કોતરી એમાં સુંદર આકૃતિઓ ઉપસાવી કાઢી હોય છે. એ જ રીતે લાકડાની નાની મૂર્તિઓ પણ મુકવામાં આવે છે અને જ્યારે કોઈ સ્ત્રીનું કસુવાવડમાં મૃત્યુ થયું હોય ત્યારે તેને નાની ઝુંપડી બનાવીને એમાં બેસાડવામાં આવે છે.

લાકડામાં વાઘ દેવ કોતરીને ડાંગમાં મુકવામાં આવે છે તેવો રિવાજ છે. કેટલીક જગ્યાએ પથ્થરના પાળિયા પણ મુકેલા નજરે ચઢે છે. આ જાતનો રિવાજ માટીના ઘોડા, માટીની બીજી આકૃતિઓ પશ્ચિમમાં બંગાળ-આસામથી માંડીને કચ્છ સુધી છે અને આ તરફ ગુજરાતથી માંડીને તમિલનાડું સુધી એક યા બીજા સ્વરૂપમાં જોવા મળે છે.

આપણાં દેશમાં ધર્મ સ્વરૂપે સચવાયેલી આવી માટીની મૂડીનો ઉપયોગ સમયાંતરે વિધી તરીકે લેવામાં સ્થાનિક લોકોમાં પણ ધીમે ધીમે રસ ઓછો થઈ રહ્યો છે. જેની નજર એ તરફ ગઈ છે એ લોકો એને વેપારના સ્થાન તરીકે બગાડવાની પ્રવૃત્તિમાં પડ્યા છે. ભલું થયું કે આપણાં જેવાની નજર હજું પડી નથી અને જો પડે તો પણ ભલે તેને નોંધી લઈએ પણ બગાડવાની પ્રવૃતિમાં ન પડીએ, કેમકે આપણો સાચો અતુલ્ય વારસો આ જ સંસ્કૃતિમાં સચવાયેલો છે.





અશ્વમેળાઓ અને અશ્વોની જુદી-જુદી રમતો

લેખકઃ ડૉ. ઝેનેમાબીબી કાદરી



રાજાશાહીના કાળમાં અશ્વના સંવર્ધન માટે સમગ્ર ભારતમાં જુદા-જુદા સ્થળોએ પશુ મેળાઓ યોજવામાં આવતા હતા અને એ મેળાઓની જાહેરાત ભારત અને ગુજરાતમાં રાજ્યના ગેઝેટોમાં કરવામાં આવતી હતી. તેનો અભ્યાસ કરતા એમ માલૂમ પડે છે કે, એ જમાનામાં પણ અશ્વના રસિકજનો આ મેળાઓમાં ખાસ ઉમટી પડતા હતા. ખાસ કરીને રાજા-મહારાજાઓ જ આવા મેળાઓને પોશી રહ્યા હતા. કોઈ કોઈ બ્રિટીશ અધિકારીઓને પણ અશ્વ પાલનની પ્રવૃત્તિમાં રસ હોવાથી તેઓ પણ રસ લઈ રહ્યા હતા અને આવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતા અને પોતે હાજર રહેતા હતા.

આ સંશોધન લેખમાં મેં ગુજરાત અને ભારતમાં ભરાતા અશ્વ મેળાઓનો, અશ્વ મેળાના નિયમોનો તથા અશ્વોની જુદી-જુદી રમતોનો અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

જુદા જુદા સ્થળોએ ભરાતા અશ્વ મેળાઓ

અહીં ભારતભરના જુદા જુદા સ્થળો જેવા કે, પુના, મુઝફ્ફરનગર, શાહજહાનપુર, અમદાવાદ, રાજકોટ, મુંબઈ, જૂનાગઢ, વઢવાણ, બહુચરાજી, કુંડલા વગેરેમાં જાનવરોના પ્રદર્શન અંગે ભરાયેલા મેળાની સંક્ષિપ્ત વિગત આલેખવામાં આવી છે.

ધી પુના હોર્સ એન્ડ કેટલ શો:

મુંબઈના ગવર્નર સર પી. વુડહાઉસના અધ્યક્ષપદે તા.૧-૧૦-૧૮૭૩ બુધવારના રોજ




પુનામાં હોર્સ એન્ડ કેટલ શો યોજાયો હતો.

આ મેળાવડામાં ઉપાધ્યક્ષ તરીકે સર એ. એ. સ્પેન્સર (કમાન્ડર-ઈન-ચીફ), તથા મેનેજર જનરલ ગ્રાન્ટ, મેજર જનરલ સર ઈ.ડી. રસેલ, ડબલ્યુ. એચ. હેવલોક, કોલોનલ મેકડોનાલ્ડ, કોલોનમ જેમ્સ, કેપ્ટન નટ, કોલોનલ હોલેન્ડ વગેરે.. વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

મેળાંમા પ્રવેશ મેળવવા માટે જુદા જુદા પ્રાણીઓની અલગ-અલગ પ્રવેશ ફી નક્કી કરવામાં આવી હતી. જેમ કે પ્રત્યેક ઘોડા માટે રૂ.૧૦, વાછરડા અને ગાય માટે રૂ.૫, બળદની એક જોડ માટે રૂ.૫. મેળામાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર જાનવરોને ઈનામો આપવામાં આવતા. જેમાં પ્રથમ ક્રમે આવેલ અંગ્રેજી ઘોડાને રૂ.૨૫૦, બીજા ક્રમે રૂ.૧૫૦, ત્રીજા ક્રમે રૂ.૫૦, બ્રિડીંગ માટેના અંગ્રેજી ઘોડાને ક્રમશઃ રૂ.૧૫૦, ૧૦૦ અને ૫૦ તથા આરબ ધોડાને ક્રમશઃ રૂ.૨૫૦,૧૫૦ અને ૫૦ એમ ઈનામો આપવામાં આવતા. સરકારી જાનવરોને પ્રદર્શન હેતુ લાવવામાં આવતા પરંતુ તેમને ઈનામ આપવામાં આવતા નહિ. આ પ્રદર્શનમાં ભાગ લેનારે અગાઉથી નામ નોંધાવવાનું રહેતું.

પુના હોર્સ શો અને ઘોડાનો બજાર:

તા.૨૭-૯-૧૮૮૧ ના રોજ પુનામાં હોર્સ શો તથા તેની સાથે ઘોડાનો બજાર પણ શરૂ થવાનો હોવાથી જે લોકો આ પ્રદર્શનમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમને ઘોડા બાંધવા



માટે છાપરામાં જગ્યા જોઈતી હોય તો તા.૨૦-૯-૧૮૮૧ સુધીમાં સેક્રેટરીને ખબર આપવાથી તેમની પાસેથી જમીનભાડુ લેવામાં આવશે નહિ એવી જાહેરાત પુનાના મહેરબાન સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબે કરી હતી.

કુંડલમાં ભરાયેલ પ્રદર્શન તથા અશ્વમેળો:

સ્વસ્થાન ભાવનગર તાબાના કુંડલા ગામે તા. ૩,૪,૫ ડિસેમ્બર, ૧૮૭૪ ના રોજ પ્રદર્શન તથા જાનવરોનો મેળો ભરાવવાની જાહેરાત થઈ હતી. જેમાં સારામાં સારા દેશી ઘોડા બતાવનારને ભાવનગર દરબાર તરફથી ઈનામ આપવાની તથા જે સિપાહી ઘોડા વેંચવા માંગતો હશે તેને ભાવનગર દરબાર તરફથી ખરીદ કરવામાં આવશે. એવી જાહેરાત કરાઈ હતી.

આસિસ્ટંટ પોલિટીકલ એજંટ કપ્તાન એચ. એલ. નટ કુંડલા પ્રદર્શન તથા ઢોરોના મેળા ખાતાના સેક્રેટરી હતા. તેમણે પ્રદર્શનમાં ચીજો મોકલનારને દરબાર તરફથી જોઈતી મદદ આપવામાં આવશે તથા તમામ જાનવરોને મેળાના દિવસો દરમિયાન દરબાર તરફથી ઘાસ પૂરું પાડવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. તથા જે ઢોર નક્કી કરેલા નિયમોમાં પરીક્ષકોને યોગ્ય નહિ લાગે તો તેઓને ઈનામ આપવામાં નહિ આવે તેમ પણ જણાવ્યુ હતું.

ઘોડાઓને આપવામાં આવતા ઈનામો:

(૧) અંગ્રેજી ઘોડા - ૮૦ રૂપિયા
(૨) કેપની ઘોડીઓ - ૮૦ રૂપિયા
કેપના ખસી કરેલા ઘોડા - ૫૦ રૂપિયા
(૩) ઓસ્ટ્રેલિયાની ઘોડીઓ - ૮૦ રૂપિયા
ઓસ્ટ્રેલિયાના ખસી કરેલા ઘોડા - ૫૦ રૂપિયા
(૪) આરબી ઘોડા - ૮૦, ૫૦ રૂપિયા
(૫) કાઠિયાવાડી ઘોડા - ૮૦, ૫૦, ૨૦ રૂપિયા
કાઠિયાવાડી ઘોડીઓ -
૮૦, ૫૦, ૩૦, ૨૦, ૧૦ રૂપિયા
કાઠિયાવાડી ખસી કરેલા ઘોડા - ૫૦, ૨૦ રૂપિયા

આ પ્રમાણે ઘોડાઓ, વછેરા, વછેરીઓને ઉંમર અને ઊંચાઇ અનુસાર અલગ-અલગ ઈનામ આપવાની જાહેરાત કરાઈ હતી.

વઢવાણમાં ખેતીવાડી અને જાનવરોનું પ્રદર્શન:

કાઠિયાવાડના પોલિટીકલ એજંટ કર્નલ એલ.સી. બાર્ટનના પ્રમુખપાણા નીચે તા. ૧૦, ૧૧, ૧૨ ફ્રેબ્રુઆરી ૧૮૮૧ ના રોજ વઢવાણ સિવિલ સ્ટેશન મુકામે પ્રદર્શન થવાનું હતું. આ પ્રદર્શનમાં પણ આરબી ઘોડા, કાઠિયાવાડી વાળી ઘોડા, કાઠિયાવાડી ઘોડીઓ, કાઠિયાવાડી ખાસી ઘોડા, કાઠિયાવાડી વછેરીઓ વગેરેનો પ્રથવર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો હતો અને દરેકને ઈનામોની જાહેરાત કરવામાં આવી હતી.

અપર ઇન્ડિયામાં ઘોડાની જાત સુધારવાનો મેળો:

કાઠિયાવાડ પ્રાંતમાં ઘોડાની જાત સુધારવા માટે કેટલાક સંસ્થાનો તરફથી પગલા લેવામાં આવે છે તેના સબંધમાં જલરલ સુપ્રિન્ટેન્ડેન્ટે એવી સુચના આપી કે, 'અપર ઈન્ડિયા' માં જે ઘોડાઓનો મેળો ભરાય છે તે જોવા જવા માટે કાઠિયાવાડના સ્ટેટો તરફથી પોતાના માણસો મોકલવા જોઇએ કે જેથી ત્યાં

કેવી ઊંચી જાતના ઘોડા પેદા થાય છે તે અંગે તેઓ વાકેફ થાય.

આ ઉપરાંત જે સ્ટેટમાં પેડોક છે તેમને ખાસ માણસો મોકલવાનું જણાવ્યુ કે જેથી તેઓ અશ્વો કેવી રીતે ઉછેરવા તે શીખે અને ગરાસિયા કોમના માણસોને રાજ્યના ખર્ચે મોકલવાની ભલામણ કરવામાં આવી હતી. જૂનાગઢ, પાલિતાણા, ગોંડલ, ભાવનગર, વાંકાનેર વગેરે રાજ્યોમાંથી માણસો મોકલવામાં આવ્યા હતા.

અમદાવાદમાં ઘોડાનો મેળો તથા પ્રદર્શન:

બ્રિટીશ સત્તાની રાહબારી હેઠળ યોજાતા અશ્વ મેળાઓની જાહેરાત જૂનાગઢના રાજપત્ર 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ' માંથી પણ પ્રાપ્ત થાય છે. ઈ.સ.૧૯૦૦ સુધી આવી અશ્વ મેળાઓની માહિતી પ્રાપ્ત થાય છે.

તા.૨૬-૩-૧૮૮૩ ના રોજ અમદાવાદમાં અશ્વ મેળો યોજાયો હતો. તેની વિસ્તૃત જાણકારી અને નીતિ-નિયમોની સમજ 'દસ્તુરલ અમલ' માં કરવામાં આવી હતી. આ ઉપરાંત તા.૨૩-૩-૧૮૮૫ ના રોજ ઘોડાનો મેળો તથા પ્રદર્શન ભરાવાની જાહેરાત પણ અહીં પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

તા.૮-૨-૧૮૯૨ મહાસુદ-૧ સોમવારથી ઘોડાનો મેળો તથા પ્રદર્શન અમદાવાદમાં શરૂ થવાનું હતું.આ મેળામાં લોકોને પોતાના ઘોડા, ઘોડીઓ, વછેરા, વછેરીઓ લાવવા અને મોટા ઈનામો પ્રાપ્ત કરવાની જાહેરાત પ્રિન્ટેડ પેમ્પલેટ દ્વારા કરવામાં આવી હતી. આ મેળામાં અમદાવાદના કલેકટર, ધી એજંટ ટુ ધી ગવર્નર જનરલ વડોદરા, ભાવનગરના ઠાકોર સાહેબ, મોરબી, પાલિતાણા, પાલનપુર, રાધનપુર, બાલા સિનોરના બાબી સાહેબ, લેફટનન્ટ કર્નલ હમ્ફ્રી સાહેબ, ગાયકવાડ, ઇડરના મહારાજા, ખંભાતના મહારાજા વગેરે ઉપસ્થિત રહેવાનું જણાવ્યું હતું. વિવિધ વર્ગના ઘોડાઓને અલગ-અલગ ઈનામ નક્કી કરવામાં આવ્યુ હતું.

રાજકોટમાં ઘોડાનો વાર્ષિક મેળો:

તા.૧૫-૧૧-૧૮૯૦ ના રોજ રાજકોટમાં ઘોડાઓનો વાર્ષિક મેળો ભરાયો હતો આ અંગેની જાહેરાત જૂનાગઢ રાજ્યના ગેઝેટમાં કરવામાં આવી હતી. જેમાં અશ્વમેળાના નીતિ નિયમોની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. જુદા જુદા ઘોડા-ગધેડાઓને ઈનામો અપાયા હતા. આ મેળાનું સંચાલન બ્રિટીશ અધિકારી હોર્સ શોના માનદમંત્રી ઈ. વી. મકાઇએ કર્યું હતું.

આ ઉપરાંત જે લોકો પોતાના ઘોડાઓને ખસી કરાવવાની ઇચ્છા રાખતા હોય તેઓએ ઘોડાની જાત ઉછેરવા ખાતના સાહેબ રાજકોટ ઘોડાના મેળા ઉપર આવે ત્યારે તેમને બતાવવા માટે રજૂ કરવાની જાહેરાત પણ અપાઈ હતી.

આવા મેળાઓ માંથી સારામાં સારા ખસી કરેલા ઘોડાઓને સરકારી નોકરીમાં ભરતી કરવા માટે ખરીદ કરવામાં પણ આવતા.

રાજકોટમાં રેસકોર્ષ મેદાન:

રાજકોટ એ કાઠિયાવાડ પોલિટીકલ એજન્સીનું વડુ મથક હોવાથી સમગ્ર સૌરાષ્ટ્રના રાજામહારાજાઓ અને લોકોની ત્યાં આવન-જાવન રહેતી હતી. તેથી બ્રિટીશકાળમાં રાજકોટમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થતી હોવાનું માલૂમ પડે છે.

રાજકોટમાં અશ્વોના પ્રદર્શન અને જુદી જુદી જાતની શરતો થતી રહેતી હતી. આથી રાજકોટમાં એક અલગ મેદાન એના માટે ખાસ બનાવવામાં આવેલુ જેનુ નામ 'રેસકોર્ષ' રાખવામાં આવ્યુ. આ મેદાન ઉપર રાજા-મહારાજાઓ અને તાલુકદારોને બેસવા માટે એક બંગલો બનાવવામાં રૂ.૩૦૦૦ નો ખર્ચ થયો હતો. આ બંગલો ઈ.સ. ૧૮૭૦ ની આસપાસ તૈયાર થયો હતો. ત્યારબાદ ઇ.સ. ૧૮૭૩ ના ડિસેમ્બર માસમાં ત્યાં ઘોડાની હરિફાઈઓ રાખવામાં આવી હતી.

મુઝફ્ફરનગર અને શાહજહાનપુરમાં મેળો :

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર અને શાહજહાનપુરમાં ઈ.સ. ૧૮૮૮ માં અશ્વમેળો યોજાવાનો હતો. મુઝફ્ફરનગરમાં તા. ૨૩-૨૪ ફેબ્રુઆરી ૧૮૮૮ ના દિવસો નક્કી કરાયા હતા.

પરંતુ કોઇપણ કારણોસર આ દિવસને બદલે તા. ૧૫-૧૬ ફેબ્રુઆરીને રોજ મેળો ભરવાની જાહેરાત કરાઈ હતી.

શાહજહાનપુરમાં તા.૨૯-૨-૧૮૮૮ થી ૩-૩-૧૮૮૮ ને બદલે તા. ૨૦ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન મેળો ભરાશે એવી જાહેરાત તા. ૬-૯-૧૮૮૭ ના શેરાથી કેનેડી સાહેબે આપી હતી.

શ્રી બહુચરાજી ખેતીવાડી તથા જાનવરનું પ્રદર્શનઃ

તા. ૫-૧-૧૮૯૨ થી તા. ૭-૧-૧૮૯૨ સુધી શ્રી બહુચરાજી ખેતીવાડી તથા જાનવરનું પ્રદર્શન શ્રીમંટ સરકાર સયાજીરાવ ગાયકવાડના આશ્રમ નીચે ખુલ્લુ મુકાયું. જેના અધ્યક્ષ તરીકે નામદાર દીવાન બહાદુર મણીભાઇ જસભાઇ તથા ઉપાધ્યક્ષ તરીકે જગો રાવ બહાદુર જયસિંગરાવ આંગ્રે સર સુબારાવ હતા.

આ પ્રદર્શન કડી પ્રાંતના વડાવળી તાલુકામાં શ્રી બહુચરાજી માતાના દહેરાની પાસે ઉઘાડવામાં આવ્યુ હતું. આ પ્રદર્શન ઘોડા, ઘોડી, બેલ, ગોધા, દુઝણી ગાયો, વાછડીઓ, વાછડા વગેરે અનેક જાતના જાનવરો બતાવવામાં આવ્યા હતા. આ જાનવર સાથેના માણસને રોજના બે આના તથા ઘોડાને રોજના આઠ આના આપવામાં આવતા હોવાનું માલૂમ પડે છે.

મુંબઈમાં થયેલ ઢોરનો મેળો :

આ મેળો ઈ.સ. ૧૮૯૦ માં હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આલ્બર્ટ વિકટર ઓફ વેલ્સ સાહેબની ભારતની મુલાકાતના માન ખાતર ભરવામાં આવ્યો હતો. આ મેળો મે-૧૮૯૦ માં થવાનો હતો તેથી કાઠિયાવાડના ઠાકોર સાહેબો, રાણાસાહેબો, અને અમીરોને આ બાબતના ખબર આપવામાં આવ્યા અને સાથે સાથે આ મેળામાં બતાવવા માટે તેઓ તરફથી કયા ઘોડા મોકલવામાં આવશે તે પણ જણાવવાનું કહેવામાં આવ્યું હતું.

આમ, મંબઈમાં આ મેળો પ્રિન્સ ઓફ વેલ્સની મુલાકાતની યાદગીરીમાં ભરાયો હોવાનું માલૂમ પડે છે.

જૂનાગઢમાં થયેલ અશ્વ મેળાઓ :

અમદાવાદમાં અને રાજકોટની જેમ જૂનાગઢમાં પણ અશ્વોના મેળાઓ યોજાવા લાગ્યા હતા. ઈ.સ. ૧૮૮૮ માં જુનાગઢ તળપદામાં ઘોડા અને ઢોરનું પ્રદર્શન યોજાયુ હતું. ત્યારબાદ તા. ૧૦-૩-૧૮૯૮ થી તા.૧૪-૩-૧૮૯૮ એમ પાંચ દિવસનો અશ્વમેળો યોજાયો હતો. આ મેળો પેડોકની પાછળના ભાગમાં ભરાયો હતો. આ મેળા વખતેનું પ્રદર્શન કર્નલ હંટરના હસ્તે ખૂલ્લુ મુકવામાં આવ્યુ હતું. અશ્વજાતિ સુધારવા બાબતમાં કાઠિયાવાડના રાજાઓની વૃત્તિમાં જે મોટા ફેરફાર થયા છે તે ઘણા ફાયદાકારક નિવડશે તેમ તેમણે જણાવ્યુ હતું.

આ પ્રસંગે દીવાન બહેચરદાસ વિહારીદાસે જણાવ્યુ હતુ કે, આ પ્રદર્શન ઘોડા અને ખચ્ચરની જાતિ સુધારવા માટે ભરવામાં આવ્યુ છે. આવા પ્રદર્શનોથી કાઠિયાવાડી ઘોદાઓ પોતાની કીર્તિ ફરીવાર મેળવી શકશે. આથી જ રાજ્યએ આ કાર્ય હાથમાં લીધુ છે. આ પ્રદર્શનમાં કુલ-૨૫૫ ઘોડાઓ આવ્યા હતા અને તેમને કર્નલ હંટરના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. આ પછી પણ જૂનાગઢમાં અવાર નવાર ભરાતા અશ્વ મેળાઓની માહિતી રાજ્યના ગેઝેટમાંથી પ્રાપ્ત થાય છે.

અશ્વ મેળાના નિયમો :

અહીં આપણે ભારતમાં વિવિધ સ્થળોએ ભરાતા શ્વ મેળાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી, આ મેળામાં ભાગ લેનાર માટે ચોક્કસ નીતિ-નિયમો ઘડેલા હતા. જેવા કે,

(૧) વાસ્તવિક ઘોડાની ઓલાદ લેનારા તથા વેપાર કરનારા સિવાય બીજાને ઈનામ પ્રાપ્ત કરવા માટે મુકાબલામાં ભાગ લેવા દેવામાં આવતા નહિં.

(૨) પ્રતિસ્પર્ધીઓની યોગ્યતા વિશે તારણ કરનાર કમિટી ઠરાવ કરશે તે માન્ય ગણાશે.

(૩) ગેઝેટેડ, સરકારી નોકરો, સરદારો, દેશી અને યુરોપિયન સદગૃહસ્થોને ઈનામ સન્માન પૂર્વક પદવીપત્ર લખી આપવામાં આવશે.

(૪) ઈનામને માટે દરેક ઘોડાને સરખાવી જોવામાં આવશે. પરંતુ જો તે ઈનામ મળવાને લાયક ઠરશે તો તેને ઈનામ લેતા પહેલા ડામ લેવો પડશે.
(૫) ચાર વર્ષની અંદર ઊંમરની ઘોડી સબહર હશે અથવા ચાર વર્ષની ઊંમર પહેલા ઘોડી દોરાવ્યાથી સબહર થયેલા બચ્ચા સાથે હશે તેને દાખલ કરવામાં નહિ આવે.
(૬) વછેરા લેવા લાકય ઘોડી' એટલે જે ઘોડીઓ સભર હોય અતહવા જેને વછેરૂ થયેલુ છે તે પ્રદર્શનની તારીખ પહેલા બાર મહિનાની અંદર ઘોડો બતાવ્યો હશે તેમને જ સર્ટિફીકેટ મળશે.
(૭) વાંઝણી ઘોડીઓ પહેલા અને બીજા વર્ગ સિવાયના વર્ગમાં ઈનામ આપવા લાયક ગણવામાં નહી આવે.જે ઘોડાની ઊંમર છ વર્ષની તથા તે ઉપરાંતની છે અને બરોબર રીતે ઘોડો દોરાવ્યા છતાં ગયા બે વર્ષમાં તેના પેટની કાંઇ પેદાશ આવેલી નહી હશે તો તેને વાંઝણી સમજવામાં આવશે.
(૮) દરેક ખસી કરેલા ઘોડાને બીજા કરતા વધારાના રૂ.૫ ઈનામ આપવામાં આવશે અને બીજા ઘોડા સાથેના મુકાબલામાં કોઇપણ ક્લાસમાં ઈનામ મળ્યુ હશે તો તેવાને બમણું ઈનામ મળશે.
(૯) જે જાનવરોને આગલા વર્ષોમાં એક જ વર્ગમાં બે વાર ઈનામ મળ્યુ હશે તેને તેજ વર્ગમાં ઈનામ આપવામાં આવશે નહી પણ નાણાના ઈનામને બદલે સન્માનદર્શક દાખલો આપવામાં આવશે.
(૧૦) કોઇપણ જાનવરને બે કરતાં વધારે ઈનામ આપવામાં આવશે નહિં.
(૧૧) દરેક જાનવરને પ્રદર્શનમાં દાખલ થવા માટે ટિકિટ બાંધવામાં આવશે.
(૧૨) ટિકિટ આપતી વખતે ઓનરરી મંત્રી કઇ તારીખે, કયા સમયે અને ક્યાં જાનવરની ચકાસણી કરી તે માટે સમિયાણો અથવા તંબુ બાંધવામાં આવશે અને તેની આસપાસ કઠેરો બાંધવામાં આવશે તથા કમિટીની ચકાસણી દરમિયાન બીજા લોકોને કઠેરાની અંદર દાખલ થવા દેવામાં નહિ આવે. જે આ બાબતનો અનાદર કરશે તેને પોલીસ હાંકી કાઢશે.
(૧૩) ઈનામની વહેંચણી થયા સુધી જાનવરોને ત્યાંજ હાજર રહેવુ અન્યથા જીતેલા ઈનામો માલિક પાસેથી પાછા લઈ લેવામાં આવશે.
(૧૪) નિર્ણાયક કમિટીના પ્રમુખ નક્કી કરશે તે દિવસે ઈનામ વહેંચવામાં આવશે.
(૧૫) દરેક ઇનામ પ્રાપ્ત કરનારે એક સર્ટિફિકેટ તથા ઈનામની રકમ આપવામાં આવશે.
(૧૬) ઘોડીઓ માટે સલામતી, મજબૂતી, જાતદારી અને ઓલાદ જો હોય તો તે દરેક માટે ૨૫ માર્કા આપવામાં આવતા.
(૧૭) બીજા ઘોડાઓ માટે સલામતિ, મજબુતી, જાતદારી અને ચાલના એમ દરેક માટે ૨૫ ના માર્કા આપવામાં આવતા.

અશ્વોની જુદી-જુદી રમતો :

તા. ૧૮-૧૨-૧૮૭૩ થી રાજકોટમાં શરૂ થનાર અશ્વ મેળામાં ઘોડાની વિવિધ શરતો (રમત) અંગે પ્રસિધ્ધિ પત્ર કરવામાં આવ્યુ હતું. આ અશ્વ મેળાની કારોબારીમાં જે. બી. વીલ, એસ્કવાયર, કર્નલ બાઉડીચ, સી. ડબલ્યુ. વોકર, કપ્તાન જી.એચ. કાન્ડી, એ. એમ. ફિલિપ્સ, એચ.એલ. નટ, ડબલ્યુ સ્કાટ, કૃષ્ણાજી લક્ષ્મણ અને આજમ નરસિંહ પ્રસાદ હરિપ્રસાદ હતા. આ અશ્વમેળામાં વિવિધ રમતોના નામોલ્લેખ સાથે ઘોડાને મળનાર ઈનામોની જ વિગત આલેખી છે. જે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

ધી પ્રોવીનશીયલ સ્કેટસ, કાઠિયાવાડ દરબી વેલટર, પસેવીન સીયલ ગેલોવ, હાકસ, વાલાસાન આગાખાનનો પ્યાલો, કાઠિયાવાડ ચેલેન્જ કપ, મેડન ગ્યાલો વે, પોની (ટટ્ટુ) રેસ, વ્હીમ (મનમોજી) શરત, વાલાસાન અલીશાહની તરફની થેલી, સરકારી સ્ટેકસ, કોલોનીઅલ સ્ટેક્સ, કાઠિયાવાડ ઓક્સ, ચારજર સ્ટેકસ (લડાઇના ઘોડા), એકસન સ્ટેકસ, સૌરાષ્ટ્ર-પ્યાલો, લેડીસ પર્સ, સ્કરી (ટટી કુદાવવાની શરત), વિનર્સ હાન્ડીકપ, ધી પરોવીન સીયલ વિનર્સ હાન્ડીકપ, ધી લુજર્સ હાન્ડીકપ, સ્ટીપલચેસ, સ્વાર સ્ટેકસ, રેવાલચાલ, પોટેટો રેસ, ગરોલેવા, અશ્વ લગામમાં, બેરલ રેસ, અશ્વદોડ, ટેન્ટપેગીગ, જમ્પીગ, ડાન્સીગ, વગેરે-વગેરે અનેકવિધ રમતોના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

આ વિવિધ પ્રકારની શરતો (રમતો) માં ફંડમાંથી ખર્ચ કરવામાં આવતા અને જીતનારને ઈનામો આપવામાં આવતા.

પ્રજાપતિ તથા તેમનું માટીકામ અને માટીની કલાકૃતિઓ

લેખકઃ ડૉ. પ્રભુ ઠક્કર, વૈજ્ઞાનિક ઈસરો (નિ.)

ગુજરાતના લોકો જીવનમાં, જીંદગી ના સાતત્ય માટે ગુજરાતની માટી માંથી બનાવેલ વાસણો તેમજ અન્ય બનાવટો એક અનિવાર્ય અંગ સમાન છે. જન્મથી શરૂ કરી, જીવનના વિવિધ પ્રસંગોએ તથા વિવિધ ઉત્સવોની ઉજવણી દરમ્યાન અને છેવટે મૃત્યુ સમયે માટીમાંથી બનાવેલ વાસણો તથા અન્ય ઘણી વસ્તુઓનો ઉપયોગ થાય છે. વિશ્વમાં ગુજરાત જેટલો ભૂખંડ ધરાવતા કોઈપણ રાજ્ય કે દેશ કરતા વધારે ગુજરાતમાં માટીકામ કરતા કારીગરો કુંભાર - પ્રજાપતિ ની વસ્તી વધારે છે તેમ કહું તો ખોટુ નહીં ગણાય. આ પ્રજા ગુજરાતમાં માટીકામ કરી માટીના દીવા, કોડિયા, દીવડા, હાથી, ઘોડા, ઊંટ, ગાય, બળદ જેવા પ્રાણીઓ પક્ષીઓ, તાવડી, તાસ, ઘડા, માટલા જેવા વાસણો, રમકડાં, માટીના ચૂલા, કુલડી, પાણીના કુંજા તથા ઘર વપરાશના અન્ય વાસણો, પાણીની તથા અનાજ ભરવાની દોઢ મીટર જેટલી ઊંચી કોઠી, ઇંટો દેવ દેવીની નાની મોટી મૂર્તિઓ અને માનવ તથા પ્રાણીઓની નાની મોટી મૂર્તિઓ, તુલસી ક્યારા તથા મંદિરો તૈયાર કરે છે જે વિવિધ ઉત્સવોની ઉજવણીમાં પણ ઉપયોગી બને છે.

ગુજરાતના વિવિધ ગામ, શહેરો, તાલુકા, જીલ્લા વિસ્તારમાં રહેતા લોકો ભૌગોલિક, સામાજિક રીત રિવાજ અને માન્યતા ધરાવતા હોવા છતાં અને જુદી જુદી બોલી અને ધર્મ ના હોવા છતાં તેમજ મેદાની અને પહાડી જંગલ વિસ્તારમાં રહેતા હોવા છતાં કરોડો લોકો એક સમાન વાસણો તથા કલાકૃતિઓનો ઉપયોગ કરે છે. તે એક રહસ્યમય કોયડો છે. ગુજરાતમાં આશરે પાંચ હજાર વર્ષ પહેલાના સારસ્વત સિંધુ સંસ્કૃતિના પુરાતત્ત્વીય સ્થળો પરથી મળેલા માટીના વાસણો તથા કલાકૃતિઓ તેમના આકાર સુશોભન અને શણગાર અને આજના આપણા રોજબરોજના ઉપયોગમાં લેવાતા વાસણો તેમજ અન્ય કલાકૃત્તિઓ અને તેમનું સુશોભન-શણગારમાં એક સમાનતા જોવા મળે છે. આનાથી પણ આગળ વાત કરું તો ભારત દેશમાં આજથી બાર હજાર વર્ષો પહેલાં ના પુરાતત્ત્વીય સ્થળો પરથી મળેલા માટીના વાસણો તથા અન્ય નમૂનાઓમાં પણ



એક સમાનતા જોવા મળે છે. એટલં જ નહીં પણ માટીના વાસણો બનાવવા માટે ઉપયોગમાં લેવાતા ચાકડા તથા માટી ટીપવા માટે ઉપયોગમાં લેવાતા માટીના પથ્થર ના કે લાકડાના સાધનોમાં પણ સમાનતા જોવા મળે છે. આમ હજારો વર્ષો પહેલા આપણા પૂર્વજો, માટીના જેવા વાસણો બનાવતા હતા તેવા જ વાસણો કે કલાકૃતિઓ આજ ના કુંભાર બનાવે છે.

ગુજરાતની માટી કામની આ પરંપરા સનાતન કાળથી ચાલી આવે છે. જેનો ઉપયોગ પુરાતત્વવિદો પુરાતત્ત્વ શાસ્ત્રમાં કાળગણના નક્કી કરવામાં ઉપયોગ કરે છે તથા નૃવંશ શાસ્ત્રીઓ પણ તેમને ઉપયોગી માહિતી મેળવવા માટે નૃવંશ શાસ્ત્રમાં ઉપયોગ કરે છે.

૧૯૬૦માં કદાચ ભારતમાં સૌપ્રથમ વાર માટીકામ અંગે સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેનો યશ સ્વ. પ્રો. નિર્મલકુમાર બોઝના ફાળે જાય છે. આ સર્વેક્ષણ પછી એક મોનોગ્રાફ તૈયાર કરવામાં આવ્યો હતું. જે સરસ્વતી અને બેહુરા દ્વારા અર્વાચીન ભારતની માટીકામની તકનીકો ના નામે ૧૯૬૬ માં પ્રસિદ્ધ થયો હતો.

૧૯૮૬માં ભારતની માટી ૪૦૦૦ વર્ષોની ટેરાકોટા કળા વિષય પર બ્રુકલીન મ્યુઝિયમમાં ભરાયેલ પ્રદર્શન એક સીમાચિન્હરૂપ હતું. આ પ્રદર્શનમાં એબરહેડ ફિસ્ચર દીનાનાથ પતિ તથા જ્યોતીન્દ્ર જૈન દ્વારા પ્રદર્શિત રચનાઓ અને લખાણો એ આપણી પરાપૂર્વથી ચાલતી આવતી આ કળા અંગેની લોકોની દૃષ્ટિ જ બદલી નાંખી હતી. હકુ શાહનું પણ આ ક્ષેત્ર માં મોટુ યોગદાન રહેલું છે. વૈદ્યનાથ સરસ્વતી અને હકુ શાહ તેમજ અન્ય કેટલાક લેખકોએ પુનર્જન્મ અને પુનઃસર્જન ને ધ્યાનમાં રાખીને ભારતભરમાં કુંભાર દ્વારા થતા સર્જન પર ભારતીય માટીકામ અંગે લખ્યું છે. સ્ટીફન જે. હુયલર ભારતના ૧૫ રાજ્યોમાંથી ૫૪ જિલ્લામાં રહેતા કુંભાર, પ્રજાપતિ લોકો સાથે પ્રશ્નોત્તરી કરી આશરે વીસ વર્ષો સુધી સર્વેક્ષણ કરી ઈ.સ. ૧૯૯૧માં લંડન યુનિવર્સીટીમાં ધ પ્રોડકશન એન્ડ યુઝ ઓફ રિચ્યુઅલ ટેરાકોટાઝ ઈન ઈન્ડિયા નામે શોધપત્ર તૈયાર કરી પીએચડી ની પદવી માટે રજૂ કરેલ જેની સ્વીકૃતિ પછી તેમને પીએચડી ની પદવી એનાયત કરવામાં આવી હતી. આ કાર્યમાં તેમણે વિવિધ સંગ્રહાલયો તથા ખાનગી સંગ્રહ કર્તાઓ પાસેથી માહિતી મેળવી, પહેલી વખત આ ક્ષેત્રમાં દસ્તાવેજીકરણનું કાર્ય કર્યુ હતું, તેમ કહી શકાય.

૧૯૮૫માં સ્ટીફન જે. હુયલર દ્વારા ૧૯મી અને ૨૦મી સદીના ભારતમાં ગ્રામીણ ભારતમાં ટેરાકોટ અંગે એક માહિતીસભર લેખ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યાર પછી તેમણે ૧૯૯૫માં ગિફ્ટ્સ ઓફ અર્થ-માટીની ભેટ નામનું પુસ્તક લખ્યુ હતું. જે નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ નવી દિલ્હી અને મેપીન પબ્લિશિંગ પ્રા. લિમિટેડ. અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં ભારતના વિવિધ રાજ્યોમાં રહેતા કુંભાર લોકો તથા તેમના માટીકામ અંગે ઘણી અગત્યની માહિતી આપવાનો એક સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય ના કુંભાર લોકો તથા તેમના કાર્યની વિશદ છણાવટ કે કોઈ વિશેષ અભ્યાસ તેમાં કરવામાં આવ્યો નથી. એકાદ બે સ્થળે ચિત્ર કે કોઈ જગ્યાએ થોડું લખાણ જોવા મળે છે.

પીએચડી ના તેમના શોધપત્રની એક એક નકલ નેશનલ હેન્ડીક્રાફ્ટ્સ એન્ડ હેન્ડલૂમ મ્યુઝિયમ, નવી દિલ્હીમાં તથા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈનના પુસ્તકાલય અમદાવાદ માં ઉપલબ્ધ છે.

ગુજરાતની ગ્રામીણ સંસ્કૃતિમાં આ ક્ષેત્રમાં ઘણું છુપાયેલું પડયું છે. આપણા દેશમાં પણ, આ ક્ષેત્રમાં ઘણું ઓછું લખાયું છે. હ્યુલરનું શોધપત્ર તથા પુસ્તક એ કુંભાર, પ્રજાપતિ તથા તેમના સર્જનને બહાર લાવવાનો એક સુંદર પ્રયત્ન હતો. તેમ કહી શકાય, ગુજરાતમાં આપણા આ વારસા અંગે કોઈ ઠોસ કાર્ય થયું હોય તેવું મારી જાણ માં નથી. કુંભાર પોતાને, પ્રજાપતિ કહેવડાવે છે તેઓ સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માના સીધા

વારસદાર છે તેમ કહીએ તો પણ ખોટું નથી. તેથી તેઓ વિશ્વકર્મા પણ કહેવાય છે. હજારો વર્ષોથી આ કામ તેમને પેઢી દર પેઢી વારસામાં મળે છે. વડીલો પાસેથી બાળકો નિરીક્ષણ કરી શીખતાં રહે છે અને એ રીતે વારસાગત આ જ્ઞાન સચવાઈ રહ્યું છે. કુંભાર પોતાના રહેઠાણ ની આસપાસના વિસ્તારમાંથી માટી મેળવે છે તેમાં રેતી, રાખ, ભસ્મ, ઘાસનું ભૂંસુ અને ખાતર વિ. મેળવી તેમાંથી વિવિધ કલાકૃતિઓ તથા વાસણો કે કોઠી જેવી અન્ય વસ્તુઓ તૈયાર કરે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણેય દેવો દ્વારા પ્રથમ માનવ કુંભારને માટી સાથે કેવી રીતે કામ કરવું તેનું જ્ઞાન આપવામાં આવ્યું હશે તેવું લાગે છે. એવું કહેવાય છે કે, ભગવાને પોતે, તેમને ચાકડા તથા ઓજારો આપ્યા હતા.

ગુજરાતીઓનું ખાસ કરીને હિન્દુનું જીવન જન્મથી થી મરણ સુધી ખાલી, ભરેલા કે તુટેલા માટીના વાસણો સાથે સંકળાયેલું રહ્યું છે. માનવ શરીર જેમ પાંચ તત્ત્વો ભૂમિ, જળ, વાયુ, અગ્નિ તથા અવકાશનું બનેલું છે તે રીતે કુંભાર પણ પોતાની કૃતિઓ માં આ પાંચેય તત્ત્વો નો યોગ્ય રીતે ઉપયોગ કરે છે અને જીવનમાં ઉપયોગી વાસણો તથા અન્ય વસ્તુઓ બનાવે છે જે જન્મ સમયે છઠ્ઠીના દિવસે, વિવાહ, સગાઈ વખતે, લગ્ન પ્રસંગે તેમજ મૃત્યુ સમયે વિવિધ રીતે ઉપયોગમાં આવે છે. વૈદિક પરંપરામાં પૂર્ણ કુમ્ભ વિવિધ પરિસ્થિતિમાં જીવન જીવતાં શીખવે છે જ્યારે મૃત્યુ સમયે સ્મશાનમાં માટીના કળશ ને તોડવા-ફોડવામાં આવે છે તે દર્શાવે છે કે પાંચેય તત્ત્વો જે જીવંત શરીરમાં હતા તે બધા અલગ થઈ પોત પોતાના સ્વરૂપમાં ભળી જાય છે. ગુજરાતના દરેક ગામ, શહેર, તાલુકા, જીલ્લા કક્ષાએ, સર્વેક્ષણ કરી આદિવાસી પહાડી, વન વિસ્તારો તથા મેદાની ખેતી ધરાવતા અન્ય વિસ્તારોમાં રહેતા કુંભાર-પ્રજાપતિ કુટુંબ તથા તેઓ દ્વારા તૈયાર કરવામાં આવતા માટીના વાસણો અને અન્ય કલાકૃતિઓનું સર્વેક્ષણ કરી દસ્તાવેજો તૈયાર કરવાની તાતી જરૂર છે. જે કદાચ વિશ્વ કક્ષાએ અનન્ય બની રહેશે તેવું જણાય છે.





પુરાતત્વીય સંગ્રહાલય, જામનગર

લેખકઃ બુલબુલ હિંગ્લાજીઆ



સૌરાષ્ટ્રનું પેરિસ, કાશી અને બ્રાસ તથા ઓઈલ રિફાઈનરી ઉદ્યોગના હબ તરીકે ઓળખાતું શહેર એટલે જામનગર. જે ગુજરાતના સૌથી વધુ પ્રસિદ્ધ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ શહેરોમાંનું એક મોટું શહેર ગણાય છે. ૨૨.૪૭° ઉત્તરે અક્ષાંશ અને ૭૦.૭° પૂર્વે રેખાંશ વચ્ચે સ્થિત, ઉત્તર-પશ્ચિમ ગુજરાતનાં કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર) વિસ્તાર તરીકે ઓળખાતા દ્વીપકલ્પમાં આવેલું છે. આશરે ૪૪૫ વર્ષ પહેલાં નાગમતી અને રંગમતી નદીના કાંઠે જામશ્રી રાવલ દ્વારા તેની ઈ.સ. ૧૫૪૦માં સ્થાપના નવાનગર તરીકે થઈ હતી. જાડેજા વંશના ૨૨ શાસકોએ ઈ.સ. ૧૯૪૮ સુધી અહીં રાજ કર્યું હતું. નવાનગર રાજ્યના શાસકો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ સાથે-સાથે પોતાના રાજ્યની પ્રગતિ અને વિકાસ કાર્યમાં પણ ખૂબ રસ ધરાવતા હતા. જામ શ્રી દિગ્વિજય સિંહજીના રસ અને પ્રોત્સાહનનું ઉત્તમ ઉદાહરણ એટલે ઇ.સ. ૧૦૪૦માં પુરાતત્ત્વ મંડળની સ્થાપના. તેઓએ લાખોટા કોઠાની સાથે પોતાનું અંગત સંગ્રહ પોતાના રાજ્યનાં પુરાતત્વ વિભાગને ફાળવી આપી જામનગર ખાતે સંગ્રહાલય સ્થાપિત કરાવ્યું હતુ. આમ, પુરાતત્વીય સંગ્રહાલય સને ૧૯૪૬ માં લાખોટા કોઠામાં શરૂ થયું હતું. જે ૧૯૬૦ થી ગુજરાત રાજ્યના પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ હેઠળ કાર્યરત છે. ઉપરાંત, લાખોટા કોઠો અને ઐતિહાસિક મહત્વને લીધે ગુજરાત રાજ્ય સરકાર હેઠળ સંરક્ષિત સ્મારક છે.

લાખોટા કોઠાની હાલ જીર્ણોદ્ધાર થયેલી ઇમારત વાસ્તવમાં ૧૮૪૬ માં બનાવવામાં આવી હતી. જેને ૨૦૦૧ ના ધરતીકંપ દરમિયાન નુકસાન થયું હતું. તેથી, ગુજરાત રાજ્ય પુરાતત્વીય વિભાગ અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત પ્રયાસ દ્વારા જરૂરી તથા નોંધપાત્ર જીર્ણોદ્ધાર, રખરખાવ અને સંરક્ષણ યોજના હાથ ધરવામાં આવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીજીએ ૫ મી મે, ૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ લાખોટા કોઠા અને પુન:પ્રદર્શિત સંગ્રહાલયને ફરી જાહેર જનતા માટે લોકાર્પણ કર્યા હતા.

લાખોટા કોઠો

રણમલ તળાવ મધ્યે આવેલ લાખોટા કોઠા (જળ કિલ્લો - જલ દુર્ગ)નું નિર્માણ વર્ષ ૧૮૪૬ માં જામ શ્રી રણમલજી દ્વારા દુષ્કાળ રાહત માટે કરવામાં આવ્યું હતું. લાખોટા કોઠાનું નામ કદાચ નવાનગરના શાસક લાખાજી પરથી રાખવામાં આવ્યું હશે. એવી લોકવાયકા પણ છે કે "૧ લાખ કોરી" (નવા નગરનુ ચલણ) કોઠાના નિર્માણ સમયે ખર્ચ કરવામા આવી હતી. તેથી કોઠાનું નામ લાખોટા પડ્યું હશે. સ્થાપત્ય કલાની દ્રષ્ટિએ તેને રાજપૂત શૈલીમાં બનાવવામાં આવેલ છે અને ઈરાનિયન સ્થાપત્ય કલાનો પ્રભાવ ધરાવે છે. લાખોટા કોઠાનો પ્રારંભમાં તેના સ્થાનને લીધે રક્ષણાત્મક હેતુ અને પછી શાસકો માટે નવરાશની પળોમાં મોજ-મનોરંજનના મહેલ તરીકે કરવામાં આવતો હતો. પરંતુ, સમય સાથે તે શહેરનું હાર્દ અને મુખ્ય કેન્દ્ર બની ગયું છે અને જામનગરના અતુલ્ય વારસાનું આજે એક સ્મારક છે.



પુરાતત્ત્વીય સંગ્રહાલય

લાખોટા કોઠામાં પુરાતત્વીય સંગ્રહાલયને પુન:પ્રદર્શિત કરવામાં આવ્યું છે. જેમાં નવા આકર્ષણોનો ઉમેરો ખાસ ધ્યાન રાખીને કરવામાં આવ્યો છે કે, મુલાકાતીઓ સ્થાપત્ય વૈભવને માણી શકે, તેમજ એક સાંસ્કૃતિક ધરોહર તરીકે, તે શિક્ષણ, અભ્યાસ અને જાહેર જનતા માટે જ્ઞાન સાથે ગમ્મતનું સ્થળ પૂરવાર થાય. ઉપરાંત, આપણા સમૃદ્ધ વારસા તરફ જાગૃતતા અને સંવેદનશીલતાને મુલાકાતીઓમાં કેળવવાનો પ્રયાસ કરે. સંગ્રહાલયમાં પથ્થર અને ધાતુના શિલ્પો, લઘુચિત્રો, કાષ્ઠ છત પર ચિત્રો, કાચનાં વાસણ, સિક્કા, ચલણી નોટ છાપવા માટેના ધાતુના બીબાં, તામ્રપત્ર, ભરતકામ અને મોતીકામ વાળી પ્રાદેશિક વસ્ત્રકલા, પ્રાકૃતિક ઇતિહાસના નમૂનાઓ અને નવાનગર રાજ્યના શસ્ત્રાગારનો સમાવેશ થાય છે. જે ૯મી થી ૧૯મી સદીના ઇતિહાસની ઝાંકી દ્વારા જામનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરે છે. હાલ ૨૦૧૮ માં લાખોટા કોઠાના જીર્ણોદ્ધાર અને સંરક્ષણ પછી, પુરાતત્વીય સંગ્રહાલય ૧૦ વિભાગોમાં જામનગરનો સાંસ્કૃતિક વારસો અને પ્રાદેશિક ઇતિહાસને ૩૨૧ કલાકૃતિઓના પ્રદર્શન દ્વારા રજૂ કરે છે. જે આપણા વારસાની ઉજવણી અને



અર્થપૂર્ણ સંદર્ભમાં અધિકૃત અને નોંધપાત્ર કલાકૃતિઓનો અનુભવ કરાવે છે. જો બીજા શબ્દોમાં કહીએ તો, પુરાતત્વીય સંગ્રહાલય, જામનગર જિલ્લાની ઓળખની સંક્ષિપ્ત પરિચયની ગાથા પ્રદર્શિત કરે છે.

વિશેષ માહિતી :

સમય :
માર્ચ થી ઓકટોબર બપોરે ૧.૦૦ થી રાત્રીના ૯.૦૦ કલાક
નવેમ્બર થી ફેબ્રુઆરી બપોરે ૧૨.૦૦ થી રાત્રીના ૮.૦૦ કલાક

લાઈટ એન્ડ સાઉન્ડ શો :
દર શનિવાર, રવિવારે અને જાહેર રજાના દિવસે રાત્રીના ૯.૦૦ થી ૯.૩૦
- સંગ્રહાલય દર બુધવારે અને બીજા-ચોથા શનિવારે બંધ રહે છે.
- સરકાર દ્વારા જાહેર રજાના દિવસોમાં બંધ રહે છે.

અંતર:
બસ સ્ટેન્ડ - ૧.૫ કિ.મી., રેલ્વે સ્ટેશન - ૪.૭ કિ.મી., એરપોર્ટ - ૮.૫ કિ.મી.

પ્રવેશ શુલ્ક:
રૂા. ૨૫/- ભારતીય નાગરિક માટે (પાંચ વર્ષથી ઉપર દરેક વ્યક્તિ દીઠ)
રૂા. ૧૦૦/- વિદેશી નાગરિક માટે





વૈવિધ્યપુર્ણ અને વણઉકેલાયેલ વાગડ

લેખક : મહાદેવ બારડ

ગુજરાતનાં ભૌગોલિક રીતે સૌથી વિશાળ જીલ્લા કચ્છનાં પૂર્વ વિસ્તારનો પ્રવેશદ્વાર એટલે 'વાગડ'. નાના નાના ડુંગરાઓ, રણ, કુંવારિકા નદીઓથી બનેલો આ પ્રદેશ ગુજરાત અને કચ્છને જોડે છે, અરે અહીં આવેલા કેટલાક બેટ તો એવા છે કે જ્યાં માત્ર ઊનાળામાં ચાર માસ દરમ્યાન જ પ્રવેશ કરી શકાય છે બાકી રણમાં ચારે તરફ પાણી હોવાના કારણે પ્રવેશી શકાતું નથી. વાગડ વિસ્તારનાં અગાઉ પલોસવા ગામથી રણ માર્ગે સુરેન્દ્રનગર ઝાલાવાડ બાજૂના ટીકર ગામનો રાજાશાહી માર્ગ હતો જેનો ઉપયોગ આઝાદી પહેલા કરવામાં આવતો અને વર્તમાન સમયમાં માત્ર ઊનાળામાં જ આ માર્ગ વપરાશમાં હોય છે અને એ પણ માત્ર જાણકારો માટે, સ્થાનિક જાણકારો સિવાય આ માર્ગનો ઉપયોગ કરશો તો રણ જ ગુમ થઈ જવાની શક્યતાઓ રહેલી છે.

અમૂલ્ય કુદરતી ખજાનાના ભંડાર એવો વાગડ પ્રદેશમાં સંત, સુરા અને સતિઓનાં પ્રમાણ આપતા અનેક પાળિયાઓ ગામે ગામ ઊભા છે. વાગડનાં લોકોની દાતારી જોવી હોય તો આ પ્રદેશના ગૌધન માટે ગોચર મુશ્કેલ જમીનના ગૌચર પાળીયા પણ વિપુલ પ્રમાણમાં જોવા મળે છે તેમજ સુરાપુરાના અને ત્રાગાના પાળીયા પણ વિશેષ છે. વાગડએ કચ્છથી અલગ તરી આવતો પ્રદેશ છે અને અહી પોતાની આગવી ઓળખ, ભાષા, પહેરવેશ છે. વાગડના લોકોની કરડાકી ભરી આંખો અને દાતારી જાણીતી છે.

"શિયાળે સોરઠ ભલો,
ઉનાળે ભલુ ગુજરાત
વરસે તો વાગડ ભલો,
કચ્છડો બારેમાસ"

વાગડ પ્રદેશ ૧૦૦થી વધારે ગામડાઓ ધરાવે છે અને રાપર તાલુકા તરીકે ઓળખાય છે. આ તાલુકાની પૂર્વે રણ પ્રદેશ અને ઝાલાવાડ આવેલું છે. પશ્ચિમે ભચાઉ તાલુકો આવેલો છે અને ઉત્તર દિશામાં રન પછી પાકિસ્તાન આવેલું છે જે આંતરરાષ્ટ્રીય સરહદે વાગડને જોડે છે. આ પ્રદેશમાં મુખ્યત્વે ક્ષત્રિય રાજપૂત, જૈન, લોહાણા, રબારી, ભરવાડ, કણબી પટેલ, કોળી, મુસ્લિમ, હરીજન, ભીલ, આહીર, દરબાર, સંધાર વગેરે જ્ઞાતિના લોકો હળીમળી રહે છે.

અહીં સ્ત્રી અને પુરુષને વર્ણ પ્રમાણે આગવો પોશાક છે અને પોશાક ઉપરથી ઓળખાય જાય છે કે તે ક્યા વર્ણના લોકો હશે. આ પ્રદેશનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે તેમજ વાગડ વિસ્તારનાં તમામ સમાજમાંથી લોકો વ્યવસાય અર્થે મુંબઈ સ્થાયી થયેલા છે. દુર રહેતા હોવા છતા વાગડવાસીઓ આ પ્રદેશને ખુબ પ્રેમ કરે છે અને આ પ્રદેશ પર આવતી દરેક મુશ્કેલીઓમાં સૌ પડખે રહી અમૂલ્ય ફાળો આપતા રહે છે.

અહીં મુખ્યત્વે કપાસ, બાજરો, મગ, જુવાર, મઠ, એરંડા, ઘઉ, જીરુ વગેરે પાકો ઉગાડવામાં આવે છે. મુખ્યત્વે ખારા પાણી વાળો પ્રદેશ હોવાના કારણે અહીં ખેતી માટે મુખ્યત્વે વરસાદ ઉપર આધાર રાખવો પડે છે. જો વરસાદ ન થાય તો વાગડના માલધારીઓને હીજરત કરવી પડતી હોય છે. જો કે વર્તમાન સમયમાં નર્મદાનાં નીર આવવાથી ઘણો વિસ્તાર પીયત થયો છે અને જીરુનો પાક લેતા થયા છે અને જેના કારણે આર્થિક પરિસ્થિતીમાં સુધારો આવ્યો છે.

હરપ્પન કાળનો સમૃધ્ધ પ્રદેશ

વાગડ પ્રદેશનું અગત્યનું પ્રવાસન સ્થળ છે ધોળાવીરા. રાપરથી ૧૦૦ કિ.મી દુર ખડીર બેટમાં આવેલ આ સભ્યતા ૫૦૦૦ વર્ષ અગાઉનાં સુસભ્ય માનવજીવનની અને સુવ્યવસ્થિત નગરરચનાની ઝલક આપે છે. અતિ અગત્યની હોય તેવી મુખ્ય પાંચ હરપ્પન કાળની વસાહતોમાંની એક ધોળાવીરા છે. ધોળાવીરાનો કાળક્રમ ઈ.સ.પૂર્વે ૨૬૫૦ થી ઈ.સ. પૂર્વે ૨૧૦૦ સુધીનો ગણાય છે. વર્ષ ૧૯૬૭-૬૮ દરમ્યાન આ સાઈટ ઉત્ખન્નિત કરવામાં આવી હતી. ધોળાવીરાને સ્થાનિક લોકોમાં કોટડા તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ ૧૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં આ સાઈટ ફેલાયેલી છે અને હજુ પણ આ સાઈટને પુરેપુરી ઉત્ખન્નિત કરવામાં નથી આવી. અહીં અત્યાર સુધીમાં થયેલા ઉત્ખનનમાં એક વિશિષ્ઠ નગર યોજના, સ્મારકીય સરંચના, સુરુચિપુર્ણ વાસ્તુકલા અને મંત્રમુગ્ધ કરનારી જળ વ્યવસ્થાએ સૌ સંશોધકોને માટે એક વિશાળ ફલક ઊભુ કર્યું છે. હરપ્પાકાલિન સિંધુ લિપિનાં દસ વિશાળ આકૃતિનાં અક્ષરોની સૂચના આપતી પટ્ટી અહીંથી પ્રાપ્ત થઈ છે જે સંભવત વિશ્વની સૌથી પ્રાચીન સૂચના પટ્ટી હોવાનું જણાય છે જે આ સાઈટની મુખ્ય વિશેષતા છે. કિલ્લેબંધ નગર, મુખ્ય દુર્ગ, ઉપલું નગર અને નીચલું નગર જેવા વિવિધ ભાગમાં વહેચાયેલું ધોળાવીરા તેની વિશેષ જળવ્યવસ્થાપન માટે સુપ્રસિધ્ધ છે.

ધોળાવીરા વિશે સૌપ્રથમ ધ્યાન જેનું ગયું હોય તે છે શંભુદાન ગઢવી. તેઓને એક જૂનો ઘડો મળેલો. ત્યારબાદ તેઓએ પુરાતત્વ વિભાગને જાણ કરતા તત્કાલિન સમયે સર્વેક્ષણ અને ત્યારબાદ ઉત્ખનન હાથ ધરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત આ વિસ્તારમાં સુરકોટડા, કાનમેર જેવી અન્ય બે હડપ્પીય સાઈટ આવેલી છે જો કે બંને સાઈટ પર પુરતું સંશોધન હાથ હજુ નથી ધરાયું. જો સમગ્ર વાગડ પ્રદેશમાં ભારતીય પુરાતત્વ વિભાગ અને ભુસ્તરશાસ્ત્રીની ટીમની મદદથી સર્વેક્ષણ કરવામાં આવે તો અનેકવિધ નવિન વિવિધતાસભર સાઈટ મળી આવવાની શક્યતાઓ છે.

કરોડો વર્ષ જૂના અવશેષો ધરાવતો અશ્મિ પાર્ક

કચ્છનાં વાગડ પ્રદેશની ભૂમિમાંથી મળી આવેલ ડાયનાસોર અને તેના સમકાલીન અન્ય પ્રાણીઓ અને વનસ્પતિઓનાં જીવાસ્મિઓ સાથે સંકળાયેલ અનેક વિગતોથી પૃથ્વીની ઉત્પતિ સજીવોની ઉત્ક્રાંતિ પાંચ મહાવિલોપનો તથા ડાયનાસોર કાળના પ્રાણીઓનું મહાવિલોપન અને ત્યારબાદ અર્વાચીન યુગ સુધી પૃથ્વી ઉપર રહેલા સસ્તનોના પ્રભુત્વનાં પ્રમાણોનાં આધારે કચ્છને જુરાસિક પાર્ક ગણી શકાય તેમ છે. અહી વાગડનાં આ પ્રદેશમાં ધોળાવીરાથી માત્ર ૧૦ કિ.મી.નાં અંતરે આવેલ ફોસિલ પાર્ક તરીકે વિકસિત કરેલો આ પ્રદેશ ભૂસ્તરીય કાળના મધ્યયુગના ૧૬ કરોડ વર્ષ જુના ડાયનાસોર અને વૃક્ષનાં અવશેષોથી ભર્યો પડયો છે. જો કે આ વિસ્તાર હજુ સુવ્યવસ્થિત રીતે વિકસિત થયો નથી. સમગ્ર વિશ્વકક્ષાએ અગત્યની કહી શકાય તેવી આ સાઈટ ફક્ત ફરતે ફેન્સીંગ કરેલ છે તે સિવાય સુવ્યવસ્થિત ગાઈડ લાઈન દર્શાવતા સાઈન બોર્ડ, ચોકીદાર, માર્ગ, શૌચાલય, પીવાનું પાણી જેવી કઈ જ સુવિધા નથી જે અતિ આવશ્યક છે.



આ ઉપરાંત અહી વ્રજવાણી ધામ, ગેડી, ભીમાસર, મોતીગઢ ડુંગર, ચિત્રોડમાં આવેલ કાશીગરની જગ્યા, રવેચીમાતાનું મંદિર, મોમાયમોરા, વરણેશ્વર દાદાનું સ્થાનક, બાદરગઢ ડુંગર, ધોરેશ્વર જાગીર, કંથકોટ સૂર્યમંદિર, રાપર, બાલાસર જગાજી દાદા, રાજબાઈ માતાજી, સઈ ગાગોદર, કિડિયાનગર, નિલાગર મહાદેવ, બેલાનો કિલ્લો, થાંબુદાદાનું સ્થાન વગેરે ઐતિહાસિક અને જોવાલાયક સ્થળો છે.

કચ્છનાં સુપ્રસિધ્ધ પાળીયામાં જેની ગણના થાય છે એવા ભીયા કકલનો પાળીયો રેલડી ગામમાં ઊભો છે. કચ્છનાં દેવાયત બોદર તરીકે ઓળખાતા ભીયા કકલ માટે પણ એવી જ કથા છે કે તેઓએ કચ્છના રાજાનો જીવ બચાવ્યો હતો. રેલડી ગામનાં હળાજી પરમારએ ચારણની બાઈ માટે ગુજરાતનાં મુસલમાન રાજાઓ સામે યુધ્ધ કરેલ અને જેમાં વાગડના બધી જ શાખાઓનાં રાજપૂતો લડેલા. આ યુધ્ધની ભયંકર ખુવારી જોતા હું તેને જારાના યુધ્ધ સાથે સરખાવું છુ કે જેમાં બાળકો અને થોડા ઘણા રાજપૂતો બચેલા અને આઈ ચારણની લાજ રાખેલી. હળાજી પરમારનો પાળીયો હાલમાં રેલડી અને કાનમેર ગામની વચ્ચે હાસડીધારમાં આવેલો છે. આ ઘટના અને યુધ્ધનું વર્ણન પરમાર વંશનાં રાજપુતના બારોટો પાસે છે અને તેમની પાસે કેટલી શાખાના

રાજપૂતોએ બલિદાન આપ્યા અને કેટલા ઘોડા કપાયા તેનું વિસ્તૃત વર્ણન છે.

વાગડ વિસ્તારમાં ગામડે ગામડે અસંખ્ય પાળિયાઓ આવેલા છે અને તેમાંથી અમુકનો ઈતિહાસ તેમના વંશજો પાસેથી તો અમુકનો ઈતિહાસ બારોટો પાસેથી મળી આવે છે. આજેય અનેક એવા પાળીયાઓ આ પ્રદેશમાં આવેલા છે કે જે અતિ અગત્યનો ઈતિહાસ ધરબીને બેઠા છે પરંતુ તેની વિગતો અપ્રાપ્ય છે. આવા પાળીયાઓનો ઉકેલ તેની નીચે કોતરેલા લખાણમાંથી મળવાની શક્યતાઓ રહેલી છે. મોટા ભાગના પાળીયાઓમાં લખાણ દેવનાગરી અથવા જુની ગુજરાતીમાં જોવા મળે છે. જે તે સમયે કચ્છ રાજ્યનો પ્રભાવ આ પ્રદેશ પર ઓછો હતો. અહી સણવા જાગીરદારો, આડેસર જાગીરદારો અને બેલા જાગીમરદારો હતા તેમજ ગામ પ્રમાણે એક મુખિયા નિયુક્ત કરવામાં આવતો જે ગામનો વહીવટ કરતો અને કચ્છ રાજ્યમાં મહેસૂલ જમા કરાવતો. ઘણી વાર કચ્છ રાજ્ય તરફથી વાગડ પ્રદેશ પર હુમલાઓ પણ થતા જેનો ઉદ્દેશ રહેતો મહેસુલ અને સત્તાની જાળવણી. જેની સામે વાગડમાં ગામડે ગામડે યુવાનો લડતા અને વિરગતી પામતા. કચ્છ રાજ્ય



સાથેના યુધ્ધમાં અને એ ઉપરાંત સિંધ બાજુથી આવતા લુટારાઓના સાથે લડતા પણ વિરગતી પામતા યુવાનોના પાળીયા પણ જોવા મળે છે. આ ઉપરાંત ત્રાગાનાં પાળીયા, પતિ પાછળ, ભાઈ પાછળ, સત ચઢતું હોય તેવા સતિના પાળીયા ઉપરાંત ગૌચરના પાળિયા પણ જોવા મળે છે.

"વંડી વાગડની ભૂમિ
જ્યાં નૈસર્ગિક કળા છલકાય
પથ્થર પણ વિરત્વ પુકારે
મસ્તક જ્યાં સસ્તા તોળાય"

ગૌચરના પાળીયામાં એવુ હોય છે કે પોતાના વડવાઓ પાછળ પોતાની અમુક જમીનનો ભાગ ગાયો માટે દાન આપવામાં આવે છે. આવા પાળીયા ઉપર સૂર્ય, ચંદ્ર અને ગાય,વાછરડાનું નિશાન કોતરવામાં આવે છે.


વાગડનું લોકગીત

સાહયબા સડકું બંધાવ
સાહયબા સડક્યું બંધાવ, એ વાગડ જાવું
વાગડ જાવું મારે ભુજ શે'ર જાવું
વાગડ જાતા મને તડકારે લાગે
સાહ્યબા ઝાડ રોપાવ, એ વાગડ જાવું
વાગડ જાતા મને તરસલડી રે લાગ
સાહ્યબા પરબ બંધાવ, એ વાગડ જાવું
વાગડ જાવું, સાહ્યબા વાગડ જાવું
વાગડ જાતા મને ભુખલડી લાગે
સાહ્યબા કંદોઈ બેસાડ, એ વાગડ જાવું
વાગડ જાવું, સાહ્યબા વાગડ જાવું
વાગડ જાવું, મારે ભુજ શે'ર, જાવું
સાહ્યબા સડક્યું બંધાવ, એ વાગડ જાવું.

- વેલજીભાઈ ગજ્જર
લોકગીત - ભજન

ગાયકવાડી શાસનનો પ્રથમ સાક્ષી સોનગઢનો કિલ્લો

લેખકઃ ધર્મેશ પંડ્યા



મૂળ સુરત જિલ્લો પહેલા ૧૫ તાલુકાનો બનેલો હતો અને આઝાદી સમયે રાજ્યનો સૌથી મોટો જીલ્લો હતો. સુરત જિલ્લાનો સૌથી છેવાડાનો તાલુકો નિઝર લગભગ ૨૦૦ કિ.મી. ફરતા દૂરના ગામો ધરાવતો તાલુકો હતો. આવા વિશાળ સુરત જીલ્લામાંથી કાળક્રમે વલસાડ, નવસારી અને છેલ્લે ૨જી ઓક્ટોબર ૨૦૦૭માં તાપી જીલ્લો અલગ થયો. નવનિર્મિત તાપી જીલ્લો ઇતિહાસના પાનાં ઉપર વર્ષોથી આગવું સ્થાન ધરાવે છે. આમ તો હાલના તાપી જિલ્લાનો વિસ્તાર મોટાભાગનો ગાયકવાડી રાજ્યના નવસારી પ્રાંત હેઠળ જે તે સમયે હતો અને તે પૂર્વે મોગલકાળથી તે ઇતિહાસના પાને વણાયેલ હતો.

આવા તાપી જીલ્લાનું એક આગવું ઐતિહાસિક મહત્વ છે. આ જીલ્લામાં અનેક પુરાતાત્વિક સ્થળો આવેલ છે. જેના અભ્યાસથી ઇતિહાસની ખૂટતી કડીઓ ઉકેલી શકાય એમ છે. અહીં હું આવા કેટલાક સ્થાનો તરફ અંગુલી નિર્દેશ કરવા માંગુ છું.

સોનગઢનો કિલ્લો :

ઔરંગઝેબના મૃત્યુ પછીના પચાસ વર્ષોમાં મોગલાઈની પડતી થઈ અને તે સમયે મરાઠાઓનો ઉદય થયો હતો. મરાઠાઓને ગુજરાતમાં આવવાનો માર્ગ પીપાલ્નેર, નવાતુર, સોનગઢ તથા નવસારી હતો. આ રસ્તો સહી સલામત રહે અને ભયને પ્રસંગે મુશ્કેલી ન પડે તે હેતુથી તેઓએ રસ્તા ઉપર પોતાના થાણાં ઉભા કર્યા હતા અને આ રીતે ગુજરાત તથા દક્ષિણ પ્રદેશ વચ્ચેના વેપારના રસ્તા ઉપર મરાઠાઓ સત્તા ચલાવતા હતા.

૧૯૪૭ સુધી સોનગઢ વ્યારામાં ગાયકવાડી અમલ હતી. પૂનાં નજીકના દાવડી ગામના કુટુંબના પીલાજીરાવ ગાયકવાડ જે તે સમયે ખાનદેશ જીલ્લામાંના નવાપુર ગામમાં ઘોડેસ્વારની ટુકડીના ઉપરી હતા. તે સમયે બીજા મરાઠા સરદારે નવાપુર પોતાની હદમાં હોવાનો દાવો કર્યો તેથી પીલાજીરાવને નવાપુર છોડી દેવાની ફરજ પડી અને ગીચ જંગલોમાં મેવાસી ભીલોના સોનગઢના ડુંગર ઉપર તેમણે પોતાનું થાણું જમાવ્યું અને ત્યાંથી ભવિષ્યમાં દરોડા પાડવાના હેતુથી સોનગઢના જંગલી ભીલો પાસેથી એ ડુંગર જીતી લીધા અને મજબૂત કિલ્લો બંધાવ્યો. સુરતના મુત્સદ્દી શેખ ઉલ ઈસ્લામે સૈયદ અકીલની અને મહંમદ પનાહની સરદારી નીચે મોકલેલા લશ્કરને તેમણે મારી હરાવ્યું અને મહંમદ પનાહને કેદ કર્યો ભારે રકમ આપ્યા બાદ તેનો છુટકારો કર્યો આમ ઈ.સ. ૧૭૧૯માં સોનગઢને ગાયકવાડે પોતાનું સ્થાન બનાવ્યું. પોતાની તમામ પ્રવૃત્તિઓનું નિયમન સોનગઢમાં રહી કરવા લાગ્યા. આમ સોનગઢનો કિલ્લો ગાયકવાડી સત્તાની પહેલી પાટનગરી બન્યું. ૧૭૬૬માં દામાજીરાવ ગાયકવાડે પાટણને પાટનગર બનાવ્યું ત્યાં સુધી સોનગઢ ગાયકવાડી રાજ્યનું પાટનગર રહ્યું.

કિલ્લાના પ્રવેશદ્વાર પર પહોંચતા

ડાબી બાજુએ એક શિલાલેખ છે. આ કિલ્લો પીલાજીરાવ ગાયકવાડે સન ૧૭૨૮-૨૯માં ફરીથી બાંધ્યો અને આ કિલ્લો ૧૭૨૯ થી ૧૭૬૩ સુધી ગાયકવાડીનું મુખ્ય મથક રહ્યો. આ દૃષ્ટિએ જોતાં આ કિલ્લો બાંધતા આશરે દસ વર્ષ લાગ્યા હશે. ગેઝેટીયરના લખાણ અને શીલાલેખ જોતાં કિલ્લો અગાઉ વિદ્યમાન હોવો જોઈએ, સોનગઢનો કબ્જો લીધા બાદ પીલાજીરાવે કિલ્લામાં જરૂરી સુધારા વધારા કરી ફરીથી બંધાવ્યો હોવો જોઈએ.

૧૭૩૦માં પીલાજીરાવે ગાયકવાડ રાજ્ય સ્થાપ્યું જેનું મુખ્ય મથક ૧૭૬૩ સુધી સોનગઢ રહેલું.

કિલ્લાની સમગ્ર રચનામાં મોગલ અને મરાઠા શૈલીના બાંધકામની અસર દેખાય છે. શિવાજીની પરંપરા પ્રમાણે ગિરીદુર્ગોના નિર્માણનું આ એક ઉત્તમ ઉદાહરમ છે. આ કિલ્લો જમીનની સપાટીથી ૬૭૮ ફુટ અને સમુદ્ર સપાટીથી ૧૦૭૮ ફુટ ઉંચાઈએ આવેલો છે.

આ કિલ્લાની ધ્યાનાકર્ષક બાબત ટોચથી તળેટી સુધીની સમાંતરરૂપે નીચે ઉતરતી ૯ ફુટની તોતીંગ દિવાલો છે. કિલ્લાના પ્રવેશદ્વારા પાસેથી ડાબી તરફનો બૂરજ તૂટી પડ્યો છે. જમણી બાજુનો બુરજ પતતની રાહ જુએ છે. આ સિવાય બીજા ત્રણ બુરજ છે. કિલ્લાનો ઉપયોગ વોચ ટાવર તરીકે થતો હોવો જોઈએ. અંદરના ભાગે ઉભા રહીને એક સમયે ત્રણ ત્રણ સૈનિકો દુશ્મનો ઉપર ગોલાબારી કે તીરંદાજી કરી શકે તેવું ચણતર છે. લશ્કરને છુપાવવાના બંકરો અને ભોંયરા ઠેરઠેર જોવા મળે છે. ભોંયરામાં ઉતરવા માટે દોરડાઓનો ઉપયોગ થતો હશે તે દિવાલોમાં કાણાં પાડીને પગ મૂકી શકાય તેવી રચનાથી સમજી શકાય છે.


કિલ્લાની મધ્ય ભાગે એક ભવ્ય મહેલના અવશેષો દેખાય છે. ગોખ, ઝરૂખા, કોતરણી વગેરે બચેલા છે મહેલમાં પાણીના સંગ્રહ માટે ટાંકીની વ્યવસ્થા છે. જંગલમાં લાગેલ આગને કારણે મહેલનો કેટલોક ભાગ બળી ગયેલો માલૂમ પડે છે. કિલ્લા ઉપર મહાકાળી મંદિર અને દરગાહ આવેલ છે. કિલ્લાના ભોંયરામાં એક સમયે ઘી અને તેલ ભરવાના ભંડારો હતા. ખંડેરાવ દાદા જીલ્લાના રખેવાળ દેવ હતા એવું તેમના આયુધો અને અશ્વારોહ પરથી જણાય છે. ખંડેરાવ મંદિરની સામે એક નાનો લંબગોળ કૂવો છે. તેમાં તેલ ભરવામાં આવતું હતું મંદિરમાં ૨૫ બાય ૩૦ ફૂટ લંબચોરસ ટાંકીમાં પાણીનો સંગ્રહ કરવામાં આવતો હતો. હોજમાં જવા માટે પગથીયા છે. મહાકાળી મંદિરના પાછળની ભાગે પાણીના સંગ્રહ માટે બીજી એક વિશાળ રચના છે. સંભવ છે કે સંકટ સમયે સંતાવાની એ જગ્યા હોય, કિલ્લાની ઉપરના ભાગે કાટ ખવાઈ ગયેલી હાલતમાં ચાર તોપો હતી પણ તે લોકોએ નીચે ફેંકી દીધી છે.

કિલ્લા ઉપર એક મહેલ છે. તેમાં શ્રીમંત ગાયકવાડ સરકારની ગાદી છે. બીજી ૧૧ ખોલીઓ છે જેમાંની ૧૦ નાની અને મોટી ખોલી છે. જેમાં અધિકારીઓ અને નોકર ચાકરો રહેતા હશે. ઉપર કહ્યા પ્રમાણે પાણીના ટાંકા અને તે સિવાય "ભુઈધર" એ નામથી ઓળખાતાં ચાર ભોંયરા છે જેમાનાં બેમાં હાલ થોડે સુધી જઈ શકાય છે. કિલ્લાના રક્ષણ માટે જે તે સમયે ચાર સિપાઈ, એક ફરાસ અને એક ભેરી ફૂંકનાર રહેતા હતા. કિલ્લામાં સૈયદ સાદાત અને ચાંદશી વલીની બે દરગાહો પણ છે. તેમની પૂજા માટે ફકીર અને મંદિરમાં પૂજા માટેના પૂજારીઓ પણ રહેતા હતા.

સોનગઢનો કિલ્લો હાલ સરકારી અને જંગલખાતાનું ક્ષેત્ર બની ગયું છે. ધીમે ધીમે આ વારસો લુપ્ત થવાની આરે છે ત્યારે તેના રક્ષણ, જતન માટે સવેળા તંત્ર જાગે એ ઇચ્છનિય છે. ઇતિહાસની ઉપેક્ષા આવનાર પેઢી માટે ઘાતક સાબિત થશે તેથી સમયસર તેને ભૂતકાળની ભવ્યતા પાછી અપાવવા પ્રયત્ન થાય તે જરૂરી છે.

પરિચયગાથા

લેખક : ઋષિ પંડ્યા



પ્રો. રતન પરીમૂ
(આર્ટ-હિસ્ટોરિયન અને ચિત્રકાર)

આજે પરિચયગાથા શ્રેણીમાં આપણે એક એવા વ્યક્તિની મુલાકાત કરીશું જેઓ ફક્ત વારસા/ઇતિહાસ સાથે જ નહીં પરંતુ કલા સાથે પણ જોડાયેલા છે.

૮૨ વર્ષ જેમના માટે ફક્ત એક નંબર છે તેવા પ્રો. રતન પરીમૂ, મૂળ શ્રીનગરમાં જન્મેલા કશ્મીરી બ્રાહ્મણ છે. જેઓ હાલમાં એલ.ડી. મ્યુઝિયમ તથા એન. સી. મહેતા ગેલેરીનું ડિરેક્ટર/નિયામક પદ સંભાળે છે. તેઓ ફક્ત આર્ટ-હિસ્ટોરિયન જ નહીં જાણીતા ચિત્રકાર પણ છે અને તેઓએ જીવનનો ઘણો સમય કલા-ઇતિહાસના તળસ્પર્શી અભ્યાસમાં અને તેના ઉપરનાં સંશોધન-લેખ લખવામાં પસાર કર્યો છે. આધુનિક ભારતીય કલાકારો, રવિ વર્મા, ટાગોર અને બંગ્લા સ્કૂલ જેવા વિષયમાં તો તેઓ વિષયજ્ઞાતા ગણાય છે.

ગુજરાતીમાં એક વાક્ય કથન છે, 'પિતા સપના તરફ લઈ જાય' તેવું જ કંઈક બન્યું પ્રો. રતન પરીમૂ સાથે. મૂળ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી એવા રતન પરીમૂનો લગાવ અને રૂચી સતત કલા તરફ છે એ જોઈને ૧૯૫૧માં તેઓના પિતાશ્રીએ તેમને ઘરથી ખૂબજ દૂર એવા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડામાં નવા જ શરુ થયેલા મ્યુઝીઓલોજીનાં કોર્સમાં અભ્યાસ અર્થે મોકલ્યા, ૧૯૫૫-૫૭ સુધીમાં અભ્યાસ પૂરો કરી તેઓ ડીપાર્ટમેન્ટ ઓફ કલ્ચર ફોર પેઈન્ટીંગ જેવી અનેક સંસ્થામાંથી સ્કોલરશીપ/ પુરસ્કાર પણ મેળવી ચૂક્યા હતા અને પ્રો. એન.એસ. બેન્દ્રે જેવા જાણીતા કલાકાર પાસેથી માર્ગદર્શન પણ મેળવી રહ્યા હતા. વિષયીક અભ્યાસની સાથે સાથે ૧૯૫૯માં તેઓ ફાઈન આર્ટ્સમાં લેક્ચરર તરીકે જોડાયા અને ૧૯૬૦માં, બ્રિટીશ સરકાર દ્વારા લંડનમાં વિશ્વની જાણીતી કોર્તુલ્ડ ઈન્સ્ટિટ્યુટ ઓફ આર્ટમાં અભ્યાસ કરવા માટે તેમને કોમનવેલ્થ સ્કોલરશીપ આપવામાં આવી. ૧૯૬૩માં તેઓએ 'હિસ્ટરી ઓફ વેસ્ટર્ન આર્ટ' વિષય સાથે લંડન યુનિવર્સિટીમાં બી.એ.ની ઓનર્સ ડિગ્રી પૂર્ણ કરી ભારત પાછા ફર્યા અને તેઓ ભારતની એક જાણીતી યુનિવર્સિટીમાં ઔપચારિક રીતે કલા ઇતિહાસ શીખવવાનું શરૂ કરનાર પ્રથમ 'પશ્ચિમી શિક્ષિત (જેઓ પોતાનો અભ્યાસ પરદેશથી પૂરો કરી આવ્યા છે તે)' કલા ઇતિહાસકાર બન્યા.

૨૫ વર્ષના તેમના તે સમયમાં તેઓ એ 'હેડ ઓફ ડિપાર્ટમેન્ટ' થી માંડીને અનેક ફરજો નિભાવતા-નિભાવતા તેઓએ કલાકારો, વિષયજ્ઞાતા અને ડિઝાઈનર્સ વગેરેને અલગ અલગ પ્રવૃતી દ્વારા જોડવાનો પ્રયત્ન પણ કર્યો હતો. તેઓએ આર્ટ હિસ્ટ્રી, આર્ટ ક્રિટિઝમ એન્ડ એસ્થેટિક્સના વિષયમાં પણ નોંધનીય પ્રયત્ન કરેલા છે. તેઓએ વિદ્યાર્થીને ઊંડાણમાં વિષયનો અભ્યાસ કરવા મળે તેના માટે બી.એ. અને એમ.એ. સ્તરે પરંપરાગત અને આધુનિક આર્ટ્સ વચ્ચેની અવરોધોને દૂર કરી ઊંડાણપૂર્વક ભારતીય અને યુરોપીયન આર્ટ હિસ્ટ્રીનો અભ્યાસ કરવા માટે એક પ્લેટફોર્મ તૈયાર કર્યુ, સૌ પ્રતમ તેઓએ જ ફોટો-આર્કાઈવ્સની સ્થાપના કરી અને ભારતમાં યુરોપિયન આર્ટ, ઇન્ડિયન આર્કિટેક્ચર, શિલ્પ, પેઇન્ટિંગ્સ અને આધુનિક ભારતીય કલા સહિતના દસ્તાવેજોના ડોક્યુમેન્ટેશન પર ભાર મૂક્યો હતો. આજે લગભગ ૭૫ હજાર છબીઓનું આ આર્કાઈવ આવનારી પેઢીના શિક્ષણ માટે વપરાય છે.

કહેવાય છે, જ્ઞાન મેળવવું એના કરતા મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરવો અથવા તો તેને વહેંચવું એ વધારે અગત્યનું છે.

વિદ્યાર્થીઓ અને શિક્ષકો ને વિષય સાથે ઊંડાણ પૂર્વક જોડવા તેઓએ ભારતીય કલા પર અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કર્યું છે, જેમાં ઈલોરાની ગુફાઓ ખાતેની સાઈટ સેમિનાર - ૧૯૮૫ (તસવીર : પ્રો. રતન પરિમ્યુ ૧૯૮૫ માં ઈલોરા પર આંતરરાષ્ટ્રીય સેમિનારના કન્વીનર તરીકે), અને એમએસયુમાં આર્ટ ઓફ આર્ટના આંતરરાષ્ટ્રીય સેમિનાર ખૂબજ નોંધપાત્ર રહ્યા છે. ૧૯૮૮માં ટોન અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લેવા અને પ્રતિષ્ઠિત વ્યાખ્યાન શ્રેણી આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત તેઓએ ૧૨ પુસ્તકો લખ્યા છે, ૮ પુસ્તકો સંપાદિત કર્યા છે અને ભારતીય કલા, શિલ્પ અને પેઈન્ટીંગના ઇતિહાસ સાથે સંકળાયેલા ૧૧૨ થી વધુ સંશોધન લેખો પ્રકાશિત કર્યા છે. તેઓ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ અને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટીચીંગ, દિલ્હીના સભ્ય તરીકે જોડાયા છે અને ૧૯૭૫ અને ૧૯૮૧ની વચ્ચે તેઓ ફાઈન આર્ટ્સના ફેકલ્ટી ડીન તરીકે પણ ફરજ બજાવી ચુક્યાં છે.

૧૯૭૩માં તેઓ અરિનિન્દ્રનાથ, ગગનંદ્રનાથ અને રવિન્દ્રનાથ ટાગોરની પેઈન્ટિંગના વિષય પીએચડી કરી ચૂક્યા છે અને એમ કહી શકાય કે તેઓએ વિષયના અભ્યાસ અને પ્રકાશન માટે મંજૂરી મેળવનાર પ્રથમ વ્યક્તિ હતા, વર્ષ ૨૦૧૦માં તેઓના આ અભ્યાસને 'આર્ટ ઓફ શ્રી ટાગોર્સ ફ્રોમ રીવાઈવલ ટુ મોડર્નિટી' નામ સાથે ફરીથી વિસ્તૃત સ્વરૂપમાં પ્રકાશિત કરવામાં આવ્યું. તેઓ ફક્ત એક જ નહીં અનેક વિષયના પણ ગહન અભ્યાસું રહી ચૂક્યા છે, ૧૯૭૪માં, ન્યુયોર્કના ફાઈન આર્ટ્સના ઇન્સ્ટિટ્યુટ ખાતે, વિશ્વના જાણીતા કલા ઇતિહાસકાર ડૉ. સ્ટેલા ક્રેમિશ હેઠળ અભ્યાસ કરવા માટે તેઓએ 'જેડીઆર ૩જી રોકફેલર ફેલોશિપ' મેળવી તો ૧૯૯૦-૧૯૯૨ માં તેમને ભારત અને એશિયામાં બૌદ્ધ કલામાં 'જાતક વાર્તાઓ' માટે 'જવાહરલાલ નહેરુ ફેલોસિપ' અને ભારતીય આર્ટમાં વૈષ્ણવવાદના પ્રભાવ પર, ભારતીય શિલ્પમાં શેષશાયી વિષ્ણુ, નેરેટિવ રિલીફ્સમાં બુદ્ધનું જીવન પર સંશોધન પણ તેઓએ કર્યું છે.

આ બધા વિષયના અભ્યાસની સાથે સાથે તેઓએ કલા તરફની તેમની રૂચી જાળવી રાખી અને ચિત્રકામ ચાલુ રાખ્યું. તેઓએ મુંબઈ ખાતે ૧૯૬૪માં પોતાનું પહેલું ચિત્ર પ્રદર્શન કર્યું, જેનાથી તેઓ દેશના સૌથી નાના એબસ્ટેક ચિત્રકારોમાંના એક તરીકે જાણીતા થયા અને છેલ્લા પાંચ દાયકા દરમિયાન, તેઓની પેઇન્ટિંગ શૈલીઓએ ઘણા તબક્કાઓ પસાર કર્યા, જે ૧૯૯૯માં મુંબઈ અને ૨૦૦૬માં દિલ્હીમાં મોટા રેટ્રોસ્પેક્ટિવ એક્ઝિબિશનમાં બતાવવા સ્થાન મેળવી ચુકી છે. ૨૦૦૭ માં ૭૧ વર્ષની ઉંમરે તેઓને લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ અમદાવાદના નિયામક તરીકે આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેઓએ આ મ્યુઝિયમને પોતાનું બીજુ ઘર બનાવી દીધું, તેમના માર્ગદર્શન હેઠળ મ્યુઝિયમમાં અનેક નવા આકર્ષણો ઉમેરાયા, વિદ્યાર્થી અને વિષય જ્ઞાતા માટેના અલગ અલગ પ્રોગ્રામ અને પરિસંવાદ યોજાયા અને આજની તારીખે તેઓ મ્યુઝીયમના એક સંગ્રહ પર માહિતીસભર પુસ્તક લખી રહ્યા છે. સાથે સાથે તેઓ લાડોલ (મહેસાણા જિલ્લો) ના જૈન શિલ્પો વિષય પર પણ કામ કરી રહ્યા છે. (લાડોલ ના જૈન શિલ્પો પર તેઓએ લખેલો પરિચય-લેખ આજ અંકમાં વણી લેવામાં આવ્યો છે.

વિષયના અભ્યાસું એવા પ્રો. રતન પરીમૂ ઇતિહાસ અને કલાનો અનોખો સમન્વય છે, તેમના અને તેઓ જેવા અભ્યાસુઓ આપણાં વારસા અને કલાને જીવંત રાખી રહ્યા છે અને તેને પુસ્તક રૂપે આવતી પેઢી માટે સાચવી રહ્યા છે. પ્રો. રતન પરીમૂને આપ સૌ વાચકો તરફથી મારા તમારા ખૂબ ખૂબ શુભાશીષ સાથે નમસ્કાર.

લેખને વિરામ આપતા પહેલા મારે તમને સૌને એજ સવાલ પુછવો છે જે મને પ્રો. રતન પરીમૂ દરેક મુલાકાતમાં પૂછે છે. "આપણી પાસે એટલી બધી હિસ્ટ્રી છે મોન્યુમેટ્સ છે ચારેબાજુ, એને સાચવશું કેમ ? બધાનો સ્ટડી કરી અને માહિતી કોણ ભેગી કરશે ? જો હવે કંઈ નહીં કરીએ તો આ બધુ ખતમ થઈ જશે, વી નીડ ટુ ડુ સમથિંગ" અને મિત્રો આ સવાલ ફક્ત મારા માટે નહીં પણ આપમાં સૌ હેરીટેજ લવર્સ માટે છે અને જવાબ હવે શોધવો રહ્યો.

સંદર્ભઃ
ગૌરી પરીમૂ ક્રિષ્નન

અતુલ્ય વારસો દ્વારા ચાલતી અનોખી પહેલ : ટી પાર્ટી



અતુલ્ય વારસો દ્વારા અમદાવાદમાં પ્રતિ માસ અને રાજ્યનાં અન્ય ઐતિહાસિક શહેરોમાં સમયાંતરે ટી પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. જેમાં પોતાની ઐતિહાસિક ધરોહરની જાળવણી અને તેના પ્રચાર પ્રસાર માટે ગૌરવ લેનાર લોકો સાથે બેઠકનું આયોજન કરવામાં આવે છે અને ચા પીતા પીતા શહેરનાં ઐતિહાસિક ધરોહરની વર્તમાન સ્થિતી અને આગામી સમયમાં તેની જાળવણી માટે કરવાની થતી પ્રવૃતિઓ વિશે ચર્ચા અને આયોજન કરવામાં આવે છે. સ્થાનિક લોકોમાં એક વિચાર ધરાવતા લોકો વચ્ચે જોડાણ વધે છે. શ્રાવણ માસનાં પ્રથમ દિવસે આયોજીત અમારી આ મિટીંગમાં જૂનાગઢ અને આસપાસનાં ૫૦ જેટલા લોકો જોડાયા હતા. જેમાં બહાઉદ્દીન કોલેજનાં દ્વજીજીનાં ૧૫થી વધારે વિધાર્થીઓ, કોલેજનાં સંયોજકશ્રી ડો. વિશાલ જોષી, અતુલ્ય વારસોની ટીમ તરફથી શ્રી કપિલ ઠાકર અને હેરિટેજ ફોટોગ્રાફરશ્રી નરેન્દ્ર ઓતિયા, ભારતીય પુરાતત્વ વિભાગનાં અધિકારીશ્રી ક્રીષ્નકુમાર બાજ, શ્રી અર્જુનભાઈ આહીર, દિવ્યભાસ્કરનાં શ્રી અર્જુનભાઈ ડાંગર, શ્રી નિકુંજ સુંદરસાથ, જનમત ગૃપનાં શ્રી મુકેશભાઈ ખૂંટ અને ટીમ, શ્રી ભગવાનભાઈ દેવળીયા, શ્રી હિતેશભાઈ જોષી, શ્રી જીતુભાઈ ખુમાણ, શ્રી મનિષ વાણવી, શ્રી હર્ષ પટેલ અને શ્રી ધર્મરાજસિંહ વાઘેલા જેવા અનેક મહાનુભાવો જોડાયા હતા. પ્રથમ પરિચય બાદ ટી પાર્ટીનાં કોન્સેપ્ટની રૂપરેખા આપવામાં આવી અને જોડાનાર સર્વેનાં વિચારો જાણવામાં આવ્યા અને તેમનાં મંતવ્યો નોંધવામાં આવ્યા. સૌપ્રથમ તો જૂનાગઢનાં હેરીટેજ સ્થળો વિશે અને તેની વર્તમાન પરીસ્થિતી વિશે ચર્ચા થઈ.

- શાળા સ્તરે વિધાર્થીઓમાં હેરીટેજ શિક્ષણને વધારવું
- સ્વચ્છતાને લગતી પ્રવૃતિઓ વધારવી ખાસ કરીને લોક જાગૃતિ કાર્યક્રમો કરવા
- ઉપરકોટ હાલમાં ચાર અલગ અલગ વિભાગ પાસે છે જેમાં કેંદ્ર અને રાજ્યનું પુરાતત્વ ખાતુ, જૂનાગઢ મહાનગરપાલિકા, કલેકટરશ્રીની કચેરીનો સમાવેશ થાય છે જેના કારણે ઉપરકોટ જેવા ભવ્ય કિલ્લાનાં વિકાસને લક્ષી કામગીરી થઈ શકતી નથી તો ઉપરકોટનાં કેંદ્રીકરણ માટે પગલાઓ ભરવા
- યુવાઓને જોડી મહત્તમ કાર્યક્રમો હાથ ધરવા
- હેરીટેજ વોકને નિયમિત બનાવવું

- પ્રાકૃતિક અને ઐતિહાસિક ધરોહરનો અખૂટ ખજાનો જૂનાગઢ અને ગિરનારમાં આવેલો છે જેનો વિશ્વસ્તરે પ્રચાર પ્રસાર કરવો.
- અનેક હિંદુ મુસ્લિમ સ્મારકો ખાસ કરીને મહાબત ખાન જેવા અનેક મકબરા જૂનાગઢમાં આવેલા છે જે આ શહેરને વિશ્વકક્ષાએ સ્થાન અપાવે તેમ છે જ્યાં હાલમાં ક્રીકેટ રમાય છે તેમજ રાત્રિનાં સમયે જુગાર જેવી અનૈતિક પ્રવૃતિ થાય છે જેને બંધ કરાવી સ્થળને ઉજાગર કરવું.
- ઉપરકોટનાં કિલ્લામાં આવેલ સ્મારકોની નોંધણી કરાવવી અને યોગ્ય પ્રસાર કરવો. અડી અને કડી એમ બે વાવ છે જેમાં હાલમાં એક જ વાવ લોકોનાં ધ્યાનમાં છે તો બાજૂમાં આવેલ બીજી વાવને પણ ઉજાગર કરવી જોઈએ.
- ઉપરકોટમાં આવેલ જળ વ્યવસ્થાપન સિસ્ટમ અદ્દભુત છે પણ ક્યાંય ઉજાગર નથી કરવામાં આવી જેની તાતી જરૂરીયાત છે.

ઉપરોક્ત જેવા અનેક મુદ્દાઓ પર ચર્ચાઓ થઈ અને અહેવાલ તૈયાર કરવાની કામગીરીનો પ્રારંભ કરાયો. સાથે સ્થાનિક રસિક લોકોનું એક વોટ્સ એપ ગૃપ તૈયાર કરવામાં આવ્યું જેમાં જૂનાગઢનાં હેરીટેજ લવર્સને જોડવાની અને નવા સભ્યોને એડ કરી જરૂરીયાત પ્રમાણે પ્રવૃતિઓ હાથ ધરવાની કામગીરી તજવીજ હાથ ધરાઈ છે.



અમે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનાં વિવિધ ઐતિહાસિક શહેરોમાં ટી પાર્ટીનું આયોજન કરીએ છીએ જેનો હેતુ સ્થાનિક સ્તરે હેરીટેજ રસિકોનું સંકલન કરવાનું અને તેમની સાથે મળી સકારાત્મક પગલાઓ હાથ ધરવાનું છે. ગત્ત ૧૩ સપ્ટેમ્બરનાં રોજ ભૂજમાં પ્રાગ મહેલનાં પ્રાંગણમાં ટી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શહેરનાં સ્થાનિક ઉપરાંત સમગ્ર કચ્છનાં વિવિધ ભાગમાંથી હેરીટેજ પ્રેમીઓએ ભાગ લીધો હતો. મોટા ભાગનાં જુદા જુદા ક્ષેત્રનાં હતા પણ સૌનો અંતિમ ધ્યેય એક જ હતો કે કચ્છનાં વૈભવી વિરાસતની જાળવણી અને તેનું સરંક્ષણ- સંવર્ધન. ગુજરાતમાં અન્ય શહેરોનાં પ્રમાણમાં ભૂજનો અનુભવ વિશેષ રહ્યો. અહીના સભ્યો વહેલી તકે વિવિધ રચનાત્મક પગલાઓ હાથ ધરાય તે માટે આતુર હતા. સૌ પ્રથમ એકબીજાની ઓળખ બાદ કચ્છની વિશાળતાને સમજવામાં આવી. કચ્છી પ્રજા, કચ્છી સંસ્કૃતિ, કચ્છી કલા કેટલી ભવ્ય છે ઉપરાંત કેટલી વ્યાપક છે તેની ચર્ચા થઈ. કચ્છ પર થયેલા અનેક સંશોધનો, પ્રકાશનો, પ્રવાસન વિકાસનાં અનેક પગલાઓ તેમ છતા અખૂટ ખજાનો ધરાવતો આ પ્રદેશમાં ઘણું જ કામ બાકી છે. અનેક મંદિરો, કિલ્લાઓ, ભવનો, સ્મારકો હાલમાં પણ બિન સચવાયેલી અને બિન સંશોધિત હાલતમાં છે. ભૌગોલિક પરીવર્તનો, ડાયનાસોર યુગ, હરપ્પન યુગથી લઈને ભુકંપ પછીનું આધુનિક કચ્છ સુધીની સફરનો સુવ્યવસ્થિત અભ્યાસ થાય તે વિશ્વની રચનાને સમજવા બરાબર છે. સમગ્ર

જીલ્લાને વિશેષ પ્રદેશનો દરજ્જો મળવો અતિ જરૂરી છે અથવા તો સમગ્ર જીલ્લાને વૈશ્વિક ધરોહર જાહેર કરવી જોઈએ કેમ કે કલ્પના શક્તિથી પણ વધારે આ જીલ્લા પાસે હતું અને છે.

ટી પાર્ટીમાં મુખ્યત્વે આગામી ભરવાનાં થતા પગલાઓ પર ભાર મુકવામાં આવ્યો. સૌપ્રથમ ભુજ નજીકની સાઈટ નક્કી કરી આગામી એક માસમાં ત્યા ભવ્ય લોક જાગૃતિ, સ્વચ્છતા, સાઈટ ડેવલોપમેન્ટ, જરૂરી સાઈન બોર્ડ, જે તે સાઈટનું સોશિયલ મિડિયા પ્રમોશન જેવી પ્રાથમિક કામગીરી હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું. સાથે જ હાજર રહેલા સભ્યોમાંથી તમામ પ્રકારની મદદ પુરી પાડવાનું નક્કી થયું. કચ્છમાં ઘણું છે જેનું સુવ્યવસ્થિત દસ્તાવેજીકરણ જરૂરી છે. જે માટે આર.આર.લાલન કોલેજમાંથી પધારેલ ઈતિહાસ વિભાગનાં અધ્યક્ષશ્રીએ તૈયારી દર્શાવી અને તેમના વિધાર્થીઓ કે જે કચ્છનાં ખુણા ખુણામાંથી આવે છે તેમના થકી દરેક ગામ/નગરની પ્રાથમિક વિગતો એકત્રિત કરવાની કામગીરી પાર પાડવામાં આવશે અને આ માટે અમારી સંસ્થા હિસ્ટોરીકલ અને કલ્ચરલ રીસર્ચ સેન્ટર તરફથી દસ્તાવેજીકરણ માટેનું ફોર્મ પુરુ પાડવામાં આવશે. ટી પાર્ટીના અંતે અતુલ્ય વારસો કચ્છ નામે ગૃપ તૈયાર કરવામાં આવ્યું અને તેમાં સતત એકબીજાનાં સંપર્કથી કામગીરી હાથ ધરવાનું નક્કી થયું સાથે સાથે સરકાર દ્વારા બહાર પડતી વિવિધ યોજનાઓને પણ સમયાંતરે ગૃપમાં મોકલી દરેક સભ્યોને તેનાથી જાગ્રત રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અમારા આ ચાય પે ચર્ચા કાર્યક્રમમાં શ્રી દલપતભાઈ, પ્રાગ મહેલનો સંપુર્ણ સહયોગ સાંપડ્યો, શ્રી ધર્મેશભાઈ કે જેઓ છેક મુંબઈથી ચાય પીવા માટે અને ભવિષ્યમાં કચ્છનો વૈભવી વારસો ઉજાગર થાય તેવા હેતુસર પધાર્યા હતા અને સાથે રહી આગામી પગલાઓ હાથ ધરવા માટે આહવાન કર્યુ હતુ. રાજકોટથી શ્રી હર્ષભાઈ અમારી સાથે જોડાયા હતા અને તેઓએ સ્થાનિક કચ્છી કલાનાં જાણકાર કલાકારને આમંત્રિત કર્યા હતા જેઓએ હાજર સૌને કચ્છી સંગીત કલાનો પરીચય કરાવ્યો હતો.



પુરાતત્વીય સંગ્રહાલય, લખોટા તળાવ, જામનગર
૧૬ સપ્ટેમ્બર ૨૦૧૮

જામનગર ઘણું જ ઐતિહાસિક અને સાંસ્કૃતિક નગર છે અહી અનેક અવશેષો સમગ્ર શહેર અને જિલ્લામાં આવેલા છે. જામનગર શહેરમાં વારસાની જાળવણી માટે પણ સક્રિય લોકોની ટીમ છે આ ટીમને એક કરી એકબીજાના વિચાર જાણી ભવિષ્યમાં કરી શકાય તેવી કામગીરી અંગે ચર્ચા કરવાની પહેલ અતુલ્ય વારસો દ્વારા કરવામાં આવી. પુરાતત્વીય સંગ્રહાલય, લખોટા તળાવ પર ટી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું. સૌપ્રથમ પરિચય બાદ જામનગર શહેર વિશે ચર્ચા કરવામાં આવી

અને ત્યારબાદ શહેરમાં ઐતિહાસિક વારસાની શું સ્થિતિ છે અને ભવિષ્યમાં એકબીજા સાથે મળીને શું કામગીરી થઈ શકે તે અંગે ચર્ચા કરવામાં આવી. જામનગર શહેરને નજીકમાં જાંબુડા ગામ આવેલું છે ત્યાંની ચિત્રકલા કારીગરી ઘણી જ જાણીતી છે જે હજુ ઘણા ઓછા લોકોને ખ્યાલ છે તેવી કલાનો પ્રચાર પ્રસાર કરવો અતિ આવશ્યક છે. વધુમાં જામનગરને મંદિરોની નગરી તરીકે ઓળખવામાં આવે છે પરંતુ અનેક મંદિરો હાલમાં ભગ્નાવસ્થામાં અથવા તો બિન સચવાયેલી અવસ્થામાં છે. જંડુ ભટ્ટએ જેઓ ઔષધી માટે જગ વિખ્યાત છે તેઓ પણ આ શહેર સાથે સંકળાયેલ છે. આવા અનેક ઐતિહાસિક વિરાસતને સાચવીને બેઠેલું જામનગર શહેરના હજુ પણ કેટલાક મહત્વના કેન્દ્રો ઉજાગર કરવાના બાકી છે. વળી, હેરિટેજ વોક, વિવિધ સ્થળોને ઉજાગર કરતી ટુર, વિવિધ વર્કશોપ, હેરિટેજ સ્મારકોની સ્વચ્છતા જેવા અનેક વિષયો પર વિવિધ કામગીરી કરવાની બાકી છે જે આ ટીમ એકબીજાના સહકારથી પાર પાડશે તે બાબતે ચર્ચા વિચારણા થઈ. અમારા આ કાર્યક્રમમાં સંગ્રહાલય વિભાગ, ગુજરાત સરકાર તરફથી સંપૂર્ણ સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં માન. કમિશ્નરશ્રી જામનગર મહાનગરપાલિકા શ્રી બારડ સાહેબ, માન. અધિક કલેકટરશ્રી સરવૈયા સાહેબ, ક્યુરેટર શ્રીમતિ બુલબુલ બેન, પોર્ટ અધિકારીશ્રી કેપ્ટન લાડવા સાહેબ, શ્રી નીલેશભાઈ દવે, શ્રીમતિ યશિકુમારીજી, ડો. પીયુષ માટલિયા સાહેબ, શ્રી હર્ષ પટેલ, શ્રી બંકિમ ભટ્ટ, એડવોકેટ શ્રીમતી વર્ષાબેન ભટ્ટ જેવા અનેક મહાનુભાવો જોડાયા હતા અને સ્થાનિક લોકોને સાંકળતું વોટ્સ એપ ગૃપ તૈયાર કરવામાં આવ્યું અને જેના થકી આગામી આયોજનો અને સ્થાનિક વારસા અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.



"Our idea of Tea party at Jamnagar was excellent. We met a lot of like minded people who love their city but want to be part of Heritage conservation as well. The main focus was on the rich heritage Jamnagar has. The newly beautified Ranmal Lake and Lakhota Museum where we had our first Tea Party.Most of the participants felt that we should get the Old Railway Station renovated into a museum of local artists and have food zone of authentic Karhiawadi cuisine. We can even get an old railway cabin to showcase the rich history of the railways. Other heritage sites of importance are Ek Dandi Mahel, Zandu Bhatt, Dhanvantri, Nageshwar, Mithoi, Bhujio Kotho, Chatri in Pradarshan ground, different vaavs in the city and many more monuments."

- Yashikumari Jadeja, Intach



દેશ વિકાસના પંથે આગળ વધી રહ્યો છે, આપણું રાજ્ય પણ અધત્તન ટેક્નોલોજીથી અને નવિન પ્રોજેકટો દ્વારા વિકસિત થવા જઈ રહ્યું છે, પ્રવાસન વિભાગ સોળે કળાએ પ્રકાશિત છે, વિશ્વભરમાં ગુજરાત પ્રવાસનનો ડંકો વાગી રહ્યો છે ત્યારે વિશ્વનાં પ્રવાસીઓને આકર્ષિત કરે છે તે ખાસ આપણો વૈભવી વારસાનો મજાક થઈ રહ્યો છે. અલગ અલગ વિભાગોની માથાકુટમાં એકપણ વિભાગ સુવ્યવસ્થિત રીતે વારસાની જાળવણી કે તેની સાર સંભાળ માટે તૈયાર નથી. પુરાતત્વ વિભાગ પાસે સ્ટાફ નથી, પ્રવાસન વિભાગ કાર્યક્રમોમાં/ઈવેન્ટમાં વ્યસ્ત છે, સ્થાનિક વહીવટીતંત્ર સરકારી રોજબરોજની કામગીરી અને ઉપલા સ્તરેથી આવતા વધારાનાં કાર્યોમાં વ્યસ્ત છે, સંસદસભ્ય અને ધારાસભ્યોને કોઈ જ લેવા દેવા નથી. આ બધી બાબતોમાં ઐતિહાસિક સ્મારકો અને સાંસ્કૃતિક વિરાસતની જવાબદારી ફક્ત સામાન્ય લોકોની થઈને રહી જાય છે. આવી જ એક સમસ્યાગ્રસ્ત સ્થાન છે કલેશ્વરી.

લુણાવાડા નજીક લવાણા ગામમાં આવેલ કલેશ્વરી સાઈટ. વન્યજીવન અને ઈતિહાસનું સંગમસ્થાન. દસથી પણ વધારે સ્મારકો ધરાવતુ સદીયોથી જે સ્થિતીમાં છે તે જ સ્થિતીમાં આજે છે. મોટા ભાગનાં સ્મારકો ઈ.સ. ૧૦થી લઈને ૧૫મી સદી દરમ્યાનનાં છે. વાવ, કુંડ, ભવનો, મંદિરો તમામ આ એક જ સ્થળે છે, વિશ્વકક્ષાએ ગુજરાતનાં સ્થાપત્યોને સમજવા માટેનું સુંદર મજાનું સંશોધન કેન્દ્ર ઊભુ કરી શકાય તેવું સ્થાન. આજે સ્વચ્છ ભારત અંતર્ગત ઘરે ઘરે શૌચાલયની વાતો ચાલી રહી છે જ્યારે જાહેર સરકારની માલિકીની આટલી મોટી સાઈટમાં પબ્લિક શૌચાલય નથી, જગ્યાની યોગ્ય વિગતો દર્શાવનાર માહિતી કેન્દ્ર નથી, બહારના પ્રવાસીને ખ્યાલ પણ ન આવે કે અહીં મહીસાગર જીલ્લામાં આટલી મોટી પુરાતત્વીય સાઈટ હશે. અતુલ્ય વારસો ટી પાર્ટીમાં જાણવા અને જોવા મળ્યું કે સાઈટની સ્થિતી શુ છે અને સ્થાનિક લોકોમાં નિરાશા કેટલી છે. વ્યક્તિગત રીતે આપણે સૌ જે કરી શકીએ તે કરીશુ પણ જાહેર સ્થળોને એમાં પણ એવા સ્થળો કે જે આપણા વૈભવી વારસાને પ્રસ્તુત કરે છે તેના માટે તો સરકારે પણ આગળ આવવું પડશે, વિકાસ સર્વાંગી ક્ષેત્રે કરો. વિકાસનાં નામે સ્થાનિક અતુલ્ય વારસાની મજાક ન બનાવો. બાકી હેરીટેજની જાળવણી માટે

આંદોલન થાય તે કોઈ પણ રાજ્ય કે દેશ માટે ઘણી જ અપમાનજનક વાત કહી શકાય. લુણાવાડા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ચિત્રકાર મિત્રશ્રી બીપીન પટેલ, શ્રી શીવાજી, શ્રી અજય સોલંકી, શ્રી તરુણ શુક્લા, શ્રી હર્ષદ કડિયા, શ્રી આશિષ ઠાકર, શ્રી અશ્વિન પંડયા, શ્રી સૌરભભાઈ, શ્રી દક્ષાબેન પટેલ, શ્રી શિવશંકર જોષી, શ્રી રામ બ્રહ્મભટ્ટ, લાયન્સ ક્લબ – લુણાવાડાની ટીમ, શ્રી મનહર પંચાલ જેવા અનેક મહાનુભાવો જોડાયા હતા.

અહા! અહીં આપણા દાદાના દાદાના દાદા નાય દેવાધિદેવ દાદે
નિજ બાળના બાળના ય સૌ બાળની ગુણ ગ્રાહક દ્રષ્ટિ પુષ્ટિ માટે
અતીતની ઓજસ્વી ગૌરવાકિંતયાદોની પ્રેરક શુભ સ્મૃતિ ઇરાદે .
સિલકશિલ્પ કરી શીલાએ સહી કરી, વારસો ભેટ કર્યો સ્મૃતિ સાટે.
પુરુષાર્થ અપાર બુદ્ધિ ભંડાર જ્ઞાન સાગર કાંડામાં કોશલ્યતા ઘણી
દિનરાત ઘા પર ઘા ટચકી શીલાઓ લઇ તીખી તપસ્વી છીણી.
વિચારોને વાચા આપી બોલતા કર્યા પથ્થરો મૂકવાણી....
દેખો સૂણો ને સંવાદો
પ્રાણવાન પથરા સૌ નિરખી રહ્યા છે અમભણી.
પ્રાચીન અસ્મિતા પૂર્વજોની પ્રગટ કરે પથ્થર કર્મ કહાણી .
સંસ્કૃતિ વિરાસત સમૃદ્ધ વારસો લેવો જાણી માણી .
માનસ પટે માણસના કેમ જાયે વિરલ વાતો વિસરાણી ?
આવો ને ! સૌ બાળ અહીં કરો ઉરથી ઉજાણી .

- મનહર પંચાલ



તા. ૦૭.૧૦.૨૦૧૮ ના રોજ મહીસાગર જિલ્લાના કલેશ્વરી ખાતે ટી પાર્ટી ના આયોજન બદલ અતુલ્ય વારસોને અને ભાઈ કપિલ ઠાકરનો ખૂબ ખૂબ આભાર. આપણા અમૂલ્ય હેરિટેજની જાળવણી માટે સદૈવ જાગૃત અતુલ્ય વારસો સામયિકની ટીમ છેલ્લા ઘણા સમયથી ગુજરાતના પ્રાચીન સ્થળોએ ટી-પાર્ટી યોજી જે તે વિસ્તારના હેરિટેજ ચાહકોને ભેગા કરી જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે. જેના અનુસંધાનમાં કલેશ્વરી ખાતે મહીસાગર જિલ્લાના મિત્રો ભેગા મળ્યા, મને પણ સહભાગી થવાનું સન્માન મળ્યું. અહીં સંતરામપુરના ત્રણ મિત્રોના ચિત્રોનું પ્રદર્શન પણ યોજાયું, તે મિત્રોએ પોતાના ચિત્રોની સમજ આપી. લુણાવાડા-મહીસાગર જિલ્લાની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલ અને વ્યક્તિગત રીતે હેરિટેજ ચાહકોના બનેલા ગ્રુપમાં ટી-પાર્ટીમાં મહીસાગર જિલ્લાના હેરિટેજ સ્મારકોના રખરખાવ વિશે ટી-પાર્ટીમાં મનોમંથન કરવામાં આવ્યું. પત્રકાર મિત્રોએ પણ ઉમંગભેર ભાગ લીધો. સ્થાનિક ચેનલ દ્વારા આ ઇવેન્ટનું કવરેજ કરવામાં આવ્યું. કલેશ્વરી એ ગુજરાતની એક મોટી હેરિટેજ સાઇટ છે, જે કુદરતના ખોળે આવેલી છે. તેમાં ઉપલબ્ધ સગવડો અને તેમાં શક્ય સુધારણા વિશે વાતચીત થઈ. મહીસાગર જિલ્લાના અન્ય સ્મારકો જેવા કે રૈયોલી ડાયનોસોર પાર્ક, ધામોદ ખાતેનું મુસ્લિમ સ્થાપત્ય અને લાલીયા લુહારનો કિલ્લો, મધવાસ શિવ મંદિરનો ઇ.સ. ૧૫૮૬નો લેખ, વીરપુરની ભગ્ન બે વાવ, મહી કિનારે સૂર્યમંદિરનું ખંડેર, ઝારોની વાવ ગામની જલસભર વાવ, સંતરામપુરના પુરાતન મંદિરોનો પણ ઉલ્લેખ થયો.

મહીસાગર જિલ્લો અપ્રતિમ હેરિટેજ વારસો ધરાવે છે, છતાં સ્થાનિક અને બહારના લોકોને ખાસ તેની જાણ નથી. આથી લોકોમાં આપણા હેરિટેજ સ્મારકોની જાણ થાય અને લોકો તેની મુલાકાત લેતા થાય તે માટે અવાર નવાર ભેગા મળી સામુહિક પ્રયત્નો કરવા માટે બધા સંમત થયા. એક વોટ્સએપ ગૃપ બનાવ્યું, જે બધા હેરિટેજ ચાહક મિત્રોને એક સમાન પ્લેટફોર્મ પૂરું પાડશે. મહીસાગર જિલ્લાના હેરિટેજ માટે રુચિ ધરાવતા મિત્રોને જાગૃત કરવા માટે 'અતુલ્ય વારસો' ગૃપ-મેગેઝીનનો અને શ્રી કપિલ ઠાકરનો ખુબ ખુબ આભાર માનું છું.

- તરૂણ શુક્લા



"હું મહીસાગર જિલ્લાના છાયણ ગામનો ચિત્રકાર છું અને કલાકારની દ્રષ્ટિએ કુદરતને નિહાળવું મને ખુબજ ગમે છે. મારી કોશિશ પણ એજ છે કે જુના ગામડાઓ હવે શહેર જેવા થવા લાગ્યા અને લોકોને વર્ષો પછી યાદ રહેશે કે કેમ એમ કરી મેં રોજ કામ કરવાનું શરૂ કર્યું અને ૯૦૦ દિવસમાં ૯૦૦ પેઇન્ટિંગ કર્યા છે, એમાં ૫૦૦ જેટલા તો ગામડાંના પેઇન્ટિંગ કર્યા છે. કલેશ્વેરી મારા ધ્યાનમાં હતું અને ત્યારે મને મારી દ્રષ્ટિની જેમ જોનારા માણસો મારી પાસે ન હતા, પણ મારી કલાના કારણે લોકો મને મળતા ગયા અને ધીરે ધીરે અમે આ બાબતે ખુબ વિચાર કર્યો કે આપણે આ માટે કંઈક કરવું જોઈએ અને એક વર્ષ પહેલા અતુલ્ય વારસોની ટીમ સાથે જોડાયા પછી મને લાગ્યું કે હવે મારા ત્યાં પણ આ થવું જોઇએ અને એ પછી અતુલ્ય વારસો ટીમના શ્રી કપિલભાઈને વાત કરી, એમણે હા પાડયા પછી મેં લુણાવાડાના અશ્વિન પંડયા તેમજ સંતરામપુરના શિવાજી ભાઈ અને અજયભાઈ સોલંકીને વાત કરી અને કલેશ્વેરીમાં મોટી સંખ્યામાં લોકો આવ્યા અને લોકો પાસેથી નવું નવું જાણવા મળ્યું અને દુ:ખ એ વાતનું છે કે ઐતિહાસિક જેટલી જગ્યાઓ છે, એની સાચી રીતે જાળવણી નહીં કરવામાં આવે તો, આવનારા ભવિષ્યમાં કે આવનારી પેઢીને એના ઈતિહાસની ખબર નહીં પડે. દરેક જગ્યાએ મોટે ભાગે ઐતિહાસિક જગ્યાની હાલત બહુજ ખરાબ છે. સરકારે પણ આ બાબતે વિચારવું જોઈએ અને કપિલભાઈનો પણ હું ખુબ ખુબ આભારી છું કે એ આ બાબતે ગુજરાતની તમામ જગ્યા પર જઈ ને લોકોનું મંતવ્ય જાણી એમને મદદ કરી એની જાળવણી કેવી રીતે થવી જોઈએ એ બાબતે લોકોનું ધ્યાન દોરવાનું કામ કરી રહ્યા છે અને હું એટલુ જ કહીશ કે બહુ જલ્દી લુણાવાડા આવો અને ફરીથી આયોજન કરી લોકોને જાગૃત કરીએ."

- બીપીન પટેલ, ચિત્રકાર



ધોરણ ૫ (પાંચ) નાં વિદ્યાર્થીઓ દ્વારા
આપણા અતુલ્ય વારસાને
ઉજાગર કરવાનો પ્રયાસ

અતુલ્ય વારસો દ્વારા છેલ્લા બે વર્ષથી ટી પાર્ટી નામનો કાર્યક્રમ આયોજીત થાય છે જેનો મુખ્ય હેતુ હેરીટેજ પ્રેમીઓ એકબીજાને મળે અને એકબીજાના સહયોગથી રાજ્યમાં આવેલ, પોતાના ગામ કે શહેરમાં આવેલ ઐતિહાસિક ધરોહરને ઉજાગર કરે. પ્રારંભથી લઈને અત્યાર સુધી સમગ્ર ગુજરાતમાં વિવિધ આયોજનો અને વિચાર વિમર્શ જાણવા અને જણાવવા માટે ચર્ચાત્મક આયોજનો થયો જે આજના આ કાર્યક્રમથી પુર્ણ થયો છે અને હવે રચનાત્મક આયોજનો થાય, સાઈટ ઉપર

વિવિધ પ્રવૃતિઓ થાય, સાઈટનો વિકાસ માટે તાત્કાલિક અમલમાં લઈ શકાય તેવી કામગીરી જે તે સ્થળે કાર્યક્રમ દરમ્યાન જ થાય તેને લગતી કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો.

અડાલજની વાવ સમગ્ર ગુજરાત ઉપરાંત વિદેશી પર્યટકોમાં પણ જાણીતી છે પણ તેને અડીને જ નાનકડું ઉવારસદ ગામ આવેલું છે જ્યાં અંદાજીત ચારસો વર્ષ જેટલી પ્રાચીન નંદા પ્રકારની અને ઇંટો અને રેતિયા પથ્થરની બનેલી વાવ આવેલી છે જે તદ્દન ખંડીયર હાલતમાં હતી જેના પુનરુધ્ધાર કરવાનો નિર્ણય અને લોકો સમક્ષ ઉજાગર કરવાનો નિર્ણય ટીમ અતુલ્ય વારસો દ્વારા કરવામાં આવ્યો અને અમારા આ પ્રયાસમાં રચના સ્કુલ, શાહીબાગનાં વિધાર્થીઓ, ટીચર્સ અને પ્રિન્સિપલ મેડમ પણ જોડાયા. આજ રોજ રવિવારે સવારે ૦૯ થી ૧૧.૩૦ વાગ્યા સુધી ઉવારસદની વાવના પ્રવેશદ્વાર આગળ ટી પાર્ટીનું આયોજન થયું. જેમાં અતુલ્ય વારસો ટીમનાં કપિલ ઠાકર, ઋષિ પંડ્યા, નરેન્દ્ર ઓતિયા, જીગીશ શાહ, ગિરીશ ગુપ્તા, દિનેશ મોદી, સભ્યો, ભાવેશ ધારેચા, ચિરાગ શાસ્ત્રી, ઈસરોનાં નિવૃત વૈજ્ઞાનિક ડો. પી.એસ.ઠક્કર અને તેમની ટીમ, નરેશ ઠાકર, કમલેશ જોષી તથા રચના સ્કુલનાં આચાર્યશ્રી ઘોષ મેડમ અને તેમનો સ્ટાફ તથા ધોરણ ૬નાં વિધાર્થીઓ જોડાયા હતા. અમારા આ પ્રયાસમાં ઉવારસદ ગામનાં સરંપચશ્રીનાં પ્રતિનિધીઓ, સભ્યો, સ્થાનિક મંદિરનાં પૂજારી પણ જોડાયા હતા.

સૌપ્રથમ વાવનું મહત્વ, વાવનાં પ્રકાર, ઉવારસદ ગામની વિગતો વગેરે વિશે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ઉવારસદ ગામનાં પ્રતિનિધીઓ સાથે વાવને ઉજાગર કરવા માટે આગામી સમયમાં ભરવાના થતા પગલાઓ અને હાલમાં શુ ધ્યાનમાં રાખવું પડશે તે બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી. ઉવારસદની આ વાવને આઈકોનિક વાવ તરીકે વિકાસ કરવા માટે અતુલ્ય વારસોની ટીમ અને ગ્રામ પંચાયતની ટીમ દ્વારા તૈયારી બતાવવામાં આવી અને ભવિષ્યમાં ગ્રામ પંચાયત તરફથી સંપુર્ણ સહયોગની ખાતરી આપવામાં આવી. કાર્યક્રમ દરમ્યાન વાવની પ્રથમ તબક્કાની સફાઈ પુર્ણ કરવામાં આવી.તેમજ આગામી ત્રણ દિનમાં વાવને સંપુર્ણ પણે સાફ કરવાની કામગીરી ગ્રામ પંચાયત અને અતુલ્ય વારસો દ્વારા હાથ ધરવામાં આવી છે. વળી, સફાઈ બાદ ડો. પી.એસ.ઠક્કર સાહેબના સૂઝાવ પ્રમાણે બે થી ત્રણ ટેન્કર પાણી જો વાવમાં નાખવામાં આવે તો તે પુન:રીચાર્જ થવાની શક્યતાઓ છે તે બાબતે કામગીરી હાથ ધરવામાં આવશે. નવાઈની વાત છે કે આપણા માનવંતા મહાનુભાવો તરફથી જે કહેવાતી સફાઈ માટેની ઝૂંબેશ કમ ફોટો સેશન હાથ ધરવામાં આવે છે તેની વિપરીત માત્ર ૪ હજાર રૂપિયામાં સમગ્ર વાવ સાફ થશે જે ખરેખર વિચારવા જેવી બાબત છે. ધોરણ ૬નાં વિધાર્થીઓ દ્વારા કોઈ પણ પ્રકારનાં ફોટોસેશનની અપેક્ષા વગર અને તદ્દન સહજતાથી જે વાવને ઉજાગર કરવા માટે તૈયારી દર્શાવવામાં આવી તે ખરેખર બિરદાવવા લાયક બાબત બની રહી. અતુલ્ય વારસોની ટીમ દ્વારા સ્થાનિક ગ્રામ પંચાયત, રચના સ્કુલ અને અન્ય સ્વંયસેવકોની મદદથી ઉવારસદની આ વાવને એક પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરશે તેવાં સંકલ્પ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે આશાનું દિપક પ્રગટાવી વાવને પુન:લોકભોગ્ય બનાવી શકીશુ તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.



ફરવા, માણવા અને શિખ લેવા જેવો દેશ ભુતાન

લેખક : કપિલ ઠાકર



ભારતની પૂર્વે આવેલ અને દક્ષિણ એશિયાનો નાનકડો દેશ એટલે ભુતાન. જો તમે વિદેશ પ્રવાસનો શોખ ધરાવતા હોવ અને તમારે વિદેશ યાત્રાનાં શુભારંભ માટે પ્રાયોગિક ધોરણે કોઈ પહેલો પ્રદેશ નક્કી કરવો હોય તો ભુતાનની પસંદગી કરી શકાય. આ દેશ સંપુર્ણપણે પહાડોથી ઘેરાયેલ આ દેશનું પાટનગર થિમ્પુ શહેર છે. માત્ર ૮ લાખની માનવવસ્તિ ધરાવતો આ દેશ હિમાલયથી સુંદર રીતે કુદરતે જ શણગારેલ છે.

ભારતમાંથી ભુતાનનું જમીનમાર્ગે પ્રવેશદ્વાર પશ્ચિમ બંગાળની બોર્ડર પર જયગાંવ અને ભુતાન દેશની સરહદે ફુન્સોલિંગ નામનું શહેર આવે. હવાઈમાર્ગે સીધા પારો પણ પહોચી શકાય કેમ કે ફુન્સોલિંગથી ૭ કલાક જેટલી મુસાફરી કરી રાજધાની થિમ્પુ પહોચવું પડે. સૌપ્રથમ ફુન્સોલિંગમાં પ્રવેશ માટેની પરવાનગીની કાર્યવાહી કરવી પડે જે ઓનલાઈન પણ થાય છે. દેશ સરળ છે માટે કાર્યવાહી પણ સરળ છે. ફુન્સોલિંગમાં ભારતીય ચલણ અને ભુતાનીસ ચલણ એમ બંને ચાલે છે, અહીથી ચલણ બદલી આગળ વધી શકાય.

ભારત અને ભુતાન વચ્ચે લોખંડની મોટી ફેન્સિંગ જોવા મળે છે જેમાં એક બાજુ ભારત અને બીજી બાજુ ભુતાન. સાચુ કહું મને ભુતાનમાં પ્રવેશ્યા બાદ બોર્ડરની પેલે પાર ભારત જોતા સૌપ્રથમ એક જ વિચાર આવ્યો હતો કે હું અનામત મુક્ત દેશમાં આવી ગયો.



એવું નથી કે ભુતાન સંપુર્ણ દેશ છે અહીં અનામત નથી તો એવું કંઈક બીજુ હશે, જે પણ હોય પણ મને એક વિચાર સીધો જ આવ્યો કે જ્યાં વસતિ ઓછી ત્યાં સરકાર બધુ જ સુવ્યવસ્થિત રીતે પાર પાડી શકે બાકી આપણા દેશનાં એક અમદાવાદ શહેરનાં એક વિસ્તારમાં જેટલી વસતિ હશે તેટલી આ આખા દેશમાં છે, અતિ વસતિ ધરાવતા અને વૈવિધ્યપુર્ણ ધર્મ/સંપ્રદાય ધરાવતા આપણા દેશનો સુચારુ વહીવટ કરવો તે કોઈ પણ પક્ષ માટે ખરેખર દાદ માંગી લે તેવી બાબત છે.

અહીં રાજાશાહી છે અને મહત્તમ બૌદ્ધિસ્ટ અને હિંદું લોકો વસવાટ કરે છે. ઈ.સ. પૂર્વે ૧૫૦૦ કાળનાં પથ્થર નિર્મિત હથિયારો આ દેશમાંથી મળી આવે છે જો કે ત્યારબાદ સળંગ ઈતિહાસ મળતો નથી પરંતુ ઈ.સ. ૧૬મી સદી બાદ આ દેશનો સળંગ ઈતિહાસ પ્રાપ્ત થાય છે. અંગ્રેજો આ દેશ પર સંપુર્ણ કબજો કરવામાં ફાવ્યા નહી તેનું એક કારણ છે દેશની ભૌગોલિક પરિસ્થિતી. ભુતાનની ભૌગોલિકતા તેની તાકાત બની ગઈ છે અને આ જ કારણે દેશની વન્યસૃષ્ટી, કલા-સંસ્કૃતિ અકબંધ રહ્યા છે. આજે પણ ભુતાનમાં સ્થાનિક તેમનો ટ્રેડીશનલ કપડા જ પહેરવામાં આવે છે અને સરકારી વિભાગમાં તો ખાસ ફરજીયાત હોવાનું જાણવા મળે છે. સરહદી ચીન જેવા સામ્યવાદી દેશથી પણ ભુતાન તેને કુદરતે આપેલ પહાડી કવચથી બચી રહ્યું છે. નાના નાના જીલ્લાઓમાં

વહેચાયેલા આ દેશમાં અગ્રેસર જીલ્લામાં જે તે શાસકની મુખ્ય કચેરી જેવો પેલેસ જોવા મળે છે જેને સ્થાનિક ભાષામાં "ડી-ઝોંગ" તરીકે ઓળખવામાં આવે છે જેને સ્થાનિક સ્થાપત્ય બાંધણીનાં આધારે પણ અતિ કલાત્મક અને સુંદર રીતે બાંધવામાં આવે છે. ભુતાનનાં થિમ્પુ, પારો, પુનાખા જેવા કોઈ પણ જીલ્લામાં પ્રવેશતા દુરથી જ ત્યાંનો ડી-ઝોંગ જોઈ શકાતો હોય છે. વિવિધ જીલ્લાઓને એકબીજા સાથે જોડતા પહાડી માર્ગો પર મોટે ભાગે સફેદ અને ક્યાંક પાંચ કલરની ધ્વજાઓ ફરકતી જોવા મળે છે. અહીં જોવા મળતી સફેદ ધ્વજાઓમાં સ્થાનિક ભાષામાં મંત્રો લખેલા હોય છે જેનો હેતુ એ છે કે આના થકી વાતાવરણમાં શુદ્ધિકરણ રહે.

ભુતાન વિશે સવિસ્તાર લખવા જાવું તો પુસ્તક લખી શકાય તેમ છે પણ ટૂંકમાં અહીં દેશનું પાટનગર થિમ્પુ ખુબ જ રમણીય શહેર છે અને અહીંના લોકો રમત ગમતમાં ઘણા આગળ છે. તીરંદાજી દેશની મુખ્ય રમત છે. આંતરરાસ્ટ્રીય હવાઈમથક માત્ર પારોમાં આવેલું છે બાકી બીજા શહેરોમાં સ્થાનિક નાના નાના હવાઈમથક તો ખરા જ. એવું કહેવાય છે કે અહીં ૯૯% લોકો ખુશનુમા જોવા મળે છે અને ખાસ તેના માટે અલગ સરકારી વિભાગ બનાવવામાં આવ્યો છે. શિક્ષણ ક્ષેત્રે પણ આ દેશ ખુબ જ પ્રગતિશીલ છે. દેશના લોકોમાં પોતાના શાસક પ્રત્યે ખુબ જ માનની લાગણી જોવા મળે છે.

આમ તો સમગ્ર દેશ જ જોવાલાયક છે પરંતુ તેમાં પણ પારો, થિમ્પુ, પુનાખા જેવા શહેર, માર્ગમાં આવતા નાના નાના ગામડાઓ, ગામડાઓમાં આવેલા કાષ્ઠકલાનો સુંદર નમુનો



ધરાવતા મકાનો અને મકાનોમાં જોવા મળતી વિશેષ ચિત્રકલા. ખાસ કરીને ભુતાનમાં લિંગ આકારનું ચિત્ર ઘણું પ્રચલિત છે વધુમાં તેને લગતી પ્રતિકૃતિ ધરાવતા ગીફ્ટ આર્ટિકલ પણ પ્રચલિત છે. જેમ આપણે ખરાબ નજરથી બચવા લિંબુ અને મરચાને ઘરની બહાર પ્રવેશદ્વારે લગાવીએ છીએ તેમ અહીં લિંગની પ્રતિકૃતિને લગાવવામાં આવે છે. વળી, એક માન્યતા એવી પણ છે કે જો કોઈ એકલું દોકલું વ્યક્તિ ઘાટ જંગલમાં મુસાફરી કરતું હોય અને તેને ભય જેવું જણાય તો તે પોતાના તમામ વસ્ત્ર ઉતારી ઝડપથી બહાર તરફ ભાગે છે. ભુતાનની મુસાફરી વખતે એક વખત તેના પરંપરાગત નૃત્યને માણવું જ જોઈએ.

થિમ્પુથી પુનાખા જતા માર્ગમાં “દોચુલા પાસ” નામે જગ્યા આવે છે, મારા મતે આ જગ્યા સૌથી વધારે આકર્ષિત કરનારી છે. અહીં ૧૦૮ મેમોરીયલ સ્તુપ આવેલા છે અને જેને ડ્રુક વાન્ગેય ચોર્ટેન તરીકે ઓળખવામાં આવે છે જેને રાણી અશી દોરજી વાંગમો વાંગચુંક દ્વારા વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન તત્કાલિન સમયે થયેલ યુધ્ધમાં માર્યા ગયેલા યોદ્ધાઓની યાદમાં બાંધવામાં આવ્યા હતા. આ પોઈન્ટ એવો છે કે જ્યાથી જો વાતાવરણ ચોખ્ખુ હોય તો હિમાલયનો ખુબ જ સુંદર નજારો જોવા મળે છે. આવુ જ એક બીજું સ્થળ છે “ટાઈગર નેસ્ટ”. પારો શહેરથી અંદાજીત ૧૫ કી.મીનાં અંતરે આ યુનેસ્કો દ્વારા ઘોષિત થયેલ વૈશ્રિક ધરોહર આવેલી છે. આ એક બૌદ્ધ મઠ છે અને અંદાજીત ૩૦૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું છે. મૂળ પૌરાણિક મઠ છે જ્યાં સમયાંતરે ફેરફાર અને સુધારા વધારા થયેલા જોવા મળે છે.





ખરા અર્થમાં ભૂતાન એક અતિ રમણીય અને માણવા લાયક દેશ છે ખાસ કરીને કુદરતનું જતન જે રીતે આ દેશ કરે છે તે આપણે સૌએ શીખવા જેવું છે. અમો મનીષભાઈ વૈધનાં લોરીસ ગૃપ, અમદાવાદ સાથે મળીને આ યાત્રામાં જોડાયા હતા અને અમારી સાથે અતુલ્ય વારસો ટીમના શ્રી કીર્તિ ઠાકર, શ્રી ગીરીશ ગુપ્તા, શ્રી નરેશ ઠાકર, શ્રી નરેન્દ્ર ઓતિયા, શ્રી કૌશિક શાહ, શ્રી ગૌતમ પટેલ જેવા મહાનુભાવો તેમની ધર્મપત્ની સાથે જોડાયા હતા અને મારી સાથે પણ મારી પત્ની અને ૮ માસની દીકરી કાનન જોડાયા હતા.



ફરવા, માણવા અને શિખ લેવા જેવો દેશ ભુતાન

સ્પર્ધાત્મક પરીક્ષા વિશેષ

લેખકઃ નરેશ ઠાકર

ભારતના ઇતિહાસને જાણવોએ એક ભારતના નાગરીક તરીકે આપણી નૈતિક ફરજ છે. વળી, ભારતનો ઇતિહાસ ઘણી બધી વૈવિધ્યતાથી ભરેલો છે. શુરવીરોના રક્તથી આ ભારતવર્ષની ભૂમી રંગાયેલી છે. અતુલ્ય વારસો દ્વારા ઇતિહાસ માટેના સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની વિશેષ કોલમની શરુઆત કરવામા આવી છે જે લીધે જીપીએસસી, યુપીએસસી તથા ગૌણ સેવા પસંદગી મંડળ તેમજ અન્ય ભરતી પરીક્ષાઓમાં ઇતિહાસના વિષયને સમજવામાં ખુબ જ ઉપયોગી નિવડશે. ભારતના ઇતિહાસને જાણવા તેને સમયાનુસાર ત્રણ ભાગમાં વહેચવો યોગ્ય રહેશે. જેમા (૧) પ્રાચીન ભારત (૨) મધ્યકાલીન ભારત (૩) અર્વાચીન ભારત. આમ ત્રણ વિભાગમાં આપણે અભ્યાસ કરીશું. પ્રાચીન ભારતમાં સૌપ્રથમ આપણે સિંધુખીણની સભ્યતાથી શરુઆત કરીશું.

સિંધુખીણની સંસ્કૃતિ


સિંધુ નદીની આસપાસ વિકાસ પામેલી સભ્યતા હોવાના કારણે તેને સિંધુઘાટીની સભ્યતા તરીકે ઓળખવામાં આવે છે. વિદેશી લોકો સિંધુ નદીને INDUS તરીકે ઓળખતા હતા જેના નામ પરથી ભારતને INDIA તરીકે ઓળખવા લાગ્યા હતા. પુરાણોમાં આપવામાં આવેલુ નામ ભારતએ રાજા દુશ્યંત અને શકુંતલાનાં પુત્ર ભરતનાં નામ પરથી પડેલ છે. જેનો ઉલ્લેખ મહાભારતમાં મળેલ છે. મહાભારતને જયસંહિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.મહાભારતનો ફારસીભાષામાં અનુવાદ અકબરના સમયમાં થયેલો જેને રઝમનામા એવુ નામ આપવામા આવેલુ છે.

સિંધુઘાટીનો સમયગાળો ઇ.સ.પુર્વે ૨૩૫૦થી ઇ.સ.૧૭૫૦ આસપાસનો મનાય છે. પરંતુ તાજેતરમાં થયેલા સંશોધનો પરથી આ સભ્યતા ઇ.સ.પુર્વે ૮૦૦૦થી ૫૦૦૦ વર્ષ પુર્વેની જણાય છે. જે હડપ્પીય સભ્યતા/સિંધુઘાટી સભ્યતા/ઘાટી સભ્યતા/કાંસ્યયુગની સભ્યતા આમ અલગ અલગ નામથી ઓળખાય છે. આ સભ્યતાને સમજવા માટે આપણે આખા પ્રકરણને છ અલગ અલગ ભાગોમાં વિભાજીત કરીશું.

સામાન્ય બાબતો

- એલેક્ઝાંડર કનિંગહામ જ્યારે ભારતીય પુરાતત્વ વિભાગના રાહબર હતા તે સમયે રેલવેની લાઈન નાંખવાંની કામગીરી દરમિયાન ૧૮૫૬માં સૌપ્રથમ વખત આ સભ્યતા વિશેની જાણ થઇ હતી પરંતુ આ સમયે તેનુ પધ્ધતિસરનું ઉત્ખનન થઇ શક્યુ ન હતું કારણ કે તે વખતની અંગ્રેજ સરકારે આ બાબતે બહું ધ્યાન આપ્યુ નહી કદાચ આ માટે ખર્ચ કરવાની તત્પરતા તત્કાલિન સરકારે નહી દાખવી હોય પરંતુ કનિંગહામના પ્રયત્નોથી ૧૮૬૧માં ભારતીય પુરાતત્વ વિભાગ શરૂ કરવામાં આવ્યો અને તેના ઓથા હેઠળ વિવિધ સંશોધન શરૂ થયા. એલેક્ઝાંડર કનિંગહામ ભારતીય પુરાતત્વ વિભાગના પ્રથમ વડા બન્યા. આથી તેમને ભારતીય પુરાતત્વનાં પિતામહ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં સન ૧૮૬૧માં આ વિભાગે પોતાનુ કામ શરૂ કર્યું.
- આ સભ્યતા વિશેનું પધ્ધતિસરનું સંશોધન સર જહોન માર્શલના સમયગાળામાં થયું તેમણે દયારામ સાહની(રાય બહાદુર)ને સન ૧૯૨૧માં પાકિસ્તાન મોકલી ત્યાં ઉત્ખનન કાર્ય ચાલુ કરાવ્યું અને પરિણામ સ્વરૂપ હડપ્પાનગર પ્રાપ્ત થયું જે પાકિસ્તાનના શાહીવાંલ જિલ્લામાં રાવી નદીના કિનારે આવેલું છે. આ જિલ્લો પહેલા મોંન્ટેગોમરી તરીકે ઓળખાતો હતો.
- વર્ષ ૧૯૨૨માં રખાલદાસ બેનર્જીએ મોહેँ-જો-દારોની શોધ કરી જે સિંધુ નદીના કિનારા પર લારખાન જિલ્લામાં પાકિસ્તાનના સિંધપ્રાંતમાં આવેલું છે.
- પુરાતત્વીય ઉત્ખનન દરમ્યાન મળી આવતા અવશેષોની ઉંમર નક્કી કરવામાં કાર્બન ડેટીંગ નામની વિશેષ પદ્ધતિ (C14)નો ઉપયોગ આવે છે.
- હડપ્પિયન સભ્યતા/ સિંધુઘાટીની સભ્યતા/ ઘાટીની સભ્યતા/ કાંસ્યયુગની સભ્યતા વગેરે એક જ સભ્યતાનાં સમયાંતરે આપવામાં આવેલા નામો છે.

- આ સભ્યતાના લોકો પ્રોટોઓસ્ટ્રેલાઈ અથવા તો દ્રવિડિયન હોવાનું મનાય છે. જે સામાન્ય રીતે યુધ્ધખોર ના રહી સીધી સાદી વ્યાપારી પ્રજા રહી હશે. આ સભ્યતા આખા ઉત્તરી ભારતમા ૨૦ લાખ વર્ગ કિમીમા ફેલાયેલી હોવાનું મનાય છે.
- સિંધુઘાટી સભ્યતાનાં ચાર દિશામાં મળી આવેલ અંતિમ સ્થળો નીચે મુજબના છે.



- ઘોડાનો ક્યાંય ઉપયોગ અથવા તો તેની કોઈ નિશાની મળી નથી માટે કહી શકાય કે આ સભ્યતા ઘોડાથી અજાણ સભ્યતા હતી (અપવાદ માં સુરકોટડા)
- આ સભ્યતાના લોકો લોખંડનો ઉપયોગ કરતા શીખ્યા નહોતા એટલે કે તે લોખંડ નામની ધાતુથી અજાણ હતા તે મોટા પાયે તાંબાનો ઉપયોગ કરતા હતા.
- કાંસાની શોધ આ સભ્યતાના લોકોએ કરી હોવાનું મનાય છે તેઓ તાંબામાં ટીન ભેળવીને કાંસુ બનાવતા હતા, આ સમીકરણ કાંઈક આ મુજબ હતુ તાંબુ (૯ ભાગ) + ટીન (૧ ભાગ) = કાંસુ. ટીન મોટા પાયે મેસોપોટેમિયા (ઇરાક)થી ઇમ્પોર્ટ કરાતું હતુ.

સમાજવ્યવસ્થા:

આ સમયનો સમાજએ માતૃપ્રધાન રહ્યો હશે સમાજમાં સામાન્યત: ચાર પ્રકારનાં વર્ગો હતા.

૧. પુરોહિત ૨. યોધ્ધા ૩. વેપારી/ શિલ્પકાર/ઉત્પાદક ૪. શ્રમિક

- ઉપરોક્ત ચાર પ્રકારની વર્ણવ્યવસ્થાનો અભ્યાસ કરતા જણાઇ આવે છે કે હડપ્પા સભ્યતાની આ સમાજવ્યવસ્થા વ્યક્તિના કામના આધારે વિભાજીત થયેલી જણાય છે
- જહોન માર્શલના મત મુજબમાં ભગવતીનુ વિશેષ મહત્વ હતું. માતૃદેવીની મુર્તિ પણ મળી આવી છે. જેથી કહી શકાય કે સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઉંચુ હતું.
- પુરુષ દાઢી તથા લાંબી મુછો રાખતા હતા તથા ખભા પર સાલ જેવુ સુતરાઉ કાપડ કે ઉની કાપડ રાખતા હતા તેમજ કમરમાં કાપડની જ પટ્ટી બાંધતા હતા તથા ખોરાકમાં ઘઉં, જવ, માછલી, કાચબા, બકરા, ઘેટા વગેરેનું માંસ આરોગતા હતા.
- મીઠાશ માટે મધનો ઉપયોગ થતો હતો.
- અહીની સ્ત્રીઓ હાથ તેમજ ખભાનો ભાગ ઢંકાય તે રીતે આભુષણો પહેરતી હતી પરંતુ સ્તન ખુલ્લા રાખતી હતી.
- ગરીબ લોકો તાંબા, હાડકા તથા પથ્થરનાં આભુષણો પહેરતા હતા જ્યારે અમીર લોકો સોના, ચાંદી, હાથીદાંત તેમજ મોતીનાં આભુષણો પહેરતા હતા.
- લોકો સંગીત તેમજ નૃત્યનાં શોખીન રહ્યા હશે કારણ કે તંબુરાના અવશેષો તેમજ નર્તકીની કાંસાની મુર્તી મળી આવેલ છે જે હાલમાં દિલ્હીના નેશનલ મ્યુઝીયમમાં રાખવામાં આવી છે.
- પશુ પુજા તેમજ સર્પપુજા અને બલી આપવાનું ચલણ હતુ.
- પશુઓમાં ખાંધવાળો બળદ તથા વૃક્ષોમા પીપળો પવિત્ર મનાતા હતા.

વેપાર વિનિમય:

- આ સભ્યતાની સમાંતર વિશ્વમાં બીજી ત્રણ સભ્યતાઓ હતી અને તે સભ્યતાઓ વચ્ચે વેપાર અરસપરસ ચાલતો હતો.

  (૧) મેસોપોટેમિયા (ઈરાક)ની સુમેરીયન સભ્યતા – દઝલા અને ફરાત નદીનાં કિનારે વિકાસ પામી (સૌથી જુની સભ્યતા)

  (૨) હવાંગહો નદી કિનારાની ચીની સભ્યતા

  (૩) નાઇલ નદી કિનારાની મિસરની સભ્યતા

  (૪) સિંધુ નદી કિનારે વિકાસ પામેલી હડપ્પીય સભ્યતા (સૌથી વધુ વિકસીત અને મોટી સભ્યતા)
- સુમેરિયન સભ્યતાની કાલ્પનિક વાતોમા સિંધુઘાટી માટે "દિલ બન "એવો શબ્દ વાપરવામા આવતો હતો.
- આ સભ્યતાનો વેપાર ઇરાક, તિબ્બત, અફઘાનિસ્તાન, ઇજિપ્ત, તુર્કસ્તાન તથા ઇરાની અખાતનાં દેશો સાથે થતો હતો જેમાં ભારતીય પેદાશો તેમજ સોનુ તેમજ તાંબાની નિકાસ થતી હતી.
- ઇરાક(મેસોપોટેમિયા)ના "ઉર"નગરમાંથી હડપ્પીય મુદ્રાઓ મળી આવેલ છે. જે આ સભ્યતાનાં પરસ્પરનાં વેપાર અંગેના સંકેતો આપે છે. આમ આ પ્રકારે સુમેરીયન વેલણ આકારની મુદ્રાઓ ભારતમાંથી પ્રાપ્ત થઇ છે.
- મુદ્રાઓ શેલખડી નામની વિશેષ માટી માથી બનાવવામા આવતી હતી જેના પર ચિંહો દ્વારા લખાણ લખવામાં આવતુ હતું. જે ચોરસ આકારની મુદ્રાઓ હતી .
- આ સભ્યતા તાંબા સાથે ટીન ભેળવી કાંસુ બનાવનાર પ્રથમ સભ્યતા હતી જે ૯:૧ એટલે કે ૯ ભાગનું તાંબુ + ૧ ભાગનું ટીન = કાંસું ઉત્પાદન થતું હતું.
- તોલમાપમાં ૧૬ના ગુણાંકનું મહત્વ હતુ.
- માટીના વાસણો બનાવવાની કલાકારીગરી ટેરાકોટા કહેવાય છે. જેનો વિશેષ પ્રમાણમાં પુરાવા મળી આવેલા છે.
- સૌથી વધુ વેપાર મેસોપોટેમિયા(ઇરાક) સાથે થતો હતો જેની માહીતી સારગોન નામના મેસોપોટેમિયાનાં રાજાનાં સિધનાં મેલુહા અભિલેખમાંથી પ્રાપ્ત થાય છે.
- મેલુહા અભિલેખની ગણતરી વિશ્વનાં સૌથી જુના અભિલેખમાં થાય છે.

(૪) ભાષા તથા લિપિ:

- અહીના લોકો કઇ ભાષાનો ઉપયોગ કરતા હશે કે કઇ લિપિમાં લખતા હશે તે વિશે આજ દિવસ સુધી ઉકેલાયું નથી જે ભાવ ચિત્રાત્મક સ્વરૂપે હતી.
- દરેક ઇતિહાસકારોના અલગઅલગ મતના લીધે સર્વમાન્ય મતએ રહ્યો કે આ પ્રજાતિ બન્ને બાજુ (ડાબીથી જમણી તેમજ જમણીથી ડાબી) લખી શકાતી હશે અને લખવાની આ પ્રકારની શૈલી બ્રુસ્ટોફેડન શૈલી તરીકે ઓળખાય છે.
- ૬૪ મુખ્ય તથા ૪૫૦થી ૫૦૦ ગૌણ ચિન્હો મળ્યા છે. ચિત્રાત્મક લિપિને પિકટોગ્રાફ પણ કહી શકાય.
- સાથીયાનું ચિન્હ પણ આ સભ્યતાની દેન છે.
- મુદ્રાઓ, મણકા તથા માટીના કલાત્મક વાસણો પર પણ લિપિ વિશેષ પ્રમાણમાં મળી આવેલ છે.
- મુદ્રાઓ શેલખડી નામની માટીમાંથી બનાવવામાં આવતી હતી.

(૫) નગર રચના:

- હડપ્પીયન સભ્યાતાનું મુખ્ય લક્ષણ તેની નગરરચના છે જેમાં મકાનો ગ્રીડ પધ્ધતીથી બનાવેલા હતા જેમા બારીઓ નાખવામાં આવેલ ના હતી તથા તેના દરવાજા મુખ્ય માર્ગો પરનાં ખુલતા નાની નાની ગલીઓમાં ખુલતા હતા.
- નગર આખુ બે ભાગોમાં વહેચાયેલું હતું પશ્ચિમ અને પુર્વમાં. પશ્ચિમ ભાગમાં શ્રીમંતો, પુરોહીતો, મોટા અધિકારી વર્ગ વગેરે રહેતા હતા જ્યારે પુર્વમાં ગરીબો, સૈનિકો તેમજ શ્રમિકો વસવાટ કરતા હતા. પશ્ચિમ ભાગએ પુર્વ ભાગ કરતા સહેજ ઉંચો ટીલા પર સ્થાપિત રહેતો હતો તથા હંમેશા તેની ફરતે સામાન્ય કિલ્લા જેવી દિવાલ મળી આવેલ છે.

- રસ્તાઓ એક બીજાને કાટખુણે છેદતા હોય તેવા બનાવવામાં આવ્યા હતા મુખ્ય માર્ગો ૩૩ ફુટ પહોળા તથા ગલીઓ ૧૨ થી ૧૫ ફુટ જેટલી પહોળી હતી. મકાનોનાં દરવાજા મુખ્ય માર્ગો પર ખુલતા ના હતા પણ તે ગલીઓમાં ખુલતા હતા. (અપવાદ તરીકે લોથલ જેના દરવાજા મુખ્ય માર્ગો પર ખુલતા હતા કારણ કે લોથલ એ વેપાર નુ મોટુ કેંદ્ર હતુ અને સંભવત મળી આવેલ મકાનો એ કોઇ રહેણાંક ના મકાનો ના હોઇ દુકાનો અથવાતો ગોડાઉન વધારે પ્રામાણ મા હતા)
- સામાન્ય રીતે દરેક ઘરમાં એક આંગણુ, રસોડુ તેમજ એક સ્નાનાઘર મળી આવેલ છે. કેટલાક ઘરની પાછળનાં ભાગમાં પીવાના પાણી માટે કુવાની વ્યવસ્થા પણ મળી આવેલ છે.
- દરેક ઘરની આગળનાં ભાગમાં ગંદા પાણીના નિકાલ માટેની પાકી ઈંટોથી ઢાંકેલી નાળીઓની ગટરના પુરાવા મળી આવેલા છે જે આગળ જતા મુખ્ય ગટરને મળે છે અને આમ નગરનું ગંદુ પાણી નગરની બહાર નિકાલ કરવામા આવતો હતો ભુગર્ભ ગટર યોજનાની આ વ્યવસ્થા મોરી ના નામથી ઓળખાય છે.
- કચરો નાખવાના કુંડા તેમજ દિવાબતીની પણ વ્યવસ્થા રાખવામા આવતી હતી. રસ્તાઓ એ રીતે બનાવેલા હતા કે જેમાં પવનના વેગથી તેના પરનો કચરો સાફ થઇ રસ્તાઓ સ્વચ્છ થઇ જતા હતા.

હડ્ડપીયન સભ્યતાના મળી આવેલ નગરો:

હડપ્પા નગર:

વર્ષ: ઇ.સ. ૧૯૨૧

ઉત્ખનન કર્તા: દયારામ સાહની દ્વારા રાવી નદીના કિનારે ઉત્ખનન કાર્ય કરાયુ

- પાકીસ્તાનના સાહિવાલ જિલ્લામા મળી આવેલુ નગર છે આ જિલ્લો પહેલા મોંન્ટેગોમરી તરીકે ઓળખાતો હતો.
- તે માઉંન્ટ એ બી તરીકે પણ ઓળખાય છે આવુ નામ આપનાર ઇતિહાસવિદ સર માર્ટીમર વ્હીલર હતા.
- હડ્ડપાનો સામાન્ય અર્થ મૃતકોનો ટીલો એવો થાય છે.
- મળી આવેલ અવશેષ: શંખમાથી બનેલ બળદ, કબ્રસ્તાન, શવ રાખવાની પેટીઓ, પિતળનું એક બળદવાળુ ગાડુ, સ્વસ્તિક અને ચક્રનાં નિશાન, ઘઉ તેમજ જવના પ્રમાણ
- વધુમાં અહીથી ઉર્વરતા દેવી(સ્ત્રીની નાભીમાંથી છોડ ઉગી નિકળે તેવુ ચિત્ર)નાં ચિત્રો મળી આવેલા છે ઉરવરતા દેવીનો મતલબ ધરતી માતા એવુ કહી શકાય.

મોહે-જો-દડો :

વર્ષ: ઇ.સ. ૧૯૨૨

ઉત્ખનન કર્તા: રખાલદાસ બેનર્જી દ્વારા સિંધૂ નદી ના કિનારે ઉત્ખનન કાર્ય કરાયુ

- પાકિસ્તાનના સિંધપ્રાંતમાં આવેલા લારખાન જિલ્લામા આ નગર મળી આવેલ છે હડપ્પા તેમજ મોહે-જો-દડો વચ્ચેનુ અંતર લગભગ ૫૫૦ કિ.મી. જેટલુ છે પરંતુ સ્ટુઅર્ટ પિગર્ટ નામના ઇતિહાસકારે આ બન્ને મહાનગરોને એક સામ્રાજ્યની બે સંયુક્ત રાજધાની તરીકે ગણાવ્યા છે.
- અહીથી મળેલ સૌથી મોટુ અન્નગાર આ સભ્યાતાની મળી આવેલ તમામ ઇમારતોમાં સૌથી મોટી ઇમારત છે.
- મળી આવેલ અવશેષ: સ્નાનાગાર, નર્તકીની કાંસાની મુર્તિ, ત્રણમોઢા વાળા પશુપતિનાથની મુર્તિ પણ મળી આવેલી છે જેની ચારે બાજુ પર હાથી, ગેંડો, ચિત્તો તથા મહિષ બિરાજમાન છે. આ ઉપરાંત અહીથી મોટી ઈંટો, પીંગળી ગયેલુ તાંબુ, માટીનું ત્રાજવુ, સુતરાઉ કાપડ, માતૃ દેવીની મુર્તિ તેમજ કાંસાની નર્તકીની મુર્તિ મળી આવેલ છે. આ ઉપરાંત મુદ્રાઓ તેમજ માટીના વાસણનાં અવશેષ પ્રાપ્ત થયા છે.

ચાન્હુદડો:

વર્ષ: ઇ.સ. ૧૯૩૧ (એન.જી. મજમુદાર દ્વારા શોધાયું)

ઉત્ખનન કર્તા:   ૧૯૩૫માં ઉત્ખનન ચાલુ કરાયુ

- આ શહેર પાકીસ્તાનના દક્ષિણ પુર્વ સિંધ પ્રાંતમાથી મળી આવ્યુ છે

- આ નગર એવુ છે જેની આજુબાજુ કોઇ કિલ્લાના અવશેષ મળ્યા નથી તે પરથી એવુ તારણ નીકળે કે ચાંન્હુદડોએ કોઇ સાર્વજનિક સ્થળ રહ્યુ હશે જ્યાં દરેક વ્યક્તિ આવ-જા કરી શકતી હતી.
- આખુ નગર એક ઔધોગિક નગર હોય તેવુ જણાઇ આવે છે કેમ કે અહીંથી ધાતુ ગાળવાની ભઠ્ઠી મળી આવેલ છે
- આ ઉપરાંત અહીથી એક સીંગી પ્રાણી યુનિકોર્નની પ્રતિકૃતિ પણ મળી આવેલ છે
- મળી આવેલઅવશેષ: સોંદર્ય પ્રશાધન માટેની વસ્તુઓ જેમ કે લિપસ્ટીક, કાંસકી, આભુષણો વગેરેના પુરાવા મળ્યા છે. વધુમાં અહીથી વક્રાકાર ઈંટો, ચાર પૈડાવાળી ગાડી તેમજ મણકા મળી આવેલ છે
- મણકા બનાવવાની ફેકટરી મળી આવેલ છે જે અન્ય લોથલમાંથી પણ મળેલ છે
- સૌથી વિશેષ બાબત કે અહીથી માટીની પાકી પાઇપોથી બનેલી નાળીઓના પુરાવા મળી આવેલ છે

કાલી બંગન :

વર્ષ: ઇ.સ. ૧૯૫૧ (અમલાનંદ ઘોષ દ્વારા શોધાયું)

ઉત્ખનન કર્તા: ૧૯૬૧મા બી બી લાલ તેમજ બી કે થાપર દ્વારા

- રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લામાં ઘગ્ધર નદી પર મળી આવેલ નગર છે જેનો અર્થ કાળા રંગની બંગડી એવો થાય છે.
- કાલીબંગનમાથી તાંબાની મોટાપાયે નિકાસ થતી હતી જે બાજુમાં આવેલી ખેતડીની ખાણમાંથી પ્રાપ્ત થતું હતું.
- મળી આવેલ અવશેષ: અહીથી સ્મશાન, કબ્રસ્તાન તથા પાળિયાના પ્રમાણ મળી આવેલ છે. વધુમાં મણકા, માટીનાં રમકડાં, માટીનાં વાસણોનાં અવશેષ, વેલણ આકારની મુદ્રાઓ, સાત અગ્નિ વેદિકાઓ, માટી તથા કાચની બંગડીઓ મળી આવેલ છે. અહીથી વિશેષ પ્રમાણમા ખેતીના પુરાવા મળી આવેલ છે

રાખી ઘડી :

વર્ષ: ઇ.સ. ૧૯૬૩ (અમરેન્દ્ર દ્વારા શોધાયું)

ઉત્ખનન કર્તા: અમરેન્દ્ર

- હરિયાણાના હિસાર જિલ્લામાં દિલ્હીથી ૧૫૦ કિમીદુર આવેલુ સ્થળ છે .
- ૨૦૧૨માં આ સ્થળને વર્લ્ડ હેરીટેઝ ફંડ દ્વારા એશિયાના ૧૦ લુપ્તપ્રાય વિરાસત સ્થળોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે
- ધોળાવીરા બાદ મળી આવેલી સિંધુઘાટીની સૌથી મોટી સાઇટ છે
- મળી આવેલ અવશેષ: અન્નાગાર, માનવ હાડપિંજરના અવશેષો મળી આવેલા છે

બનાવલી :

વર્ષ: ઇ.સ. ૧૯૭૩ (આર એસ બિસ્ટ દ્વારા શોધાયું)

- હરિયાણાના ફતેહાબાદ જિલ્લામાં મળી આવેલુ નગર છે
- મળી આવેલ અવશેષ: ખુબ જ વધુ પ્રમાણમા જવના અવશેષ, આ સાઇટ પરથી માટીનું હળ તથા તાંબાના બાણ વિશેષ છે.

મેહરગઢ :

વર્ષ: ઇ.સ. ૧૯૭૪ (જીન ફ્રેંકોઇસ દ્વારા શોધાયું)

- પાકિસ્તાનના બલોચિસ્તાનમાં મળી આવેલ નગર
- ઇ.સ.પૂ ૭૦૦૦વર્ષ પહેલા અહીની જનસંખ્યા ૨૫,૦૦૦ની હતી જે આખા ઇજીપ્તમા વસનારા લોકોના બરાબર હતી
- અહીથી મળી આવેલી સિરામિકની મુર્તિઓ એશિયાની સૌથી જુનામા જુની મુર્તિઓ માની એક છે.

- અહી વસનારા લોકો ઘેટા બકરા પાળતા હશે તથા માછીમારીની ટેકનિક પણ જાણતા હશે.
- સૌ પ્રથમ સુતરાઉ કાપડનો ઉપયોગ મેહરગઢથી થયો હશે
- અહિયા મૃતદેહોને આભુષણો સાથે દફનાવવાનો રીવાજ હતો
- મળી આવેલ અવશેષ: ગુંથેલા વાળ વાળીસ્ત્રીનું શિલ્પ, દાંતના ડોકટરો વાપરે તેવા પ્રકારની ડ્રીલ, માટીના તુટેલા વાસણ

ગુજરાતમાં મળી આવેલા નગરો

રંગપુર (સુરેન્દ્રનગર જીલ્લો)
વર્ષ: ૧૯૩૧માં શરુઆત થઈ વ્યવ્સ્થિત ખોદકામ ૧૯૩૫ માં થયું.
ઉત્ખનન કર્તા: એમ.એસ. વત્સ (માધોસ્વરુપવત્સ)
નદી: સુકભાદર
- ગુજરાતમાં મળી આવેલ સૌપ્રથમ નગર
- મળી આવેલ અવશેષ: કાચી માટીની ઈંટો, ચોખાના અવશેષ

લોથલ (અમદાવાદ જીલ્લો)
વર્ષ: ૧૯૫૪માં શિકારીપુરા રંગનાથ રાવ દ્વારા ઉત્ખનન કરાયું.
- પશ્ચિમિ એશિયા સાથેના વેપાર માટેનું મુખ્ય બંદર હતું.
- આ સ્થળ સાબરમતી નદી તથા ભોગાવો નદીના વચ્ચે આવેલું છે.
- જુના કાળનું સમૃધ્ધ બંદર હતું વિશ્વભરમાં પ્રખ્યાત અને તેના વેપારીની ઉંચી શાખ હતી. લોથલનો વેપારી કોઈ પણ દેશમાથી શાખ પર માલ લાવી શકતો હતો
- દરવાજા મુખ્ય માર્ગો પર ખુલતા હતા. જે આ સભ્યતા માટે અપવાદ હતું પણ સામાન્યત આ એક બંદર હોવાથી ત્યાં રહેણાંકના મકાનો કરતાં ગોડાઉન વધારે હતા. આ નગર એક સંયુક્ત કિલ્લા જેવું હતું
- કોલારની ખાણમાંથી સોનું ઇમ્પોર્ટ થયું હતુ અને લોથલથી બીજા દેશોમાં એનો વેપાર થતો હતો.

મળી આવેલ અવશેષો:
- જહાજ લાંગરવાનું ડોકયાર્ડ, હાથીદાંતની માપપટ્ટી
- મણકા બનાવવાનો ઉધોગનાં પુરાવા
- સ્ત્રી પુરુષની જોડીયા કબરો (ત્રણ)
- ધાન્યનું ભુસુ, દિશા માપવાનુ યંત્ર, તાંબાનુ કુતરા જેવા પ્રાણીની પ્રતિકૃતિ
- ઇરાની મુદ્રાનાં અવશેષ તથા ચોખાનાં ખાસ અવશેષ મળી મળી આવ્યા છે જે કાળા પડી ગયેલા હતા.


સુરકોટડા (કચ્છ જીલ્લો)
ઉ. કર્તા: જગતપતિ જોષી (જે.પી.જોષી)
વર્ષ:૧૯૬૪
મળી આવેલ અવશેષ: ઘોડાના અવશેષ તથા વિશિષ્ટ પ્રકારની કબર
(અપવાદ) અહીંથી મળી આવેલ ઘોડાના અવશેષ આ સભ્યતા માટે અપવાદ સ્વરૂપ હતાં. આખી સભ્યતામા માત્ર અહીંથી જ આ પ્રકારના અવશેષ પ્રાપ્ત થયા છે. એવો અંદાજ લગાવી શકાય કે કોઈ વિદેશી મુસાફર ઘોડા પર બેસી આવ્યો હોય અને અહીં આવ્યા બાદ ઘોડાનું કોઈ કારણસર મૃત્યુ થયું હોય. કારણ જે પણ હોય પણ આ સભ્યતા માટે આ એક અપવાદ હતો.

માલવણ (સુરત જીલ્લો)
નદી: તાપી
વર્ષ: ૧૯૬૭

ઉ.કર્તા: જે.પી.જોષી અને એફ.આર.આલ્ચીન
મળી આવેલ અવશેષ: તાંબા તથા કાંસાની વસ્તુઓ, નાની લાકડી (સળીયો) તથા કંકણ(બંગડી)

ધોળાવીરા (કચ્છ) ખડીર બેટ તાલુકો - ભચાઉ
વર્ષ:૧૯૬૭થી ૧૯૬૮ વચ્ચે શોધાઈ
(શોધક જે.પી.જોષી)
વર્ષ:૧૯૯૦થી ખોદકામ ચાલુ થયું.
ઉત્ખનનકર્તા: રવિન્દ્રસિંહ બિસ્ટ

- કચ્છમાં આ નગર કોટડા તરીકે ઓળખાય છે
- ત્રણ ભાગમાં વહેંચાયેલુ નગર
- બાંધકામમાં પત્થરોનો ઉપયોગ
- સૌથી લાંબો ૧૦ ચિન્હોવાળો શિલાલેખ મળી આવ્યો
- મકાનો ગોળકાર ભુંગા આકારના
- રમતનું મેદાન મળી આવેલ છે.
- પાણીનો સંગ્રહ કરી તેનો ઉપયોગ કરવાની વોટર હર્વેસ્ટીંગ સિસ્ટમ મળી આવેલ છે.
- વધુમાં અહીંથી આ સભ્યતાના ૧૦ ચિન્હો મળી આવેલ છે.



આ સિવાય પણ ગુજરાતમા રોજડી, કુંતાસી, લાખાબાવળ, આમરા, પ્રભાસ, શિકારપુરા, કોટ, પેઢામલી જેવા અનેક નગરો મળી આવ્યા છે. આશરે ૧૦૦૦થી પણ વધુ સાઇડ મળી આવેલ છે એનો મતલબ એવો થાય કે ગુજરાતનો મોટો ભાગ આ સભ્યતાના પ્રભાવ હેઠળ રહ્યો હશે. મળી આવેલ નગરો તે સમયની ભવ્યતાનું વર્ણન કરે છે હડપ્પાથી ઉત્ખનનની શરૂઆત આજે ૨૦ લાખ વર્ગ કિમી સુધી પહોચી છે. તે સમયની આ ભવ્યતા આજે પણ આપણને એ વિચારતા કરી મૂકે છે કે શું એ લોકો રહ્યાં હશે અને આટલી ભવ્યતા બાદ આવી સભ્યતાનો નાશ કેમ થયો હશે. ઇતિહાસકારોના મતે આના ઘણા બધા જુદાજુદા કારણો રહ્યા છે જેમ કે પૂર અથવા તો દુષ્કાળ, ક્લાઈમેટ ચેન્જની અસરો, ધરતીકંપ અને વધુમાં આર્યોનું આગમન આમ આવા કારણોસર આ સભ્યતા વિલુપ્ત થઈ. મોહેન્જોદરોમાંથી મોટી માત્રામાં સામુહિક હાડપિંજરો મળી આવેલા છે જે એ બાબતનું સુચવે છે કે સામુહિક હત્યા થઇ હોય અથવા તો અચાનક કોઇ મોટા હુમલા થયા હોય. હવે જોવાનું એ રહ્યું કે ભવિષ્યમાં એની વણઉકલી લિપી ઉકેલી શકાય તો આ સભ્યતાના વણઉકેલ્યા રહસ્ય પરથી પડદો ઉઠાવી શકાશે અને જો એવુ બનશે તો ઇતિહાસ આપણને ઘણું બધુ શિખવાડશે.

હડપ્પીય બંદર લોથલ

લેખક : સુભાષ બ્રહ્મભટ્ટ

લોથલનો ટીંબો ભોગાવો અને સાબરમતી નદીના નીચાણનાં ભાગમાં ધોળકા તાલુકાનાં ભુરખી રલ્વે સ્ટેશન પાસે આવેલો છે. રેલ્વે અને રોડ દ્વારા અમદાવાદથી ૮૫ કિ.મી દૂર ભાવનગર જવાના માર્ગમાં આવેલું છે. હાલમાં લોથલનો વિસ્તાર સમુદ્રથી દૂર આવેલો છે પણ પ્રાગૈતિહાસિક કાલમાં તે સમુદ્રથી માત્ર પાંચ કિ.મીનાં અંતરે જ હતો. અવશેષો તપાસતા જણાય છે કે વહાણો લાંગરવા માટે કુત્રિમ ધક્કો (ડોકયાર્ડ) બાંધવામાં આવ્યો હતો. દેશ-વિદેશ સાથે એના દરિયાઈ માર્ગે વેપાર ચાલતો હતો. નગરમાંથી ઉત્પાદિત થયેલી ચીજ-વસ્તુઓ આ કુત્રિમ ધક્કામાં આવેલા વહાણોમાં લાદવામાં આવતી અને દુર દરિયામાં ઉભેલી મોટી બોટમાં તે સામાન ચડાવીને પરદેશ મોકલવામાં આવતો અને એ જ રીતે જુદી જુદી ચીજ-વસ્તુઓની આયાત પણ કરવામાં આવતી. ટૂંકમાં લોથલ એક સમૃધ્ધ બંદર હતું. વહાણમાં ચડાવવાના માલ સામાન માટે અહીં પાકી ફરસબંધીવાળી છાપરાયુક્ત વખાર બાંધવામાં આવી હતી. વારંવાર આવતા પૂરની સામે નગરનું રક્ષણ કરવા કાચી ઇંટની ઉંચી દિવાલ પણ બંધાવી હતી.



નગરના ઉત્તર ભાગમાં શહેરનું મુખ્ય બજાર, અગ્નિ ખૂણામાં ઉંચો ઉપરકોટ તેમજ આ ઉપરકોટની પશ્ચિમે કારીગરો, ખેડૂતો અને વેપારીઓના મકાન નીચી પીઠીકાઓ ઉપર બાંધવામાં આવ્યા હતા. દરેક નાના-મોટા રહેણાંક ઘરોમાં પાકી ફરસવાળી સ્નાનગૃહ અને ઇંટોની ફરસવાળી ગટરોમાં ગંદુ પાણી ખાળ કોટડીમાં ઠલવાતું. સમગ્ર ઘરાળું કચરો અને વરસાદી પાણી નગરમાંથી બહાર નીકળી જાય તેવી સર્વાંગ સંપુર્ણ વ્યવસ્થા હતી. નગરના બે રસ્તા સીધી લીટીમાં કાટખૂણે છેદતા અને વાહનો સામ-સામે પસાર થઈ શકે તેટલા પહોળા હતાં. ધોરી રસ્તા અને શેરીઓ સીધી લીટીમાં પસાર થતી અને એકબીજાને કાટખૂણે કાપતા.

અનુસંધાન પેજ નંબર ૭૯



સામાન્ય નાગરિકોના મકાનો ઉંચી પીઠીકાઓ ઉપર બાંધવામાં આવતા. પકલેવી ઇંટો, ડોકયાર્ડ અહીની ગટરો અને સ્નાનખંડોમાં તેમજ ઉપરકોટના મહત્વના મકાનોના ઉપલા ભાગમાં વપરાતી. અહીંનું ગટર આયોજન આજની આધુનિક પધ્ધતિને ટક્કર મારે તેવું હતું. ગમે તેટલા વરસાદમાં ક્યાંય પાણી ન ભારી રહે અને નગરનું પાણી બહાર નીકળીને નદીમાં ભળી જાય તેવી વ્યવસ્થા હતી.

અહી વ્યવસાયિક ભઠ્ઠીઓ હતી. તામ્રકારો તાંબાના ગઠ્ઠાઓ ગાળવા માટે ઓજારો તેમજ ઘરેણાં ઢાળવા માટે લંબચોરસ અને ગોળ ભઠ્ઠીનો ઉપયોગ કરતા. એમ કહેવાય છે કે લોથલના કારીગરોનું નકશીકામ અપૂર્વ હતું. ધાતુવિદ્યા અને સોના ચાંદીના ઘરેણાંની નકશીકામમાં તેઓ અવ્વલ દરજ્જાના કારીગરો હતાં. લોથલમાંથી આભૂષણોના અનેક પ્રકારના નમૂના મળ્યા છે, એમાં કંઠહાર, લટકણીયા, વાળીઓ, વીંટીઓ, વલયો અને બંગડીઓનો સમાવેશ થતો. વળી, અર્ધકિંમતી પથ્થરો, સોનું, તાંબું, છીપ, હાથીદાંત વગેરેના મણકા પણ નોંધપાત્ર છે. આ મણકાઓ ઉપર ચળકાટ લાવવાનો વ્યવસાય અહીં વ્યાપકપણે થતો અને તેની નિકાસ પણ થતી. લોથલના લોકો ધાતુને બદલે પથ્થરનો ઉપયોગ વિશેષ કરતાં અને તેના ઘરેણાં પણ બનાવતા. કેટલાંક ઓજારો તાંબા અને કાંસાના પણ બનાવતા. લોથલમાંથી પકવેલી માટીના અનેક શિલ્પો મળ્યા છે, જેમાં બાળકોને રમવાનાં રમકડાં તથા પૂજા માટે ઉપયોગમાં લેવાતી મૂર્તિઓ નોંધપાત્ર છે. પકવેલી માટીના શિલ્પોમાં ઘરાળુ અને જંગલી પશુઓ વિશેષ પ્રમાણમાં મળે છે. લોથલમાંથી મળેલ સેલખડીની મુદ્રાઓ અને નકશીકામના સર્વોત્તમ નમૂનાઓ આપણને મળ્યા છે. શિંગડાવાળા પશુ અને ખુંધ વિનાના આખલાની નાની આકૃતિઓ ધ્યાનાકર્ષક છે. અહીથી મળેલી હાથીની આકૃતિઓ દર્શાવે છે કે આ પ્રજા હાથીનો ઉપયોગ કરતી હશે, જે મહંદ્દ અંશે ભાર ખેંચવામાં કે વજન ઉંચકાવામાં અથવા નદી પાર કરવામાં મદદરૂપ થતા હશે.

લોથલનું સ્મશાન નગરના વાયવ્ય ભાગમાં આવેલું હતું. ઉત્ખનનોમાં માનવોનાં ૨૧ હાડપિંજર પ્રાપ્ત થયાં છે. દફનોમાં શબને ઉત્તરમાં માથું રહે તે રીતે પૂરેપૂરું લંબાવીને મૂકવામાં આવતું. શબની સાથે કેટલીક ચીજો પણ મૂકવામાં આવતી. એક ખોપરીમાં છેદન કરેલું મળે છે, જે શસ્ત્રક્રિયાનું સૂચક છે. મુદ્રાઓમાં તથા મૃત્પાળો ઉપર જે લખાણો કોતરેલા કે ચીતરેલાં છે તે સિંધુ લિપિનું વિકસિત સ્વરૂપ ધરાવે છે. એમાં એકંદરે માત્ર ૯૫ ચિહ્નો મળ્યાં છે, જેમાંથી ૨૯ જ મૂળ ચિહ્ન છે. આ લિપિ હજી ચોક્કસપણે ઉકેલી શકાઈ નથી. કાર્બન ૧૪ની પધ્ધતિ દ્વારા થયેલા પરીક્ષણ પરથી લોથલના પુરાવશેષોનો સમય એની આરૂઢ અવસ્થામાં ઈ.સ. પૂર્વે ૨૪૫૦થી ઈ.સ.પૂર્વે ૧૯૦૦નો અને ઉત્તરકાલિન અવનત અવસ્થામાં ઈ.સ.પૂર્વે ૧૯૦૦થી ૧૬૦૦નો આંકવામાં આવ્યો છે. લોથલનાં વેપારીઓએ દેશની અંદરનો તેમજ સમુદ્રપારના વિદેશો સાથેનો વેપાર વિકસાવ્યો હતો. ઈ.સ.પૂર્વે ૧૯૦૦ના અરસામાં પૂરોને લીધે લોથલની વસાહતની પડતી થઈ હતી, પરંતુ પછી ત્યાં જલદી પાછો વસવાટ થઈ ગયો હતો જે આગળ જતા ઈ.સ. પૂર્વે ૧૬૦૦ના અરસામાં આ વસાહતનો સંદતર લોપ થયો.

અતુલ્ય વારસો®

Know Your Identity

Keep in touch with us to Subscribe Atulya Varso "Digital Edition" by:


9825129703, 9328312363


atulyavarso


@AtulyaVarso001


atulyavarso.magazine


atulyavarso@gmail.com


atulyavarsomagazine


www.atulyavarso.com